# આદર્શ સુધારક
# દયાનંદ

દેવેન્દ્રનાથ મુખોપાધ્યાય

અનુવાદક

કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી



# આદર્શ સુધારક દયાનંદ

મૂળ બંગાળી લેખક

## દેવેન્દ્રનાથ મુખોપાધ્યાય

અનુવાદક

## દીવાન બહાદુર શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી

(એમ. એ., એલએલ. બી.)

thearyasamaj.org

સંપાદક

**ભાવેશ મેરજા**

● પ્રકાશક ●

**આર્યસમાજ**

નવાડેરા - ભરૂચ - ૩૯૨૦૦૧

**આદર્શ સુધારક દયાનંદ** - મૂળ બંગાળી પુસ્તકનો ગુજરાતી અનુવાદ

**મૂળ બંગાળી લેખક :** પં. દેવેન્દ્રનાથ મુખોપાધ્યાય

**અનુવાદક :** દીવાન બહાદુર શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી
(એમ. એ., એલએલ. બી. )

**સંપાદક :** ભાવેશ મેરજા

**પ્રકાશક :** આર્યસમાજ, નવાડેરા - ભરૂચ - ૩૯૨૦૦૧

**પડતર કિંમત :** રૂ. ૧૦.૦૦

**ગુજરાતી સંસ્કરણ :** ચોથું, ૫૦૦૦ પ્રત,
મહર્ષિ દયાનંદનો ૧૩૦મો નિર્વાણ દિન
દીપાવલી સં. ૨૦૬૯, નવેમ્બર ૨૦૧૩

**મુદ્રક :** ક્રિસ્ટલ ફોર્મ્સ લિમિટેડ - અંકલેશ્વર

thearyasamaj.org

# પ્રાક્કથન

ઓગણીસમી સદીના મહાન ધર્મ સુધારક તથા ભારતીય નવજાગૃતિના અગ્રદૂત સ્વામી દયાનંદ સરસ્વતીનાં જીવન, વ્યક્તિત્વ અને વિચારોનું સૌપ્રથમ સશક્ત મૂલ્યાંકન કરનાર લેખકનું નામ હતું - પં. દેવેન્દ્રનાથ મુખોપાધ્યાય. તેઓ મૂળ બંગાળી લેખક હતા. સ્વામી દયાનંદના મૃત્યુનાં ચૌદ વર્ષ બાદ (ઈ.સ. ૧૮૯૭માં) તેમણે સ્વામીજીનું એક જીવનચરિત્ર બંગાળીમાં લખી પ્રકાશિત કર્યું હતું. એ ગ્રંથની 'અવતરણિકા'માં તેમણે દયાનંદના આવિર્ભાવની પૃષ્ઠભૂમિનું સારગર્ભિત વિવેચન કર્યું છે અને વિશ્વની વિભિન્ન ધર્મ-પ્રણાલીઓની તુલનાત્મક સમીક્ષા કર્યા બાદ આર્ય ધર્મની શ્રેષ્ઠતાનું પ્રતિપાદન કર્યું છે. દેવેન્દ્રનાથે દયાનંદના જીવન વિષયક તથ્યોનું અન્વેષણ કરવાનો અને તેને ગ્રંથ રૂપે પ્રસ્તુત કરવાનો પ્રયાસ તો કર્યો જ, પરંતુ તે ઉપરાંત તેમણે આ મહાપુરુષના વ્યક્તિત્વ અને તેમના ચિંતનનું સટીક વિશ્લેષણ કરવાનો પણ ભગીરથ પુરુષાર્થ કર્યો. દયાનંદના વિચારોનું ગુરુતમ વિશ્લેષણ તેમના દ્વારા રચિત (૧૮૯૭ અને ૧૯૩૩માં પ્રકાશિત) દયાનંદ-ચરિતોની ભૂમિકાઓમાં તો આવ્યું જ, પરંતુ એ ઉપરાંત તેમણે દયાનંદ વિષયક એક લઘુ પુસ્તક પણ બંગાળીમાં લખ્યું, જેનું શીર્ષક હતું - 'હિન્દુર આદર્શ સંસ્કારક દયાનંદ'. ૧૮૯૯માં પ્રકાશિત આ બંગાળી પુસ્તકનો હિંદી અનુવાદ સ્વામી અનુભવાનંદે કર્યો હતો. એ હિંદી પુસ્તકની ભૂમિકા પરથી જ્ઞાત થાય છે કે હિંદી અનુવાદનું કાર્ય ૧૯૧૬માં (સં. ૧૯૮૯માં) પૂરું થયું હતું. એ હિંદી અનુવાદ ૧૯૩૨માં પ્રસિદ્ધ પ્રકાશક સંસ્થા 'ગોવિંદરામ હાસાનંદ' દ્વારા કલકત્તાથી પ્રકાશન પામ્યો હતો. બાદમાં છેક ૨૦૦૧માં એ જ પ્રકાશકે આ હિંદી અનુવાદ દિલ્હીથી પુનઃ પ્રકાશિત કર્યો હતો.

સ્વામી દયાનંદના વિચારો અને કાર્યોની વિવેચનામાં દેવેન્દ્રનાથ મુખોપાધ્યાય અદ્વિતીય પ્રતીત થાય છે. આ પુસ્તક સ્વામી દયાનંદના સુધાર કાર્યો વિષયક છે. એટલા માટે લેખકે હિંદુ સુધારકમાં શાસ્ત્રાપેક્ષિતા અને સંન્યાસ - આ બે તત્ત્વોનું હોવું જરૂરી માન્યું છે. હિંદુ સમાજ મુખ્યતઃ શાસ્ત્રાનુગામી (વેદાનુગામી) છે. તે પોતાના કર્તવ્ય-અકર્તવ્યના નિર્ધારણમાં શાસ્ત્રોની મદદ લે છે અને તેને જ સર્વોપરી પ્રમાણ માને છે. દયાનંદની સફળતાના મૂળમાં પણ તેમનું શાસ્ત્રાનુગામી હોવું જ હતું. કબીર વગેરે મધ્યયુગીન સંતોના ચિંતનમાં પણ રૂઢિઓનું ખંડન અને ધાર્મિક સુધારણાનો સ્વર સાંભળવા મળે છે, પરંતુ શાસ્ત્ર-વિરોધનો (તેનાં કારણો ભલે ગમે તે રહ્યાં હોય) ઝંડો ઉઠાવી રાખવાને કારણે તેઓ પોતાના ઉદ્દેશ્યમાં અધિક કૃતકાર્ય થઈ શક્યા નહિ. દયાનંદના સમકાલીન કેશવચંદ્ર સેનને તેમ જ તેમના થોડા સમય બાદના સ્વામી વિવેકાનંદને પણ ધર્મ-સુધારણાના કાર્યમાં અપેક્ષિત સફળતા ન મળી, તેની પાછળનું મુખ્ય કારણ પણ તેઓનું શાસ્ત્રોથી અનભિજ્ઞ હોવું જ હતું. કેશવબાબુ તો સંસ્કૃત વિદ્યાથી સર્વથા અનભિજ્ઞ - અજાણ હતા અને તેમનો ઝોક પણ ખ્રિસ્તી મત તરફ અધિક હતો, પરંતુ સ્વામી વિવેકાનંદે તો વેદાંતાદિ દર્શનોનું સમ્યક્ પરિશીલન કર્યું હતું, છતાં પણ આર્ય જાતિ માટે સર્વમાન્ય એવા વેદોનું તેમનું અધ્યયન પલ્લવગ્રાહી (ઉપરચોટિયું) જ હતું. શાસ્ત્રોને લઈને જેવી દયાનંદે વેદો તરફ પાછા વળવાની વાત કહી દેશવાસીઓને અપીલ કરી અને જેને જનસાધારણે

સ્વીકાર કરી તેવી અપીલ વિવેકાનંદ કરી શક્યા નહિ. સુધારકનું સંન્યાસી હોવું (વિસ્તૃત અર્થમાં ત્યાગ-વૈરાગ્ય-સંપન્ન હોવું) એ પણ દેવેન્દ્રનાથે જરૂરી માન્યું છે. હિંદુઓની ધાર્મિક અને સામાજિક સુધારણામાં રાજા રામમોહન રાય, કેશવચંદ્ર સેન, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, મહાદેવ ગોવિંદ રાનાડે ઈત્યાદિએ ખૂબ જ રસ દાખવ્યો હતો, પરંતુ એ તમામ મહાપુરુષો મુખ્યતઃ ગૃહસ્થી અને સંસારી જ હતા, જેને કારણે એક ત્યાગ-વૈરાગ્ય-સંપન્ન સંન્યાસીના કથનમાં જે વજન હોય છે, તેનો એ લોકોની વાણીમાં અભાવ હતો. દેવેન્દ્રનાથ એ લોકોની તુલનામાં શંકરાચાર્ય, રામાનુજ અને ચૈતન્ય વગેરેની સુધાર-પ્રવૃત્તિઓની અધિક પ્રશંસા કરે છે; કારણ કે આ એવા લોકો હતા કે જેઓ પોતાના તીવ્ર વૈરાગ્યને કારણે અગણિત લોકોની શ્રદ્ધાના પાત્ર બની ગયા હતા. દેવેન્દ્રનાથે દયાનંદના ચરિત્રમાં જે અન્ય વિશેષતાઓ બતાવી છે, તે છે - સ્વ-જાતિની વિશેષતાઓની ઓળખ, સ્વ-જાતિ-પ્રેમ, સ્વ-જાતિના રક્ષણમાં અભિરુચિ, સત્યનિષ્ઠા અને સત્યની વિજયિની શક્તિમાં અટલ વિશ્વાસ. ટૂંકમાં, લેખકે આ પુસ્તકમાં દયાનંદની ચારિત્રિક વિશેષતાઓની સમગ્ર સમીક્ષા પ્રસ્તુત કરી છે.

દયાનંદના જીવનચરિત્ર-લેખન સંબંધી કાર્યમાં દેવેન્દ્રનાથ મુખોપાધ્યાયનું યોગદાન સાચે જ અવિસ્મરણીય છે. જો તેમણે પોતાના જીવનનાં અનેક અમૂલ્ય વર્ષો લગાવીને દયાનંદના જીવનચરિત્રની આધારભૂત સામગ્રીનો સંગ્રહ ન કર્યો હોત અને તેને વ્યવસ્થિત ગ્રંથનું રૂપ ન આપ્યું હોત, તો એ બિલકુલ સત્ય છે કે સ્વામી દયાનંદના જીવનનો મહત્ત્વપૂર્ણ અંશ હંમેશને માટે અંધકારમાં જ રહી જાત. દેવેન્દ્રનાથ શરૂઆતમાં બ્રહ્મસમાજના અનુયાયી હતા, પરંતુ બાદમાં વૈદિક ધર્મના અનુયાયી થઈ ગયા હતા. આશ્ચર્યની વાત એ પણ છે કે સ્વામી દયાનંદના વ્યક્તિત્વના વિશિષ્ટ અધ્યેતા, વ્યાખ્યાતા અને પ્રશંસક એવા દેવેન્દ્રનાથ આર્યસમાજના ઔપચારિક સભ્ય પણ ન હતા.

મહર્ષિ દયાનંદ વિષયક આ અત્યંત મહત્ત્વપૂર્ણ બંગાળી પુસ્તકનો પ્રામાણિક ગુજરાતી અનુવાદ ૧૯૧૦માં (સં. ૧૯૬૬માં) દીવાન બહાદુર રા.રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ કર્યો હતો, જેની પ્રથમ આવૃત્તિ પ્રસિદ્ધ આર્યશ્રેષ્ઠી શ્રી શૂરજી વલ્લભદાસ (મુંબઈ) દ્વારા પ્રકાશિત કરવામાં આવી હતી. તેની બીજી આવૃત્તિ ૧૯૪૯માં (સં. ૨૦૦૫માં) શ્રી કાંતિલાલ ગીરધરલાલ શાહ દ્વારા વડોદરાથી પ્રકાશિત થઈ હતી. બાદમાં સૈજપુર બોઘા (અમદાવાદ) આર્યસમાજના ‘સ્વસ્તિપંથા’ માસિકના વિશેષાંક રૂપે આ જ પુસ્તક નવેમ્બર ૧૯૯૮માં પ્રકાશિત કરવામાં આવ્યું હતું. હવે તેની ચોથી સંશોધિત ગુજરાતી આવૃત્તિ શ્રી ભાવેશ મેરજા દ્વારા સંપાદિત થઈ ભરૂચ આર્યસમાજ તરફથી પ્રકાશિત થઈ રહી છે, જે સાચે જ પ્રશંસનીય છે.

આશા છે કે આ પુસ્તકના માધ્યમથી ગુજરાતી પાઠકવર્ગ મહર્ષિ દયાનંદના વિરાટ વ્યક્તિત્વ તથા ધર્મ અને સમાજના મહાન સુધારક તરીકેના તેમના અવિસ્મરણીય યોગદાનથી અવશ્ય પરિચિત થશે.

‘શાંતિ નિકેતન’, ૩-૫ શંકર કોલોની,
શ્રીગંગાનગર (રાજસ્થાન) - ૩૩૫૦૦૧

- **(ડૉ.) ભવાનીલાલ ભારતીય**
૧૯.૧૦.૧૩

# પ્રસ્તાવના

ઘણાં વર્ષની અને અપૂર્વ મહેનતને પરિણામે બાબુ દેવેન્દ્રનાથ મુખોપાધ્યાય સ્વામી દયાનંદ સરસ્વતીનું એક મોટું ચરિત્ર લખવામાં રોકાયેલા છે. તે પુસ્તકના એક અંશ તરીકે બંગાળીમાં પોતે એક નાનું પુસ્તક રચેલું. તેનું ભાષાંતર કરવા માટે પોતે મને કહેલું, અને તેથી આ સાથેનું ગુજરાતી ભાષાંતર મેં કરી આપેલું છે.

મુંબઈ **કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી**

તા. ૭.૮.૧૯૧૦

thearyasamaj.org

## લેખક-પરિચય

# દેવેન્દ્રનાથ મુખોપાધ્યાય

સ્વામી દયાનંદના સંબંધમાં ગંભીર અન્વેષણ કરવાનો તથા તેમના વ્યક્તિત્વને વિરાટ ફલક પર પ્રસ્તુત કરવાનો પ્રશંસનીય પ્રયાસ કરનાર શ્રી પં. દેવેન્દ્રનાથ મુખોપાધ્યાય વિશે આપણી જાણકારી અતિ અલ્પ છે. એટલે સુધી કે આજ પર્યંત તેમનો એક ફોટો કે ચિત્ર પણ પ્રાપ્ત થઈ શક્યું નથી. શરૂઆતમાં તેઓ બ્રહ્મસમાજી હતા, પરંતુ સ્વામી દયાનંદના જીવન અને વિચારોથી પરિચિત થયા બાદ તેઓ સ્વયંને વૈદિક ધર્મના અનુયાયી કહેતા હતા. છતાં એ પણ હકીકત છે કે તેઓ આર્યસમાજના વિધિવત્ સભ્ય ક્યારેય નથી રહ્યા. તેમણે પ્રખ્યાત બંગાળી સાહિત્યકાર તથા રાજનીતિજ્ઞ રમેશચંદ્ર દત્તના અનુરોધ પર દયાનંદના જીવન વિષયક અનુસંધાનનું કાર્ય આરંભ કર્યું હતું. તેમણે પોતાના જીવનનાં લગભગ પંદરેક વર્ષ દયાનંદ વિષયક તથ્યોની શોધ કરવામાં તથા તદ્‌વિષયક સામગ્રીનો સંગ્રહ કરવામાં લગાવ્યાં. આ માટે તેમણે ભારતના એ તમામ સ્થાનોમાં જઈ વિસ્તૃત ભ્રમણ કર્યું, જ્યાં સ્વામી દયાનંદ પોતાના જીવનકાળમાં ગયા હતા. દેવેન્દ્રનાથ નિર્ધન વ્યક્તિ હતા. સ્વ-લિખિત પુસ્તકોના વેચાણમાંથી તેમને થોડીક આવક થતી હતી, એ જ આજીવિકાનું એક માત્ર સાધન હતું. કેટલાક બંગાળી સાહિત્યકાર મિત્રો પણ તેમની મદદ કરતા હતા. કોઈ કોઈ વાર આર્યસમાજીઓ તરફથી પણ નાની-મોટી સહાય મળતી હતી. આ રીતે જે કંઈ દ્રવ્ય મળતું તેમાંથી પોતાનો ગુજારો કરતા અને દયાનંદનું જીવનચરિત્ર લખવાની આધારભૂત સામગ્રી એકત્રિત કરવામાં પણ ખર્ચ કરતા. એવી સ્થિતિ હોવા છતાંય દયાનંદ-ચરિત વિષયક તથ્યોનો સંગ્રહ કરવામાં તેમણે જે લગન, પરિશ્રમ અને સમર્પણનો પરિચય આપ્યો તે સર્વથા સ્તુત્ય છે. તદ્દન સાધનશૂન્ય હોવા છતાંય ફક્ત દયાનંદ પ્રત્યેની અનન્ય નિષ્ઠા અને તેમનાં સાર્વભૌમ મંતવ્યો પ્રત્યે શ્લાઘા ભાવ હોવાને કારણે જ દેવેન્દ્રનાથે આ પુણ્ય સારસ્વત કાર્ય કર્યું. આર્યસમાજ કલકત્તાના પ્રધાન રાજા તેજનારાયણસિંહે આ કાર્યમાં દેવેન્દ્રનાથને આર્થિક સહાય કરી હતી. તેઓ

બંગાળીના ઉચ્ચ કોટિના સાહિત્યકાર હતા. અનેક સુંદર પુસ્તકો લખી તેમણે બંગાળી સાહિત્યના કોશની વૃદ્ધિ કરી છે. તેમના લેખનમાં સર્વત્ર પરિપક્વ વિદ્વત્તા, નિર્ણાયક શક્તિ અને મૌલિક શોધ-પ્રવૃત્તિનાં દર્શન થાય છે. ચરિત્રલેખનમાં તેઓ સિદ્ધહસ્ત હતા. દયાનંદનું જીવનચરિત્ર લખતાં પહેલાં તેમણે ઈસાઈ સંત પૉલનું એક સુપાઠ્ય જીવનચરિત્ર લખ્યું હતું. આ કાર્ય માટે દેવેન્દ્રનાથ દયાનંદના સમકાલીન અને તેમના સંપર્કમાં આવનારા અનેકાનેક લોકોને જઈ જઈને મળ્યા, તેમના વિચારો જાણ્યા અને તેની નોંધ કરી અને જે લોકોનો પ્રત્યક્ષ સંપર્ક ન થઈ શક્યો તેમની સાથે પત્રવ્યવહાર કર્યો અને તત્કાલીન પત્ર-પત્રિકાઓમાં પ્રકાશિત દયાનંદ વિષયક સમાચારો, ટિપ્પણીઓ અને વિવિધ સંદર્ભો એકત્રિત કર્યાં. દયાનંદના જીવનની એક એક ઘટનાની જાણકારી પ્રાપ્ત કરવા માટે તેઓ સેંકડો ગાઉની યાત્રા કરવા અને સેંકડો રૂપિયાનો વ્યય કરવા હંમેશાં ઉદ્યત રહેતા. દયાનંદ-જીવનની ચિંતા તેમને દિવસ-રાત ઘેરી રહેતી. મેરઠના આર્યસમાજીઓ સમક્ષ એક પ્રસંગે તેમણે વિધાન કર્યું હતું કે, “આપ લોકો દયાનંદના અનુયાયી હોવાનો દંભ તો કરો છો, પરંતુ વાસ્તવમાં આપ લોકો દયાનંદનું મૂલ્ય જાણતા નથી, તેને પ્રેમ કરતા નથી. શું આપ લોકોમાં કોઈ એવી વ્યક્તિ છે કે જે દયાનંદના નામ પર ફના થવા તૈયાર હોય ? હું ગર્વ તો નથી કરતો, પરંતુ જરૂર પડે તો હું દયાનંદના નામ પર મારું માથું આપવા પણ તૈયાર છું.” આ કાર્ય કરતાં પહેલાં ૧૮૯૭માં તેઓ સ્વામીજીનું એક જીવનચરિત્ર બંગાળીમાં લખી ચૂક્યા હતા, પરંતુ હવે એકઠી કરેલી આ સઘળી સહાયક સામગ્રીના આધારે તેમનું એક વિશદ જીવનચરિત્ર લખવાનું લક્ષ્ય બનાવીને તેઓ કાશી આવ્યા. તેમનું અનુમાન હતું કે એકઠી કરેલી દયાનંદ વિષયક આ સંપૂર્ણ સામગ્રીનો સમાવેશ કરતું જીવનચરિત્ર લખવામાં લગભગ બે વર્ષનો સમય લાગશે અને એ બધું લગભગ ત્રણ ખંડોમાં માંડ સમાવી શકાશે. તેમણે એક વિશદ અને વિવેચનાત્મક ભૂમિકાની સાથે લગભગ ૧૯૧૫ કે ૧૯૧૬માં આ જીવનચરિત્રનું લેખનકાર્ય આરંભ કર્યું, પરંતુ હજુ તો શરૂઆતના ચાર જ અધ્યાય (દંડી વિરજાનંદની પાઠશાળામાં દયાનંદનું અધ્યયન સુધીના) લખ્યા હતા એટલામાં પક્ષઘાતના તીવ્ર આક્રમણને કારણે તેમનું કાશીમાં ૧૦ જાન્યુઆરી ૧૯૧૭ના રોજ આકસ્મિક નિધન થઈ ગયું. કાર્ય અધૂરું રહી ગયું. બાદમાં તેમના મિત્ર અને પ્રસિદ્ધ આર્યસમાજી વિદ્વાન મેરઠ નિવાસી પં. ઘાસીરામે તેમણે એકઠી કરેલી એ અમૂલ્ય ઇતિહાસ સામગ્રીનો ઉપયોગ કરી દયાનંદ-ચરિતનું લેખનકાર્ય પૂર્ણ કર્યું. જો દેવેન્દ્રનાથ દયાનંદ-ચરિતને પૂરું લખી શક્યા હોત તો સાહિત્ય તેમ જ ઇતિહાસ બંનેની દૃષ્ટિએ નિઃસંદેહ એ એક અલૌકિક ગ્રંથ બન્યો

હોત. ન જાણે કેટકેટલી વાતો અને વિચારો તેમના મસ્તિષ્કમાં જ રહી ગયાં હશે, જે તેમના મૃત્યુની સાથે જ લુપ્ત થઈ ગયા હશે. દેવેન્દ્રનાથે દયાનંદ વિશે જે વિશિષ્ટ તથ્યોનું અનુસંધાન કર્યું તેમાં તેમના પિતાજીના નામની સાચી જાણકારી તથા તેમના જન્મસ્થાન ટંકારા ગામનો નિર્ણય અતિ મહત્ત્વપૂર્ણ છે. જો તેઓ આ કાર્યમાં પૂરા સમર્પણથી ન લાગ્યા હોત તો દયાનંદનું લોકવિશ્રુત જીવનવૃત્ત જિજ્ઞાસુઓને અનુપલબ્ધ જ રહ્યું હોત. ડૉ. ભવાનીલાલ ભારતીયે ઠીક જ કહ્યું છે કે જેમ અંગ્રેજીના મહાન સાહિત્યકાર, સમાલોચક અને શબ્દકોશ પ્રણેતા ડૉ. સેમ્યુઅલ જૉન્સનનું વિસ્તૃત ગવેષણાપૂર્ણ જીવનચરિત્ર લખનાર જેમ્સ બૉસવેલ પોતાના એ કાર્ય દ્વારા અમર થઈ ગયા, તે જ રીતે વિલુપ્ત-પ્રાયઃ વૈદિક અધ્યયનને પુનરુજ્જીવિત કરી વિશ્વમાં આર્ય ધર્મ અને વૈદિક સંસ્કૃતિનો પુનઃ પ્રચાર કરનાર સ્વામી દયાનંદના જીવન વિષયક ઈતસ્તતઃ વિકીર્ણ સૂત્રો, સ્રોતો અને ઉપાદાનોને અનન્ય નિષ્ઠા, મહાન અધ્યવસાય અને અહર્નિશ અનુસંધાન બાદ સંસાર સમક્ષ પ્રસ્તુત કરી દેવેન્દ્રનાથ મુખોપાધ્યાય પણ સ્વયંને અમર કરી ગયા છે.

**દેવેન્દ્રનાથ મુખોપાધ્યાય રચિત દયાનંદ વિષયક સાહિત્ય :**

૧. **દયાનંદ-ચરિત** (બંગાળી) ૧૮૯૬માં પ્રકાશિત. ૧૯૧૨માં પં. ઘાસીરામકૃત હિંદી અનુવાદ પ્રકાશિત થયો.

૨. **સ્વામી દયાનંદ જન્મસ્થાનાદિ નિર્ણય** : ૧૯૧૬માં પ્રકાશિત. ત્રિભુવનદાસ દામોદરદાસ ગઢિયા દ્વારા ગુજરાતીમાં અનૂદિત ૧૯૨૦માં પ્રકાશિત.

૩. **હિન્દુર આદર્શ સુધારક દયાનંદ** : (બંગાળી) ૧૮૯૯માં પ્રકાશિત. શ્રી શાંત સ્વામી અનુભવાનંદ કૃત હિંદી અનુવાદ ૧૯૩૨માં પ્રકાશિત. શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી કૃત ગુજરાતી અનુવાદ ૧૯૧૦માં પ્રકાશિત.

૪. **વિરજાનંદ-ચરિત** : મૂળ બંગાળી ગ્રંથ અપ્રકાશિત. ૧૯૧૯માં પં. ઘાસીરામ કૃત હિંદી અનુવાદ પ્રકાશિત થયો.

૫. **મહર્ષિ દયાનંદ સરસ્વતીનું જીવનચરિત્ર** : બે ભાગ. પં. ઘાસીરામ દ્વારા પૂર્ણ કરવામાં આવ્યું. આ હિંદી અનુવાદ ૧૯૩૩માં પ્રકાશિત થયો.

૬. **મહર્ષિ દયાનંદનું સ્વલિખિત જીવનવૃત્તાંત** (થિયોસોફિસ્ટના ત્રણ અંકોમાં પ્રકાશિત તથા પૂના-પ્રવચનોમાં કથિત) : આ પુસ્તકનો પ્રો. બળવંતરાય કલ્યાણરાય ઠાકોર કૃત ગુજરાતી અનુવાદ ૧૯૧૪માં પ્રકાશિત.

**- સંપાદક**

# અનુક્રમણિકા


| | |
|---|---|
| સૂચના | ૧૦ |
| દયાનંદ તે કોણ ? | ૧૦ |
| હિંદુ પ્રકૃતિ કેવી છે ? | ૧૬ |
| હિંદુ જીવન કેવું છે ? | ૧૭ |
| હિંદુ સમાજ કેવો છે ? | ૧૯ |
| સુધારકનાં લક્ષણ ક્યાં ? | ૨૧ |
| હિંદુ સુધારકનાં લક્ષણો | ૨૭ |
| દયાનંદ સુધારક ખરા કે નહિ ? | ૩૩ |
| દયાનંદ હિંદુ-સુધારક ખરા કે નહિ ? | ૪૩ |
| દયાનંદ આદર્શ સુધારક કહેવાય કે નહિ ? | ૪૮ |
| ઉપસંહાર | ૫૨ |

**પરિશિષ્ટ :**

| | |
|---|---|
| સ્વમંતવ્યામંતવ્યપ્રકાશઃ<br>(મહર્ષિ દયાનંદ રચિત સત્યાર્થપ્રકાશનું અંતિમ પ્રકરણ)<br>સંપાદન : ભાવેશ મેરજા | ૫૪ |


thearyasamaj.org

# આદર્શ સુધારક દયાનંદ

## સૂચના

જે રોગી હોય તેને વૈદ્યની જરૂર પડે છે. જે બગડેલું હોય તેને સુધારનારની જરૂર પડે છે. જે રસ્તો ભૂલ્યું હોય તેને રસ્તો દેખાડનારની જરૂર પડે છે.

જેમ માણસ તેમ માણસોનો સમૂહ એટલે કે સમાજ પણ રોગી હોય છે, બગડેલ હોય છે; કારણ કે મનુષ્ય અને મનુષ્યના સમૂહને પરસ્પર સંબંધ છે.

કેટલાંક કારણોને લીધે હિંદુ જાતિમાં હમણાં રોગે પગ પસારો કર્યો છે. ઘણાં વરસોના બંધનને લીધે હિંદુઓનાં સંતાન બગડેલાં છે, અને તેથી હિંદુઓને સુધારકની જરૂર છે. અને તે પરથી પ્રશ્ન ઊઠે છે કે હિંદુઓને દોરનાર કોણ નીકળશે ? હિંદુ સંસારના સુધારાનો ભાર કોણ વહેશે ? તેના ઉત્તરમાં હું એમ કહું છું કે - **સ્વામી દયાનંદ સરસ્વતી.**

## દયાનંદ તે કોણ ?

હિંદુસ્તાનના પશ્ચિમ કિનારા પર કાઠિયાવાડનો પ્રદેશ આવેલો છે. તેમાં નાનાં-મોટાં ઘણાં રજવાડાં છે. તેમાંના એકનું નામ મોરબી છે. દયાનંદે પોતે જ કહ્યું છે



thearyasamaj.org

કે - "મોરબીના રાજાને તાબે એવા એક ગામમાં મારો જન્મ થયેલો." પોતે સંન્યાસી હોવાથી પોતાનું જન્મસ્થાન કે માતાપિતાનું નામ તેઓ બતાવતા નહિ. એમનો જન્મ સંવત ૧૮૮૧ એટલે કે ઈ.સ. ૧૮૨૪માં થયેલો.[૧] એમના પિતા ઔદીચ્ય બ્રાહ્મણ હતા, પૈસાદાર અને આબરૂદાર હતા, તેમ જ ખરેખરા ચુસ્ત શિવભક્ત હતા.

નાનપણથી જ દયાનંદની બુદ્ધિ તીક્ષ્ણ હતી, અને તેથી ચૌદ વરસની ઉંમરમાં તો આખો યજુર્વેદ તેમણે મોઢે કરી નાંખ્યો હતો. પરંતુ જેવી બુદ્ધિ તીક્ષ્ણ હતી, તેવો જ નાનપણથી તેમને સંસાર પર કંટાળો હતો. જો ચાહત તો સંસારમાં રહી પોતે દરેક પ્રકારનું સુખ ભોગવી શકત. જે હેતુ, જે વૈરાગ્યનો અગ્નિ તેમના અંતરમાં થોડો થોડો બળવો શરૂ થયો હતો, તેણે ધીમે ધીમે વધારે જોર પકડી, દુનિયાદારીની હદમાંથી તેમને વધારે ને વધારે દૂર કરવા માંડ્યા. પોતાની એક બહેનનું મૃત્યુ, અને મૃત્યુ વખતે તેને થતી અસહ્ય પીડા - એ જ દયાનંદને સંસાર છોડાવનારું કારણ. એ સંબંધે પોતે કહ્યું છે કે - **"જ્યારે મારી આસપાસ મારાં સઘળાં સગાંવહાલાં મારી બહેનના મૃત્યુને લીધે રુદન કરતાં હતાં, ત્યારે હું એક પથ્થરના પૂતળાની માફક હાલ્યા-ચાલ્યા વગર ઊભો ઊભો વિચાર કરતો હતો કે આ સંસારમાં દરેક માણસને મોડું-વહેલું કાળના મુખમાં જઈને પડવું પડશે, અને તેથી એક દિવસે મારો પણ કાળ આવશે, માટે ક્યાં જવાથી મૃત્યુની પીડામાંથી છુટાય અને મુક્તિનાં દર્શન થાય - એ પ્રશ્ન મારા મનમાં ઊઠવા લાગ્યો. તેથી મેં ત્યાં ઊભાં ઊભાં જ નિશ્ચય કર્યો કે, ગમે તેમ થાય તોપણ મુક્તિનો રસ્તો લઈ મૃત્યુ-ક્લેશથી હું મારું પોતાનું રક્ષણ કરીશ."** આ મહાન સંકલ્પ કરી, ધીમે ધીમે તેને સુદૃઢ બનાવી, એક દિવસ સાંજે સંસારના સ્નેહનો છેવટનો ત્યાગ કરી, મુક્તિપથ શોધવાને દયાનંદ પોતાના ઘરમાંથી નીકળી પડ્યા. તે વખતે તેમની ઉંમર લગભગ એકવીસ વરસની હતી.

દયાનંદે સાંભળ્યું હતું કે માણસ યોગબળથી મુક્તિ-લાભ કરી શકે છે. આ

૧. આર્યસમાજના પ્રસિદ્ધ વિદ્વાન ડૉ. જ્વલંતકુમાર શાસ્ત્રીએ 'મહર્ષિ દયાનંદ સરસ્વતી કી પ્રામાણિક જન્મતિથિ' પુસ્તકમાં અનેક પ્રમાણોથી સિદ્ધ કર્યું છે કે સ્વામીજીની વાસ્તવિક જન્મતિથિ ફાગણ વદ દસમ, સં. ૧૮૮૧, શનિવાર તદનુસાર ૧૨ ફેબ્રુઆરી ૧૮૨૫ જ છે. (દાક્ષિણાત્યો અનુસાર માઘ વદ દસમ) - સંપાદક

વિચારથી ઘર છોડ્યા પછી તેમણે કોઈ યોગીની શોધ કરવા માંડી. જુદે જુદે ઠેકાણે જુદા જુદા યોગીઓ પાસેથી યોગ વિષયનો અભ્યાસ કરી, બે વરસની આખરે નર્મદાના તીરે આવેલા ચાણોદ-કરનાળીમાં પોતે વાસ કર્યો. અહીં તેમણે સંન્યાસ ગ્રહણ કર્યો અને **'દયાનંદ સરસ્વતી'**ના નામે અહીંથી જ પ્રખ્યાતિ પામ્યા. ચાણોદની પાસે વ્યાસાશ્રમ છે, ત્યાં યોગાનંદ નામે યોગમાં કુશળ એવા યોગી રહેતા હતા. તેમની પાસે જઈ પોતે યોગાભ્યાસ કરવા માંડ્યો. પરંતુ તેનાથી તેમને સંતોષ થયો નહિ; કારણ કે યોગ-માર્ગની સીડીની ઊંચામાં ઊંચી પગથીએ તેમને ચડવું હતું. તેથી નર્મદાનો કિનારો છોડી હિંદુસ્તાનના બીજા ભાગમાં ફરવું પોતે શરૂ કર્યું. એ પ્રમાણે ફરતાં ફરતાં ઉત્તર હિંદુસ્તાનના હિમવાળા પ્રદેશમાં પોતે આવી લાગ્યા. આ વખતે દયાનંદના મનમાં યોગ-જિજ્ઞાસા એટલી પ્રબળ રીતે પેસી ગઈ હતી કે જો કોઈ પણ જગ્યાએ તેમને લાયક યોગી મળે તો પછી ત્યાં સો જાતના ક્લેશ હોય તો તે પણ વેઠી, રહેવાને પોતે તૈયાર હતા. આ જ કારણથી કોઈ વખત ઓખી મઠ, તો કોઈ વખત જોશી મઠ, તો કોઈ વખત તુંગનાથના શિખર પર, તો કોઈ વખત હંમેશ બરફથી ઢંકાયેલા અલકનંદાના તટ પર જઈ, યોગ સિદ્ધ કરેલા મહાત્માઓની શોધ કરતા. આમ કરવામાં શરીરને જે અથડામણ પહોંચતી તેનાથી પોતે પાછા હઠતા નહિ. આ મતલબ બર લાવવા કઠણ રસ્તો, દુર્ભેદ્ય અરણ્ય, ન ચઢાય એવો પર્વત, બરફથી ઢંકાયેલા પર્વતનાં શિખર કે જંગલી પશુઓથી ભરેલું જંગલ હોય - તેઓ ગણકારતા નહિ. આ એક જ હેતુ પાર પાડવા દયાનંદે એક એક કરતાં અગિયાર વરસ કાઢી નાંખ્યાં, છતાં મન માનતો સંતોષ તેમને મળ્યો નહિ. તેથી હવે તેમણે અતૃપ્ત મને અહીં-તહીં ભમવા માંડ્યું. એવામાં કર્મ-સંજોગે મથુરામાં એક મહાત્મા છે એમ ખબર પડવાથી તરત પોતે તેની તરફ કૂચ કરી.

મથુરાના એ મહાત્માનું નામ - **વિરજાનંદ સ્વામી**. એ સ્વામી આંધળા હતા, તેથી 'પ્રજ્ઞાચક્ષુ' કહેવાતા; અને ખરેખર હતા પણ પોતે પ્રજ્ઞાચક્ષુ. વિરજાનંદનું પાંડિત્ય, એમની પ્રતિભા, એમનું શાસ્ત્રનું જ્ઞાન, અને એમની બોલવા-ચાલવાની પટુતા - એ બધું અદ્ભુત હતું. આશરે પાંચ વરસની ઉંમરે તેમની બંને આંખ ગઈ હતી, છતાં

શાસ્ત્રો બધાં એમની નજર આગળ નાચી રહ્યાં હતાં. એમના સંબંધમાં એક વાત અત્રે કહેવી યોગ્ય ગણાશે : એમનું કહેવું એવું હતું કે - **જેટલા ઋષિઓના બનાવેલા ગ્રંથો છે તેટલા રહેશે અને મનુષ્યોના બનાવેલા ગ્રંથો છે તેટલાનો નાશ થશે.** આ જ કારણથી વેદ વગેરે આર્ષ ગ્રંથો અને વેદોક્ત ધર્મને પોતાના હૃદયમાં તેમણે ઊંચામાં ઊંચું સ્થાન આપ્યું હતું, અને વૈદિક ધર્મને પાછો જાગતો કરવાનો મહાન સંકલ્પ તેમના અંતરમાં સ્થાન કરી રહ્યો હતો. પોતે ઉંમરે વૃદ્ધ થવા છતાં પણ વૈદિક ધર્મના વિજયનો વાવટો પોતાના ખભા પર રાખી બેઠા હતા, અને હવે તે વાવટો કોને ખભે ચઢાવવો તેની શોધમાં હતા, અને તે ચિંતામાં દિવસ પર દિવસ ચાલ્યા જતા હતા. એ સમયે દયાનંદે જઈ તેમને દંડવત્ કર્યા.

દયાનંદને જ્ઞાન મેળવવું હતું. તેથી પોતે પોતાનો તે હેતુ વિરજાનંદને જણાવ્યો. બીજાને જે જવાબ પોતે આપતા હતા, તે તેમણે એમને પણ આપ્યો કે - **"તમે અત્યાર સુધી જે કાંઈ ભણ્યા હો તે ભૂલી જાવ. મનુષ્ય-પ્રણીત કોઈ ગ્રંથ તમારી પાસે હોય તો તે જમનાનાં જળમાં નાંખી આવો. જેટલો વખત મનુષ્ય-પ્રણીત ગ્રંથનું અજવાળું તમારા હૃદયમાં પ્રકાશશે તેટલો અખત આર્ષ ગ્રંથનું અજવાળું ત્યાં કાંઈ અસર કરી શકશે નહિ."** દયાનંદે તેમ કર્યું અને વિરજાનંદના શિષ્ય થઈ નવા ભાવથી અને નવી રીતે શિક્ષણ લેવાનું આદર્યું. પાણિનિના સૂત્રથી શરૂ કરી મહાભાષ્ય અને નિરુક્ત વગેરે આર્ષ ગ્રંથો એક પછી એક શિખવા માંડ્યા. આ ગ્રંથોના અધ્યયનથી દયાનંદના હૃદય પર એક નવી જાતનો પ્રકાશ પડવા માંડ્યો કે જે પ્રકાશ અત્યાર પહેલાં આટલા બધા ગ્રંથોના અભ્યાસથી પણ તેમના જોવામાં આવ્યો ન હતો. આ પ્રકાશથી પણ તેમના મનને પૂરેપૂરો સંતોષ થયો નહિ, પરંતુ એટલું તો હવે તેમને ચોખ્ખી રીતે જણાયું કે એ પ્રકાશની સહાયતાથી પોતાની ધારેલી વસ્તુ મેળવી શકાશે. અભ્યાસ પૂરો કરી દયાનંદે જવાની રજા માગી. વિદાય કરતી વખતે વિરજાનંદે પોતાના વહાલામાં વહાલા શિષ્યને આશીર્વાદ દીધો અને કહ્યું કે : "તમારે મને એક વચન આપવું પડશે." દયાનંદે પૂછ્યું : "કેવું વચન - તે સ્પષ્ટ રીતે સમજાવો." વિરજાનંદે કહ્યું : **"જેટલા દિવસ તમારે આ દુનિયામાં જીવવાનું હોય તેટલા દિવસ વૈદિક**

**ધર્મની ફરી સ્થાપના કરવા કમર બાંધી મંડ્યા રહેવું.''** દયાનંદે કહ્યું : **''તથાસ્તુ''.** આવી વિદાયગીરી લઈ પોતે ચાલી નીકળ્યા.

મથુરાથી આગ્રા આવી ત્યાં થોડા દહાડા વાસો કર્યો. આગ્રાથી ગ્વાલિયર, જયપુર, અજમેર વગેરે જગાએ જઈ જુદી જુદી જાતના ધર્મ-સંપ્રદાયો વિશે સંવાદ તથા તર્કયુદ્ધ કરવા માંડ્યા અને તે સઘળા આગળ વેદોક્ત ધર્મનું શ્રેષ્ઠપણું બતાવવા માંડ્યું. છેવટે સંવત ૧૯૨૪ (ઈ.સ. ૧૮૬૭)ના કુંભમેળામાં આવી, હરદ્વારની ઊંચી ભૂમિ પર ચઢી વૈદિક ધર્મના વિજયનો ડંકો વગાડવો શરૂ કર્યો. એ ડંકાનાદથી ઘણાઓ ચમકી ઊઠ્યા; એ સાંભળી દંડી, પરમહંસ, પરિવ્રાજક વગેરે માંહોમાંહે બોલવા લાગ્યા કે - ''આ શું ? આ કોણ ?'' ટૂંકમાં, એ જ સમયથી દયાનંદરૂપી સૂર્ય પ્રકટ થયો એમ કહીએ તો ચાલે.

કેટલોક વખત ગયા પછી હરદ્વારની તળેટી છોડી નીચે આવી ગંગાના પ્રવાહની જોડે જોડે વૈદિક ધર્મનો પ્રચાર કરવાના ઉદ્દેશથી ગંગાની આસપાસના પ્રદેશમાં પોતે ફરવું શરૂ કર્યું. ગઢમુક્તેશ્વરથી કાંપિલ, કાંપિલથી ફર્રુખાબાદ, ત્યાંથી કાનપુર ને પ્રયાગ ને ત્યાંથી કાશી સુધીની મુસાફરી કરી. કાશીમાં વૈદિક ધર્મનો ધ્વજ ફરકાવવા માંડ્યા અને બનારસની ધરતી પર ઊભા રહી ઉચ્ચ નાદે બોલવા માંડ્યા કે, **''શક્તિ-શૈવાદિ સંપ્રદાયો વેદવિરુદ્ધ છે. તિલક, ત્રિપુંડ્ર ધારણ કરવું તે વેદથી ઊલટું છે, અને પાષાણ વગેરેની મૂર્તિ પૂજવી તે પણ વેદોક્ત ધર્મથી વેગળું છે.''** આ અવાજ સાંભળી કાશીના લોકમાં મહા ઉત્પાત થઈ રહ્યો. દયાનંદનો પરાભવ કરવાની મતલબથી એક મહાસભા બોલાવવામાં આવી. એ સભામાં શું થાય છે તે જોવા આનંદબાગની સામે લોકોની એક મહામોટી મેદની મળી. કાશી-નરેશ સ્વર્ગીય ઈશ્વરીપ્રસાદ નારાયણ એ સભાના પ્રમુખ થયા. સ્વામી વિશુદ્ધાનંદ, પંડિત બાલશાસ્ત્રી વગેરે એ પંડિતોના પ્રતિનિધિ થઈ દયાનંદ જોડે શાસ્ત્ર-સંગ્રામ આદર્યો. તેમાં દયાનંદનો પક્ષ અપરાજિત રહ્યો. કાશીના મોટા મોટા પંડિતો પણ એવું દેખાડી શક્યા નહિ કે પાષાણાદિ મૂર્તિનું પૂજન કરવાનું વેદમાં કહ્યું છે. પરંતુ માંહોમાંહે કોલાહલ કરી ઊઠી, પંડિતો બોલ્યા કે - ''દયાનંદનો પરાજય થયો છે.'' આ કોલાહલને લીધે આખી કાશીને

માથે કલંક આવ્યું. આ શાસ્ત્ર-સંગ્રામને લીધે આખું કાશી નગર કાંપી ઊઠ્યું, અને એ કંપની અસર આખા હિંદુસ્તાનમાં પ્રસરી ગઈ અને તેથી આખો દેશ કાંપી ઊઠ્યો. દયાનંદનું નામ આખા ભરતખંડમાં ગામે ગામ ગવાવા લાગ્યું. હવે દયાનંદે બિહાર તરફ જઈ બંગાળામાં આવી, મદ્રાસ સિવાય હિંદુસ્તાનના બીજા પ્રદેશો તરફ ભ્રમણ કરી વૈદિક ધર્મ વિશે વ્યાખ્યાન કરવાં શરૂ કર્યાં. મુંબઈ, રજપૂતાના, પંજાબ વગેરે જે જે સ્થળોએ તેઓ જતા ત્યાં તે સ્થાનના પંડિતોને વિચાર-યુદ્ધ કરવા આમંત્રિત કરતા. મૂર્તિપૂજા વેદ પ્રતિપાદિત નથી, અને તેથી તે ખોટી છે - એ વાત પ્રકટ કરનાર દયાનંદ પોતે એક હોવા છતાં હજારો મનુષ્યોના જોરથી તેણે એ કાર્ય કર્યું; અને આ વાત આર્યાવર્તની ચારે દિશામાં પ્રચલિત થવા લાગી. ધગધગતા અગ્નિના ભડકા જેમ એકાએક હોલવાય નહિ, મોટા નદીના પ્રવાહને સહજમાં અટકાવી શકાય નહિ, તેમ દયાનંદનો પ્રતાપરૂપી અગ્નિ હોલવાયો નહિ અને નદીના પ્રવાહની માફક તેમની ગતિ પણ રોકી શકાઈ નહિ. આ સિવાય તેમણે ઠેકાણે ઠેકાણે વૈદિક પાઠશાળાઓ સ્થાપી. આર્યસમાજનો પાયો નાંખી વૈદિક ધર્મના પ્રચારનો રસ્તો ખોલ્યો, ગાય વગેરે પશુઓનું રક્ષણ કરવા સભાઓ સ્થાપવાની સૂચના કરી, અને એવાં એવાં બીજાં ભરતખંડનું શ્રેય કરવાનાં કાર્યમાં તત્પર રહી ઈ.સ. ૧૮૮૩ (સંવત ૧૯૩૯)ની[૧] ૩૦મી ઑક્ટોબરે દિવાળીને દિવસે આખા હિંદુસ્તાનની દીપમાળાને હોલવી નાંખી, આ લોકમાંથી પરલોકમાં વાસ કર્યો. દયાનંદનું ચરિત્ર ટૂંકમાં આવું છે.

દયાનંદ આદર્શ સુધારક હતા કે નહિ - તે હવે જોવાનું છે. તેનો વિચાર કરતાં હિંદુ એટલે કોણ તે જોવું પડશે. જેમ શરીરના રોગના ચિકિત્સકને શરીરની પહેલાંની પ્રકૃતિ કેવી હતી તે જાણવું જોઈએ, તેમ હિંદુ સુધારકને હિંદુ સમાજની પ્રકૃતિ જાણવી જોઈએ. હિંદુ કોણ ? હિંદુની પ્રકૃતિ કેવી ? હિંદુનું જીવન કેવું ? હિંદુ સમાજ કેવો ? - એ સઘળું આપણે જાણવું જોઈએ. અત્રે હિંદુ પ્રકૃતિનો વિચાર કરીશું :

---

૧. સં. ૧૯૩૯ ગુજરાતી સંવત ગણના અનુસાર છે. ઉત્તર ભારતીય અનુસાર સં. ૧૯૪૦ - સંપાદક

# હિંદુ પ્રકૃતિ કેવી છે ?

અત્યાર સુધીમાં પૃથ્વી પર જે જે જાતિઓનો આવિર્ભાવ અથવા તિરોભાવ થયો છે, તેમ જ આજે પણ દુનિયાના પટ પર જે જાતિઓ વર્તમાન છે, એ બધી જાતિઓની જોડે મુકાબલો કરતાં હિંદુઓમાં બે ગુણ વિશેષ જોવામાં આવે છે. એ બે ગુણને આપણે હિંદુ પ્રકૃતિ કહીશું.

એ બે ગુણમાંથી એક એ છે કે હિંદુ સૂક્ષ્માભિમુખી છે, અને બીજી જાતો સ્થૂલાભિમુખી છે. હિંદુ સૂક્ષ્મમાંથી નીકળી સ્થૂળમાં પ્રવેશ કરે છે, બીજી જાતો સ્થૂળમાંથી સૂક્ષ્મમાં આવી ગઈ છે અથવા તો આવતી જાય છે. આ જ કારણ વડે મંત્રદષ્ટા મહર્ષિઓએ આત્માના ઉજ્જવળ પ્રકાશ વડે જીવનની આગલી-પાછલી વાત પહેલેથી પામી શકતા હતા. આ જ કારણથી પ્રશાંત-ચિત્ત બ્રાહ્મણો બ્રહ્માવર્ત્તની પવિત્ર ભૂમિ પર બેસી જીવનનું લક્ષ્ય સ્થિર કરવાના ઉદ્દેશથી કઠોર તપસ્યા કરી, લક્ષ્ય સ્થિર થયા પછી જ સંસારમાં પડી નાના પ્રકારનું જીવન ગાળતા હતા. હિંદુઓનું એ લક્ષ્ય તે શું ? સત્ત્વસ્ફૂર્તિ - સત્યની ગવેષણા અથવા બ્રહ્મ-પ્રાપ્તિ તે એ લક્ષ્ય.

હિંદુનો બીજો ખાસ ગુણ તે એ છે કે, બધી રીતે તે પોતે પોતાના લક્ષ્યને અનુસરી ચાલે છે. લક્ષ્ય જેવું નક્કી થયું કે પછી પોતાના આખા જીવનનો પ્રવાહ તે લક્ષ્યને અનુસરી ચલાવે છે, અથવા તો તે લક્ષ્ય તરફ લઈ જાય છે. ટૂંકમાં, બ્રહ્મ અથવા બ્રહ્મપ્રાપ્તિને હિંદુ પોતાનું કેન્દ્ર બનાવે છે. સૂર્યમંડળમાં જેમ ગ્રહ-નક્ષત્ર વગેરે સૂર્યને પોતાનું કેન્દ્ર અથવા મધ્યબિંદુ ગણી ફરે છે, તેમ હિંદુ બ્રહ્મને કેન્દ્ર ગણી પોતાના કર્મક્ષેત્રમાં ભ્રમણ કરે છે.[૧] નદીનો પ્રવાહ જેમ નીચા પ્રદેશોમાં વહે છે, અગ્નિની શિખાઓ જેમ ઊંચે ચઢે છે, તેમ હિંદુનું જીવન પણ હમેશાં સત્ત્વ-સ્ફૂર્તિ અથવા બ્રહ્મપ્રાપ્તિ તરફ જ કામ કર્યું જાય છે, બલકે જતું હતું. આ હેતુને લીધે એક

૧. અહીં આ ‘હિંદુ’ શબ્દ હાલના સર્વથા અધોગત થયેલા હિંદુઓને ઉદ્દેશીને વાપર્યો નથી, એ વાત પાઠકો સહજ રીતે સમજી જશે. - લેખક

ગૃહસ્થાશ્રમી હિંદુનું ઘર તે પોતાની સ્વાર્થ-સિદ્ધિની સાધન-ભૂમિ નથી, પરિવાર તે વિલાસ કરવાનો કેલિકુંજ નથી, સંસાર તે અનેક પ્રકારના ભોગવિલાસ કરવાની લીલાભૂમિ નથી અને સ્ત્રી તે મનુષ્યની પશુવૃત્તિને માત્ર સંતોષ આપનારી સોબતણ (સંગિની) નથી - એમ તે (આગલા વખતનો હિંદુ) ગણતો. એ કબૂલ કરીશું કે રોમ સૌભાગ્ય-સંપદના ઊંચામાં ઊંચા શિખરે પહોંચ્યું હતું. ગ્રીસ જ્ઞાનના ગૌરવ વડે વજનદાર રહ્યું હતું. એ પણ કબૂલ કરીશું કે યુરોપની હાલની જાતિઓ ફ્રેંચ અને અંગ્રેજ વગેરેએ જુદી જુદી જાતનાં શાસ્ત્રોના જ્ઞાન વડે ઉન્નતિની પરાકાષ્ઠાએ પહોંચી, આ દુનિયામાંનાં ભોગવવાનાં ભોગ અને સુખનાં સેંકડો દ્વારો ખોલ્યાં છે. પરંતુ એ બધું હોવા છતાં પણ એમ તો નહિ જ સ્વીકારાય કે, હિંદુ સિવાયની બીજી કોઈ જાતે જીવનના કર્મક્ષેત્રમાં ઉતરતાં પહેલાં તે જીવનનું લક્ષ્ય સ્થિર કરી તે લક્ષ્યને અનુસરી નાનું-મોટું કૌટુંબિક કે સામાજિક સઘળું કાર્ય તે લક્ષ્ય તરફ નજર રાખી કર્યું હોય. આ જ હિંદુઓનો ખાસ ગુણ, એ જ હિંદુ પ્રકૃતિ.

## હિંદુ જીવન કેવું છે ?

જે પ્રમાણે હિંદુ પ્રકૃતિ સત્ત્વને અનુસરીને ચાલનારી છે, તે પ્રમાણે હિંદુ જીવનની ગતિ સત્ત્વનો વિકાસ કરનારી છે. હિંદુ જીવન એટલે શું ? ચાર આશ્રમ તે હિંદુ જીવન. એ ચાર આશ્રમ ઉપર જ હિંદુ જીવનનું અસ્તિત્વ અને તેની ઉન્નતિ આધાર રાખે છે. એ ચાર આશ્રમ તે બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ. વેદાધ્યયનનું નામ બ્રહ્મચર્ય. વીર્ય-ધારણનું નામ પણ બ્રહ્મચર્ય જ, કારણ કે વીર્ય-ધારણ વિના વેદાધ્યયન અથવા તો જ્ઞાનાર્જન થઈ શકે જ નહિ. માટે સાધારણ રીતે વીર્ય-ધારણ તે જ બ્રહ્મચર્ય કહેવાય. હવે વીર્ય-ધારણ શી રીતે થાય ? વિલાસનો ત્યાગ કરવાથી અને કઠોરતા પકડવાથી. આટલા માટે બ્રહ્મચારીને મોજશોખ છોડી સખત જિંદગી ગાળવી પડે છે. આ ઉપરાંત અગ્નિની પરીક્ષા કરતાં બ્રહ્મચારીએ શીખવું પડે છે. તેનું કારણ એ કે જેથી પાછળથી સંસારમાં પડતાં લોભનો અગ્નિ તેને બાળી નાંખે નહિ.

વળી તેને વાયુની પરીક્ષા કરતાં શીખવું પડે છે કે જેથી પાછળથી તેને લાલસરૂપી વાયુ ઉડાડી દઈ શકે નહિ. તેમ જ તેને રસ્તા પારખતાં શીખવું પડે છે કે જેથી સંસારના અતિ કુટિલ અને ખરાબ માર્ગો તેને ગભરાવી મૂકે નહિ.

બ્રહ્મચર્યની શક્તિ અસાધારણ છે. તેવો જ તેનો પ્રભાવ છે. જો કોઈ સવાલ કરે કે ભરતખંડ ઉન્નતિના ઊંચ શિખર પર શાથી ચઢ્યું, તો તેનો જવાબ એ છે કે બ્રહ્મચર્યને લીધે. જો કોઈ સવાલ કરે કે હિંદુઓ જ પૃથ્વી પર જ્ઞાન અને ધર્મના પ્રવર્તક શા માટે થયા, તો તેનો જવાબ પણ એ જ છે. જો કોઈ સવાલ કરે કે સાહિત્ય સંપત્‌માં હિંદુઓ ઊંચું સ્થાન કેમ ભોગવે છે ? તો તેનો જવાબ પણ એ જ છે. મનુષ્યના સાહિત્યમાં પણ કેટલો આવિર્ભાવ અને કેટલો તિરોભાવ થાય છે ? કેટલા ગ્રંથકાર ચઢે છે અને કેટલા ગ્રંથકારનો થોડા વખતમાં નાશ થઈ જાય છે. કાળનાં અવિશ્રાંત મોજાં તેમને ક્યાં લઈ જઈને ફેંકી દે છે. તેનો કોણ નિર્ણય કરે ? છતાં આજે મહાભારતનો તિરોભાવ કેમ થયો નથી ? તેમ એ મહાભારતકાર કૃષ્ણદ્વૈપાયનનું નામ હજુ કેમ નાશ પામ્યું નથી ? આજે પણ મહાભારતનું કેમ વજન પડે છે ? આજે પણ મહાભારત પોતાનું મૂળ ગૌરવ શી રીતે સાચવી રહ્યું છે ? તેનો જવાબ એટલો જ દઈ શકાય કે જે બુદ્ધિ દ્વારા મહાભારત રચાયેલું, તે બુદ્ધિ આપણા જેવા સાધારણ માણસમાં નથી. જે માણસમાં એવી બુદ્ધિ હતી તે બ્રહ્મચર્યને લીધે જન્મ પામી હતી. આ ઉપરથી કબૂલ કરવું પડશે કે હિંદુઓને હમેશની ઉન્નતિ પ્રાપ્ત કરવાનું કારણ બ્રહ્મચર્ય જ હોઈ શકે, અને સાથે સાથે એટલું પણ કબૂલ રાખવું જોઈએ કે જે દિવસથી બ્રહ્મચર્યની પ્રથા નાશ પામી છે, તે દિવસથી હિંદુસ્તાન પર આફત પર આફત અને દુઃખ પર દુઃખ આવી ગયાં છે, અને તેની પડતી દિન પર દિન થવા લાગી છે.

બ્રહ્મચર્ય પછી ગૃહસ્થાશ્રમ આવે છે. બ્રહ્મચારી બ્રહ્મચર્ય પૂરું કરી ગૃહસ્થાશ્રમમાં પેસે છે. જેમ બ્રહ્મચર્યનો હેતુ સત્ત્વ-સ્ફૂર્તિ મેળવવાનો હતો, તેમ ગૃહસ્થાશ્રમનાં શિક્ષણ અને વ્યવસ્થા પણ એ જ હેતુ તરફ લઈ જાય છે. જેનાથી હૃદયમાં સાધુભાવ તથા સારી લાગણીઓના સમૂહનો વિકાસ થાય, જેનાથી કુટુંબ-કબીલાથી વીંટળાયેલા રહેવા છતાં માણસ શાંત ચિત્તે પરમાર્થનું ચિંતન કરવામાં તત્પર રહે, એ સઘળી

બાબત ધ્યાનમાં રાખી હિંદુઓના ગૃહસ્થાશ્રમનું બંધારણ ઘડવામાં આવ્યું છે. ગૃહસ્થ હિંદુને પાંચ મહાયજ્ઞનું અનુષ્ઠાન કરવું પડે છે - બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, અતિથિયજ્ઞ અને ભૂતયજ્ઞ. દરેકે દરેક યજ્ઞ હૃદયની ઉચ્ચ વૃત્તિઓને અસ્તિત્વમાં લાવી પોષે છે. તેમાંનામાં કેટલાક શ્રદ્ધા, ભક્તિ અને પ્રીતિની પુષ્પમાળાથી જીવનને શોભાવે છે, અને કેટલાક ઉદારતાની ઊંચામાં ઊંચી ટોચે પહોંચાડી નાનામાં નાનો માણસ હોય તો તેને પણ અતિ મોટા વિશાળ વિશ્વ જોડે એકાત્મ થઈ જવાનો ઉપદેશ કરે છે. ટૂંકમાં, આ ગૃહસ્થાશ્રમની નીતિની માફક વાનપ્રસ્થની નીતિ પણ સત્ત્વનો વિકાસ કરે છે. વાનપ્રસ્થ પછી સંન્યાસ. સંન્યાસની સઘળી ક્રિયા એક સરખી સત્ત્વની સ્ફૂર્તિ કરવા માટે જ યોજાયેલી છે. આ ઉપરથી જણાશે કે આ ચારે આશ્રમ પહેલેથી છેલ્લે સુધી હિંદુના જીવનમાં સર્વાંશે બ્રહ્મભાવનો વિકાસ કરે છે અને સાત્ત્વિકતાનું ઉદ્દીપન કરે છે.[૧]

## હિંદુ સમાજ કેવો છે ?

જેવી રીતે હિંદુ જીવનમાં ચાર આશ્રમ છે, તેવી રીતે હિંદુ સમાજનાં ચાર અંગ છે. એ સમાજરૂપી શરીરનું માથું તે બ્રાહ્મણ, હાથ તે ક્ષત્રિય, જાંઘ તે વૈશ્ય અને બે પગ તે શૂદ્ર. માણસના શરીરનું રક્ષણ કરવા માટે જેમ માથા તથા પગ બંનેની જરૂર છે, તેમ હિંદુ સમાજના રક્ષણ માટે બ્રાહ્મણ તથા શૂદ્ર બંનેની જરૂર છે. માથું મિજાજ કરી બે પગની ઉપેક્ષા કરે તો પછી શરીરનું યંત્ર ચાલે જ નહિ. તેમ જ બ્રાહ્મણ પણ જો મોટાઈમાં ખેંચાઈ, શૂદ્રને ધિક્કારી કાઢે તો પછી એક ક્ષણ પણ હિંદુ સમાજ નભે નહિ. એ કહેવાની જરૂર નથી કે કાર્ય-સમષ્ટિ ઉપર સમાજની સ્થિતિનો આધાર છે, અને કાર્ય-શૃંખલા ઉપર રીતસર કામ થતું આવે તેના ઉપર સમાજની ઉન્નતિનો આધાર છે. માટે જુદી જુદી જાતના કાર્ય-પ્રવાહ તથા જુદી જુદી શક્તિઓથી રચાયેલા આ

૧. આ ચાર આશ્રમો સિવાય હિંદુ જીવનમાં બીજા સોળ સંસ્કાર પણ છે, કે જેનો ઉદ્દેશ પણ શરીરને અને મનને શુદ્ધિ આપવાનો જ છે. દેહશુદ્ધિ અને મનશુદ્ધિ વડે સત્ત્વ ભાવનો ઉદય થાય છે. પરંતુ તે પ્રકરણ આ ટૂંકા નિબંધમાં આપ્યું નથી. - લેખક

સમાજ-યંત્રને ચલાવવા માટે એક વેદપાઠી બ્રાહ્મણમાં કે એક પાલખી ઊંચકનાર ભોઈ જેવા શૂદ્રની ઉપયોગિતામાં ખરી રીતે ભેદ રહેલો જ નથી. અને ખરું જોતાં ભેદ છે પણ નહિ. તે ઉપરથી જે કોઈ એમ ધારતો હોય કે બ્રાહ્મણે તો માત્ર પોતાનું ભલું કરવા માટે જ છે, પોતાની મોટાઈ વધારવા ખાતર જ ભરતખંડની ભૂમિમાં વર્ણવિભાગરૂપી ઝેરી ઝાડનાં બી રોપ્યાં છે, તો તે તેની ભૂલ છે. તે માત્ર બહુ જ ટૂંકી નજરનો છે, એમ સમજવું.[૧]

આ નાના નિબંધમાં વધારે વિસ્તારપૂર્વક લખાણ ન કરતાં એટલું જ કહેવું બસ થશે કે ચાર આશ્રમવાળા હિંદુ જીવનની માફક ચાતુર્વર્ણ્યવાળો હિંદુ સમાજ પણ સત્ત્વ-સ્ફૂર્તિનો સહાયક જ છે. પરંતુ હિંદુ પ્રકૃતિનું એ લક્ષ્યબિંદુ એકદમ યા એક દિવસમાં કાંઈ પ્રાપ્ત થતું નથી. દુનિયાનું એક સાધારણ કામ પણ તરત કે એક દિવસમાં થઈ શકતું નથી, તો પછી માનવ-પ્રકૃતિનું છેલ્લામાં છેલ્લું પગથિયું બ્રહ્મપ્રાપ્તિનું છે, તે એક દિવસમાં તો શું પણ એક આખી જિંદગીમાં પણ સાધ્ય થવું મુશ્કેલ છે. આટલા માટે હિંદુ અધિકારવાદી કહેવાય છે. વળી ક્રમવાદી પણ કહેવાય છે; કારણ કે બ્રહ્મવાદી હોવાને લીધે જ બ્રહ્મચર્યાદિ આશ્રમ તરફ તેનું વલણ હોય છે, અને અધિકારવાદી એટલે કે બ્રાહ્મણ વગેરેની વર્ણપરંપરા પણ તે કબૂલ રાખે છે. ક્રમવાદ એટલે ચાર આશ્રમ અને અધિકારવાદ એટલે હિંદુના ચાર વર્ણ. અધિકારવાદ કાર્યગતપણા ઉપર સ્થપાયેલો છે, તેથી ઉન્નતિ તથા અવનતિ બંનેનો તે સહાયક અને પોષક થઈ પડે છે. ટૂંકમાં, અધિકારવાદના મૂળ ઉદ્દેશનો સહેજ પણ વિચાર કરતાં જણાશે કે જેમ તેમાં એક અમુક અધિકારવાળાને બીજા અધિકારના પ્રદેશમાં પ્રવેશ કરવા દેવામાં આવતો નથી, તેમ અમુક અધિકારવાળાને હમેશ સુધી તેના તે જ અધિકારવાળા પ્રદેશમાં બાંધી રાખવામાં પણ આવતો નથી; અને તેથી હિંદુઓની આ વર્ણવિભાગની પ્રણાલિકા કાંઈ શૂદ્રને હમેશ શૂદ્રપણામાં રાખવા માંગતી નથી, તેમ જ બ્રાહ્મણ કૂળમાં જન્મ લીધાથી અમુક માણસને બ્રાહ્મણત્વના પૂજ્ય અને પવિત્ર આસન પર બેસાડતી

---

૧. વેદોક્ત વર્ણવ્યવસ્થા ગુણ-કર્મ-સ્વભાવ આધારિત છે; જન્મ આધારિત નહિ. - સં.

નથી. એણે તો કવષ અને ઐતરેય[1] વગેરે શૂદ્રોને ઋષિ તરીકે માન્યા છે અને નિરક્ષર અને દુષ્ટાચારી બ્રાહ્મણોને વગર સંકોચે બ્રાહ્મણત્વના આસન પરથી ઉતારી પાડ્યા છે. નીચા અને ઊંચા દરેક વર્ણના માણસો જેમ તે છેલ્લો અધિકાર મેળવવા પ્રયત્ન કરે છે, તેમ શૂદ્રો પણ તે જ અધિકાર મેળવવા તરફ પોતાનાં પગલાં માંડે છે. તેથી એમ જ કહીશું કે હોમ, અર્ચન વગેરે કરી જેમ બ્રાહ્મણ બ્રહ્મપ્રાપ્તિ મેળવવા મથે છે, તેમ શૂદ્ર પણ બ્રાહ્મણોના પગ ધોઈ, બ્રહ્મધામ તરફ જ પોતાનાં પગલાં માંડે છે. બંને વચ્ચે ભેદ કેવળ એટલો જ છે કે કોઈ એ મહા લક્ષ્ય બિંદુની પાસે જઈ પહોંચે છે, તો કોઈ થોડે આઘે રહે છે.

શરીર-ચેષ્ટા સંપૂર્ણ થઈ. હવે શરીરના રોગ પારખનાર તથા સાજા કરનારની ચેષ્ટા કરીએ. એ રોગ શું છે તે જણાવવાની જરૂર નથી; કારણ કે લખનાર, વાંચનાર, ભાષણ કરનાર અને સાંભળનાર – સૌને એ રોગે સપડાવેલા છે. હિંદુઓ કેવા છે તે આપણે જોયું. હવે તેમને સુધારનારનાં – સુધારકનાં લક્ષણ કેવાં જોઈએ, તે આપણે જોઈએ.

## સુધારકનાં લક્ષણ ક્યાં ?

**પ્રથમ લક્ષણ** : સુધારકે પહેલાં તો **પોતાની જાતિને - પ્રજાને બરાબર જાણવી** જોઈએ. જો તે સ્વજાતિને જાણતો હોય, તો જ તેની પ્રકૃતિ પણ જાણે. ક્યા ક્યા અંશની પોતાની જાતિ બનેલી છે, તે પણ તેણે વિચારવું જોઈએ. જાતિની પ્રકૃતિ તે શું ? પૃથ્વી પર જે જાતિ જન્મી છે યા જન્મે છે તે દરેકમાં કાંઈ ને કાંઈ સારા ગુણ હોય છે. એ ખાસ લક્ષણ કે ગુણ તે તે જાતિની પ્રકૃતિ. તે જાણવા માટે તે જાતિનું સાહિત્ય સારી રીતે જાણવું જોઈએ; કારણ કે તેના સાહિત્યમાં તે દરેક જાતિની પ્રકૃતિનું પ્રતિબિંબ પડેલું હોય છે. દરેક કોમની ઉન્નતિ, વિકાસ, વિકૃતિ કે અધોગતિ જેવી રીતે તેના

---

૧. ઐતરેય મહીદાસ : ઋગ્વેદીય ઐતરેય બ્રાહ્મણના રચયિતા મહીદાસ શૂદ્ર હતા. દાસી-પુત્ર હોવા છતાંય તેમણે વેદના વ્યાખ્યાનરૂપ આ ગ્રંથની રચના કરી છે. – ડૉ. ભારતીય

thearyasamaj.org

સાહિત્યમાં સ્પષ્ટ અક્ષરે લખાયેલી હોય છે, તેવી બીજે કશે જડતી નથી. વળી જેમ સાહિત્યમાં તેમ તેના આદર્શ તથા રીત-રિવાજમાં પણ અમુક કોમની પ્રકૃતિ વિદ્યમાન હોય છે. એટલે કે અમુક બાબત જ્ઞાન હોવું એટલે તેના સાહિત્યના જ્ઞાન સાથે તેના આદર્શ તથા રીતિ-નીતિની પણ બહુ સારી માહિતી હોવી જોઈએ. જો આ જ્ઞાન બરાબર હોય નહિ તો પછી એ જાતિરૂપી શરીરમાં ક્યાં બગાડો થયો છે, તેની ખબર પડે નહિ; અને બગાડો તથા રોગ જડે નહિ, તો તે સુધરી શકે નહિ. માટે પોતાની જાતિ સંબંધી જ્ઞાન સુધારકને અવશ્ય હોવું જોઈએ. જેમ વૈદ્યને નાડી-જ્ઞાન જરૂરનું છે, તેમ સુધારકને સ્વજાતિનું જ્ઞાન જરૂરનું છે. પરંતુ દિલગીરી એટલી છે કે આ રોગથી પીડાતા દેશમાં નાડી-જ્ઞાન વગરના વૈદ્યો ઘણા છે.

**બીજું લક્ષણ** : સુધારકનું બીજું લક્ષણ એ છે કે તેને **પોતાની જ્ઞાતિ (પ્રજા) પર પ્રેમ** હોવો જોઈએ. જે જાતમાં આપણે જન્મ લીધો, જેમાં આપણે ઉછર્યા, જેની શક્તિ અને સહાયતા વડે આપણે મનુષ્ય લોકમાં મનુષ્ય તરીકે ફરી શકીએ છીએ, તે જાતિ સાથે સુધારકને પણ પ્રતિજ્ઞા સૂત્રથી બંધાવું જોઈએ. એ જાતિ માટે આપણને લાગણી ન હોય, તેના પર પ્રીતિ ન હોય, તો પછી તેના ક્લેશ રૂપી કલંકથી આપણને મનમાં દુઃખ શી રીતે થાય ? અને જો દુઃખ ન થાય, તો તે ક્લેશ દૂર કરવા કમર બાંધી કોણ ઊભું રહે ? તમે, ઓ હિંદુઓના ઉદ્ધારક ! કહો કે કાકા કૌવાની માફક કેટલાક શીખવેલા શબ્દો તમે એના ઉદ્ધારના સંબંધમાં બોલ્યા જાવ છો ? અને તમે, ઓ સુધારક ! કહો કે આ રોગી અને અપમાન પામેલા હિંદુની સમક્ષ માત્ર વાણી રૂપી પીંછી લઈ તમે કેટલાં આશા-ચિત્ર પાડી બતાવ્યાં છે ? આ બધું છતાં પણ તમને કોઈ 'હિંદુ' કહે તો તમે લજવાઈ મરો છો, હિંદુઓની ભાષાનો ઉપહાસ કરો છો, અને હિંદુ રીતિ-નીતિ જોડે કોઈ પણ જાતનો સંબંધ ન રાખવો - એ તમારા જન્મનું તમે સાર્થક સમજો છો ?[૧] આવું હોય તો તમને સુધારક કહેવાય ? ના, તમારાથી તો બને તેટલા દૂર રહેવું જોઈએ.

---

૧. મૂળ લેખક સ્વામી દયાનંદને હિંદુ સમાજના આદર્શ સુધારક માનીને આ નિબંધ લખી રહ્યા છે, એટલા માટે જ્યાં-ત્યાં તેમણે 'હિંદુ' શબ્દનો પ્રયોગ કર્યો છે. - સ્વામી અનુભવાનંદ (હિંદી અનુવાદક)

**ત્રીજું લક્ષણ** : ત્રીજું લક્ષણ તે **રક્ષણપરતા**. સુધારકે વિનાશ કરવાને બદલે રક્ષણ કરવા તત્પર રહેવું જોઈએ. જેઓને સમાજ અથવા કોઈ સામાજિક કુરીતિ જડી આવે તેઓ તેનો નાશ કરતાં કરતાં વિનાશ જ કરવાની રીતિ પકડી ચાલે, તેમને ખરી રીતે સુધારક કહેવાય નહિ. જે છે, તેને રાખવાથી સારું થતું હોય, તો સુધારક તે રાખશે જ. જે જીર્ણ થઈ ગયું હોય, તેમાંથી સારું કાઢી લઈ, પછી તેને ઉખેડી નાંખશે. તે પતિત થઈ ગયું હોય, યા પડવા માંડતું હોય, તે જો એકદમ ત્યાગ ન કરવા જેવું હોય તો સુધારક તેનામાં નવી શક્તિ મૂકવાની યોજના કરી, તેને ફરી ઊભું કરશે. આને લીધે સુધારક નવા કરતાં જૂના તરફ વધારે પક્ષપાત બતાવશે અને તેની ગતિ પણ ઉતાવળીને બદલે ધીમી રાખશે. વીજળીનો વેગ રાખવાથી દુનિયામાં એકે સુધારાનું કામ થયું નથી. મંદગતિ ન હોય ત્યાં સુધી વિચારશીલ થવાય નહિ ને વિચારશીલ ન થવાય તો રક્ષણ-પરાયણ થવાય નહિ ને રક્ષણ-પરાયણ ન થવાય તો સુધારારૂપી વ્રતનું ઉદ્યાપન થાય નહિ.

**ચોથું લક્ષણ** : સુધારકનું ચોથું લક્ષણ છે **સત્યનિષ્ઠા**. વગર ડગે હંમેશાં સત્યનો આધાર લેવો તેનું નામ સત્યનિષ્ઠા. જર્મનીના પ્રખ્યાત સુધારક માર્ટિન લ્યુથરને જ્યારે પોપ જોડે વાંધો પડ્યો હતો, ત્યારે વર્મ્સ (Worms) શહેરમાં એક મોટી સભા ભરવામાં આવી હતી અને ત્યાં તેને હાજર રહેવાનું કહેવામાં આવ્યું હતું. એ સભામાં યુરોપની આખી શક્તિ અને સંપતનો સમાવેશ થઈ ગયો હતો, એમ કહીએ તો ચાલે. એમાં બેઠેલા રાજાથી તે રંક સુધી સૌ લ્યુથરના મહાન શત્રુ હતા. એ મહાસભામાં હાજર ન થવું, એવો લ્યુથરનો એકે એક મિત્ર એને આગ્રહ કરતો હતો. પરંતુ તેમની સલાહ ન સાંભળતાં લ્યુથરે તેમને સ્પષ્ટ પણે કહ્યું કે, "અગર જોકે આ શહેરનાં છાપરાંને જેટલાં નળીયાં છે, તેટલા મારા શત્રુઓ - અથવા કે શેતાનો વર્મ્સમાં હશે, તોપણ હું ત્યાં હાજર થઈશ."[૧] આ વીરોચિત વાણીને સાંભળી તેના મિત્રો પણ

૧. "Go, tell your master that though there should be as many devils at Worms as there are tiles on its roofs, I would enter it." : Martin Luther - The Great European Reformer, p. 88. - લેખક. સ્વામી દયાનંદે લ્યુથરના આ ગુણની પ્રશંસા પૂનામાં આપેલ એક પ્રવચનમાળામાં કરી હતી. દ્ર. 'ઉપદેશ-મંજરી', બારમું પ્રવચન. - સં.

વિસ્મિત થઈ ગયા. લ્યુથર નિશ્ચિંતપણે વર્મ્સની સભામાં હાજર થયો અને પોતાનો જયનો ડંકો વગડાવ્યો. આનું નામ સત્યનિષ્ઠા.

કોઈ કહેશે કે સુધારકને સત્યનિષ્ઠ હોવાની શી જરૂર છે ? તેનો જવાબ એ છે કે નિડરપણાની અને અતિ ઘણા બળશાળીપણાની - જોરની તેને જરૂર છે. જે ભ્રમ કેટલો વખત થયા કરોડો લોકોની પ્રીતિ તથા શ્રદ્ધા મેળવી મજબૂત થયો હોય, જે કુરીતિ હજારો વરસ થયા લાખો લોકોના મનમાં જડ ઘાલી બેઠી હોય, તેને ઉખેડી નાંખવી, તેમાં સાધારણ બળનું કામ નહિ. એક સો માણસનાં બળ તથા મહેનતથી એક મોટો મહેલ એક દિવસમાં પાડી નાંખી શકાય. હજાર માણસ ભેગાં થઈ એક મહા અરણ્યને એક દિવસમાં જ મેદાન કરી નાંખી શકે, પરંતુ કહો કે, સો જણ ધારે અથવા તો હજાર જણ ભેગા થાય તો પણ જડ મૂળ ઘાલી બેઠેલી કુરીતિનો નાશ કરી શકે ખરા ? પરંતુ જે કામ આ સેંકડો અથવા હજારોનો સમૂહ ન કરી શકે તે સુધારક એકલો જ માત્ર કરી શકે છે; કારણ કે તે સત્યનિષ્ઠ હોય છે. તેની પાસે સત્યનું અજેય અને અમિત બળ હોય છે. સત્યના અનંત આશ્વાસન વડે સુધારક હંમેશાં નિડર રહે છે; અને પૃથ્વી પર સત્ય સિવાય એવી બીજી કઈ વસ્તુ છે કે જે માણસને હંમેશાં બીક રહિત રાખે ? દુનિયામાં સત્ય સિવાય એવો મુગટ નથી, મણિ નથી, રાજ્ય-દંડ નથી, રાજ્ય-છત્ર નથી કે જે ધારણ યા ગ્રહણ કરી માણસ બધી જગ્યાએ અને સૌની સમક્ષ શંકાશૂન્ય અને સંકોચશૂન્ય રહી પોતાનું જીવન ગાળે. આ કારણથી સુધારકને કોઈની બીક હોતી નથી, કોઈના ગુસ્સાથી તે ડરતો નથી, તેની સામે મોટો બાદશાહ આવીને ઊભો રહે, તો તે પણ તેની ગતિ રોકી શકતો નથી.

**પાંચમું લક્ષણ** : પાંચમું લક્ષણ એ છે કે તેને એવો વિશ્વાસ હોવો જોઈએ કે **અંતે સત્યનો જ જય** થાય છે. કોઈ દિવસ પણ સત્યનો જય થશે એવી મનમાં જો ખાત્રી ન હોય તો સુધારક એક પગલું પણ આગળ વધી શકે નહિ. નિરાશા અને સંદેહ તો હમેશ તેણે તજવાં જ જોઈએ. જે નિરાશાના દંશવાથી ઘવાય છે અથવા તો સંદેહના હિંચકા વડે ઝોલ્લાં ખાય છે, તે વિદ્યા વડે ભલે બૃહસ્પતિ પર જય મેળવી લે, તોપણ સુધારકના વ્રત-સાધન માટે તો તે તદ્દન જ અયોગ્ય ગણાય છે.

નિરાશાને બદલે આશાની અભયવાણી સાંભળતાં સાંભળતાં, સંદેહના બદલે નિશ્ચયતાના પ્રકાશ વડે રસ્તો જોતાં જોતાં, સુધારક પોતાની રણભૂમિમાં આગળ વધે છે. ચારે દિશા આફતનાં કાળાં વાદળાંથી છવાઈ ગયેલી હોય છે, જુલમાટથી - જુલમથી ચારે બાજુ વંટોળિયા વડે ધૂળથી અદૃશ્ય થઈ ગયેલી હોય છે, ગરીબાઈનું હીમ તેને લાચાર કરી નાંખે છે, તોપણ સુધારક એક ક્ષણ માત્ર પણ નિરાશ થતો નથી. તેનું કારણ કે સત્યનો અંતે જય થશે, એમ તે માને છે. તેનું લોહી રેડવા તલવાર ઉગામેલી હોય, કઠોર બંદીખાનામાં ઘોર રાત્રી પર રાત્રી તેને કાઢવી પડતી હોય, લોઢાની બેડીનો ભાર ખેંચતાં તેનાં અવયવ કાળાં પડી ગયાં હોય, તો પણ એક દિવસ પણ તે હિંમત હારતો નથી; કારણ કે સત્યનો જય થશે જ, એમ તે જાણે છે.[૧] પોતાની સન્મુખ પડેલી વસ્તુને જેટલી સ્પષ્ટતાથી તે જુએ છે, તેટલી જ સ્પષ્ટતાથી સત્યનો અંતે વિજય પણ તે જુએ છે. સુધારકને સદા એ જ આશા રહે છે કે જોકે આજે દરેક રીતના અપમાનની કાંટારૂપી માળા ગળામાં ઘાલી પૃથ્વીના એક ભાગ પર એકલો ઊભો રહી, જે બાબતનું તે વિવેચન કરે છે, તે આજે નહિ તો કાલે, નહિ તો બે વરસે, નહિ તો સો વરસે પણ લોકગ્રાહ્ય થશે, લોકો તેને માનશે. આથી જેમ સુધારકને સત્યનિષ્ઠ થવું ઘટે છે, તેમ જયનિષ્ઠ થવું પણ ઘટે છે, અથવા તો જે સત્યનિષ્ઠ હોય, તે સ્વાભાવિક રીતે જયનિષ્ઠ પણ હોય છે; કારણ કે સત્યનું બીજું નામ જય છે.

**છઠ્ઠું લક્ષણ** : છઠ્ઠું લક્ષણ છે **આત્મ-વિલોપ**. આત્માભિમાન (એટલે કે 'હું છું' એવો ભાવ અથવા તો આપવડાઈ) છોડવું તેનું નામ આત્મ-વિલોપ. એક અમુક બાબતમાં અભિમાન છોડ્યું હોય, તેવું ન જોઈએ. દરેક વિષયમાં તેનો ત્યાગ કરવો જોઈએ. હું-પદ અથવા આત્માભિમાન એ સુધારકના રસ્તામાં મોટી અડચણ કહેવાય છે; કારણ કે આત્માભિમાન વડે 'મારામાં ઘણી શક્તિ છે', એવો ભાવ આવે છે, અને આત્માભિમાન વડે માણસમાં પોતાની ખ્યાતિ થાય એવાં કામ કરવાની ભાવના

---

૧. આનાં જ્વલંત ઉદાહરણ શીખોનો ઈતિહાસ, સૉક્રેટિસનું જીવન અને આર્યસમાજના સાહિત્ય અને પ્રચારકોમાં શ્રી પં. લેખરામજી તથા સ્વામી શ્રદ્ધાનંદજીના જીવનચરિત્રો છે. - સ્વામી અનુભવાનંદ

ઉત્તેજિત થાય છે. આવું હોય ત્યાં સત્યનો પ્રચાર માણસથી કરી શકાય નહિ. એટલું જ નહિ, પણ સત્ય-પ્રચાર કરતાં તે આત્મ-પ્રચાર કરી બેસે છે. આત્મ-પ્રતિષ્ઠાને લીધે સુધારક પોતાના વ્રતની પરિસમાપ્તિ કરી અટકતો નથી, બલ્કે વિશેષ કરીને સુધારાની વેદીની પાછળ અથવા તેની બરાબર પોતાની પણ એક વેદી બનાવી, તેનો જ મહિમા હજાર રીતે વધારવાની આકાંક્ષા તેને રહે છે.

આ પ્રસંગે એક વાત યાદ રાખવાની છે કે સુધારક અને સંસ્થાપક એ બે એક વસ્તુ નથી. સુધારક જો સંસ્થાપક થવા જાય તો તે સુધારક નહિ રહે. માટે જો કોઈ, એ સુધારકને સંસ્થાપકના આસને બેસાડવા ચાહે અથવા તો કોઈ નવા સંપ્રદાયના સ્થાપક તરીકે તેને લોકમાં ઓળખાવવા માંગે, તો તેણે એક ક્ષણ માટે પણ એ આત્મ-પ્રભુત્વ અથવા આત્મ-પ્રતિષ્ઠાના આવેગમાં ઘસડાઈ ન જતાં, એ આરોપ અયોગ્ય તથા પોતાના ધર્મને અસંગત છે, એમ જાણી તરત જ તેનાથી દૂર નાસવું. બ્રહ્મસમાજના સ્થાપનાર રાજા રામમોહનરાયે જ્યારે હિંદુ ધર્મનો સુધારો કરવાના સંકલ્પથી બંગાળને હલમલાવી મૂક્યું હતું, ત્યારે 'તમે કોઈ નવો ધર્મ સ્થાપો છો કે શું ?' - એવો સવાલ પૂછતાં કોઈ કોઈ માણસ અચંબા સાથે તેમની પાસે આવતા. રામમોહનરાય તેમને ચોખ્ખો જવાબ આપતા કે, "હું કોઈ ગ્રંથ લખી યા મોઢેથી વાત કહી મને પોતાને 'બ્રહ્મવાદના સંસ્કારક યા ઉદ્ભાવક' તરીકે ઓળખાવવા માગતો નથી. એટલું જ નહિ, પણ એવી ઇચ્છા પણ કદી મારા મનમાં થઈ નથી. હું તો ફક્ત એટલું જ મનાવવા પ્રયત્ન કરું છું કે બ્રહ્મવાદ એ જ હિંદુઓનો ખરો ધર્મ છે, અને આપણા પૂર્વજો પણ એ જ ધર્મ પાળતા હતા."[૧] આ ભાવ રાજા રામમોહનરાયને ખરેખર યોગ્ય જ હતો. આત્માભિમાનને તેઓ એવી ધિક્કારવા લાયક વસ્તુ ગણતા હતા. તેનાથી એટલા દૂર રહેતા હતા કે પોતાને 'સુધારક' કહેવડાવતાં તેમના મનને સંકોચ થઈ આવતો. એ કેવી આત્માભિમાનની શૂન્યતા અને કેવો આત્મ-વિલોપ !

---

૧. English works of Raja Rammohan Roy, edited by Baboo J.C. Ghosh, M.A.B.L., Vol. I, p. 106. - લેખક.

# હિંદુ સુધારકનાં લક્ષણો

સાધારણ સુધારકનાં લક્ષણ ઉપર કહ્યાં. હવે હિંદુ સુધારક વિશે વાત કહીશું. પૂર્વોક્ત લક્ષણ સિવાય બીજાં લક્ષણ હિંદુ સુધારકને છે ખરાં ? હા, બે છે : શાસ્ત્રાપેક્ષિતા અને સંન્યાસ.

શાસ્ત્રાપેક્ષિતા એટલે શું, તે જોતાં પહેલાં હિંદુ શાસ્ત્ર કોને કહેવું તેનો વિચાર કરીશું.

શ્રુતિ, સ્મૃતિ, દર્શન, પુરાણ, ઉપપુરાણ વગેરે ઢગલાબંધ ગ્રંથો હિંદુઓના સાહિત્ય ભંડારમાં જોવામાં આવે છે. છતાં ખરું પૂછો તો શ્રુતિ અર્થાત્ વેદ, તે જ હિંદુઓનું શાસ્ત્ર.

હિંદુઓ પ્રાચીન કાળથી વેદને જ શાસ્ત્ર તરીકે માનતા આવ્યા છે. શાસ્ત્ર એટલે શાસન-વાક્ય. નીતિનું શાસન - શિક્ષણ, કર્તવ્યનું શાસન અને વિધિ-નિષેધનું શાસન આપવા માટે શાસ્ત્ર રચાયેલાં. આ બધાં શાસનમાં ધર્મનું શાસન સર્વોપરી ગણાય છે. મુખ્યત્વે કરીને ધર્મનું શાસન આપવા માટે જ શાસ્ત્ર ઉત્પન્ન થયેલાં. ધર્માધર્મનો નિર્દેશ કરવો એ જ શાસ્ત્રનું મુખ્ય કામ હોય, અને જ્યારે હિંદુઓ વેદનો જ શાસ્ત્ર તરીકે સ્વીકાર કરે છે, ત્યારે જેને વેદનો આધાર હોય તેને જ હિંદુઓ ધર્મ તરીકે ગણશે કે નહિ ? અલબત્ત ગણવું જ જોઈએ; કારણ કે મનુએ ચોખ્ખું કહ્યું છે કે - 'ધર્મ-જિજ્ઞાસુએ તો વેદને જ સર્વોપરી પ્રમાણ ગણવાનું છે.'[૧] મતલબ કે જેનું વેદમાં પ્રતિપાદન થયેલું હોય, તે જ ધર્મ ગણાય.

હવે વિચારવાનું છે કે જો માત્ર વેદ જ હિંદુઓનું શાસ્ત્ર ગણાય, તો પછી પુરાણ વગેરે ગ્રંથોનો અભ્યુદય શી રીતે થયો અને પુરાણાદિકને શાસ્ત્ર તરીકે શા માટે ગણવાં જોઈએ ? આના જવાબમાં વિશેષ ન લખતાં માત્ર એટલું જ જણાવવું બસ થશે કે પુરાણ, દર્શનાદિ ગ્રંથો વેદને આધારે રચાયેલા છે. હિંદુ શાસ્ત્રની ગ્રંથમાળાનું

---

૧. 'ધર્મજિજ્ઞાસમાનાનાં પ્રમાણં પરમં શ્રુતિઃ' (મનુસ્મૃતિ : ૨.૧૩) ઇત્યાદિ શ્લોકની ટીકા કરતાં કુલ્લૂક ભટ્ટે પણ કહ્યું છે : 'શ્રુતિ-વિરોધે સ્મૃતિવાક્યમનપેક્ષ્યં અપ્રમાણં અનાદરણીયમ્'. - લેખક

અવલોકન કરતાં એટલું તો સમજી શકાય છે કે, તંત્રના ગ્રંથો સિવાય બીજા બધા ગ્રંથોએ વેદ-પુરુષનાં પગલાંનું અનુસરણ કરવા પ્રયત્ન કર્યો છે, અને જેનું જેટલું અનુસરણ તેટલી તેને શાસ્ત્રના ગ્રંથ તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ છે. એટલા માટે જો વેદને કબૂલ રાખવામાં આવે, તો પછી છએ દર્શન પણ સ્વીકારાય અને વીસે સ્મૃતિ પણ માનનીય ગણાય. વીસ સ્મૃતિમાં મનુસ્મૃતિ સૌના કરતાં શ્રેષ્ઠ ગણાય છે. તેનું કારણ એ છે કે બીજા બધાનાં કરતાં મનુ વેદને વધારે નમ્યા છે. પુરાણ અને ઉપપુરાણ સુધ્ધાં વેદમાં લખેલાં આખ્યાનોને અલંકાર રૂપે વર્ણવી, જુદી જુદી જાતની કથા વાર્તામાં તેને ભેળવી નાંખી, યા તો ગુંથી લઈ, સાધારણ લોકોમાં તેનો પ્રચાર કરે છે. સઘળાં પુરાણોમાં શ્રીમદ્ ભાગવત ચક્રવર્તી ગણાય છે. પ્રાચીન અને અર્વાચીન વૈષ્ણવ સંપ્રદાયના અદ્વિતીય ભક્તિ શાસ્ત્રના ગ્રંથ તરીકે પૂજાય છે. તે ભાગવત નિગમ એટલે વેદરૂપી કલ્પવૃક્ષના ગલિત ફળ તરીકે પોતાને ઓળખાવે છે.[૧] એટલે કે હિંદુઓને મન વેદ તે જ શાસ્ત્ર, વેદ તે જ શાસ્ત્રનું મૂળ ને વેદ તે જ શાસ્ત્રનો પ્રાણ છે. પ્રાણ સિવાય જેમ શરીર નભી શકે નહિ, પ્રાણ સિવાય હાથ-પગ વગેરે અવયવો હાલી-ચાલી યા જીવી શકે નહિ, તેમ વેદ સિવાય અથવા વેદનો કોઈ ને કોઈ પ્રકારે આધાર લીધા સિવાય, આ આર્યભૂમિમાં કોઈ પણ શાસ્ત્રને પરિચિત યા પ્રતિષ્ઠિત થઈ શકવું અસંભવિત છે. હિંદુઓના મનોરાજ્ય પર વેદે કેટલી બધી સત્તા બેસાડી દીધી છે, તેનું વર્ણન થઈ શકતું નથી. આ હિંદુસ્તાનનો હિમાલય પર્વત કદી તેમાં આખો ને આખો સમાઈ જાય એવું બને, પરંતુ હિંદુસ્તાનમાંથી - હિંદુઓના હૃદયમાંથી વેદ પરનો વિશ્વાસ કદી ખસે, એવું તો બને જ નહિ. બૌદ્ધ મતની આફત આવવાથી, તેના સખત ફટકાથી હિંદુઓની શાસ્ત્રરૂપી વાડી છિન્નભિન્ન થઈ ગઈ એ વાત ખરી, મુસલમાની સલ્તનતના કઠોર પીડનથી હિંદુઓનો પોતાના શાસ્ત્ર પરનો વિશ્વાસ ડગમગી ગયો એ વાત ખરી, અને આજે પણ માત્ર આ દુનિયાનાં જ સુખ જોનાર યુરોપિયન સુધારાના પ્રવાહથી હિંદુઓની વિશ્વાસભૂમિ દિવસે દિવસે ક્ષીણ અને શિથિલ થતી જાય છે એ પણ ખરું, છતાં હિંદુઓએ વેદ પરનો પોતાનો વિશ્વાસ

---

૧. 'નિગમકલ્પતરોર્ગલિતં ફલં ...' (શ્રીમદ્ ભાગવત, પ્રથમ સ્કંધ) ઈત્યાદિ. - લેખક

બિલકુલ ઉઠાડી નાંખ્યો નથી, અને કદી ઊઠાડી નાંખશે એમ લાગતું પણ નથી.

વેદના મૂળને લીધે શાસ્ત્રનું શાસ્ત્રપણું છે. તેથી અમુક શાસ્ત્રનો જેટલે દરજ્જે વેદ ઉપર આધાર તેટલે દરજ્જે તેને આદર મળે અને જે શાસ્ત્રને જેટલે દરજ્જે વેદનો આધાર ન હોય તેટલે દરજ્જે તે અશાસ્ત્ર ગણાઈ, અગ્રાહ્ય તરીકે લેખાય છે. શાસ્ત્રની પ્રમાણતા અથવા તો અપ્રમાણતા બંનેનો આધાર તેના વેદમૂલકત્વ ઉપર રહેલો છે, ત્યારે પછી જ્યાં જ્યાં શાસ્ત્રમાં જ શાસ્ત્ર-વિરુદ્ધ વાત આવે ત્યાં ત્યાં તે વાત વેદને આધારે કહેવાયેલી છે કે કેમ તે જ માત્ર જોવામાં આવે, તો તેમાં હરકત શી ? મહર્ષિ વ્યાસે કહ્યું છે કે – "શ્રુતિ-સ્મૃતિમાં પરસ્પર વિરોધ હોય ત્યાં શ્રુતિને પ્રમાણ રૂપે ગણવી, અને સ્મૃતિ-પુરાણમાં વિરોધ હોય ત્યાં સ્મૃતિને પ્રમાણ રૂપે ગણવી."[૧] પુરાણ કરતાં સ્મૃતિ ચઢિયાતી, અને સ્મૃતિ કરતાં શ્રુતિ ચઢિયાતી. ત્યારે પછી શ્રુતિ એટલે કે વેદનું પ્રામાણ્ય જ સર્વોપરી કહેવાય એ સાબિત થાય છે કે નહિ ? આ ઉપરથી એટલું તો સિદ્ધ થાય છે કે વેદ તે જ હિંદુનું શાસ્ત્ર, અને તેથી હિંદુની પાસે વેદની અપેક્ષા કે શાસ્ત્રની અપેક્ષા કહો તેનો એક જ અર્થ થાય છે.

શાસ્ત્રાપેક્ષા એટલે શું ? અમુક વિષયની યોગ્યતા કે અયોગ્યતા, અમુક કામની કર્તવ્યતા કે અકર્તવ્યતા સંબંધે શાસ્ત્રના અભિપ્રાયની દરકાર કરવી – તે અભિપ્રાયને ગણકારવો, તેનું નામ શાસ્ત્રાપેક્ષા. કુટુંબ યા સંસાર સંબંધે ગમે તે અમુક કાર્ય અથવા પ્રથા, રીત-રિવાજ રીતસર હોય એટલું જ નહિ, પણ ન્યાયસંગત એટલે કે વાજબી હોય, તો પણ જ્યાં સુધી શાસ્ત્રની નજરે જોતાં તે શાસ્ત્રને અનુકૂળ ન હોય અથવા તેને શાસ્ત્રનો આધાર ન હોય, તો હિંદુ તેને અગ્રાહ્ય અને અયોગ્ય ગણશે. એટલા માટે કોઈ અમુક સિદ્ધાંતનું પરિવર્તન યા પ્રચલન કરવા માટે કોઈ અમુક સામાજિક વિધિના પ્રવર્તન અથવા વિચ્છેદને માટે હજારો યુક્તિઓનું અવતારણ કરીને પણ હિંદુ શાસ્ત્રનો અપેક્ષિત બને છે. શાસ્ત્રની આ રીતની અતિશય દરકાર તે હિંદુ પ્રકૃતિનું એક સાધારણ લક્ષણ છે.

આ શાસ્ત્રના અપેક્ષિતપણાનું નિદર્શન હિંદુસ્તાનના ધર્મ અને સમાજસુધારાના

---

૧. 'શ્રુતિ સ્મૃતિ પુરાણાનાં વિરોધો યત્ર દશ્યતે, તત્ર શ્રૌત્રં પ્રમાણન્તુ તયોર્દ્વૈધે સ્મૃતિર્ત્વરા.' (મહાભારત ) – લેખક

ઇતિહાસમાં ઠેકાણે ઠેકાણે થાય છે. આપણા દેશના સુધાકરો અને આચાર્યો સઘળા જ આ શાસ્ત્રાપેક્ષિતાનું અનુકરણ કરતા ચાલ્યા છે. એટલું જ નહિ, પણ જાણે તેનું અનુકરણ કરતા હોય એવો દેખાવ આપતા રહ્યા છે. ભરતખંડમાંથી જે વખતે વેદનો પાઠ ઓછો થવા માંડ્યો, અને બાદરાયણના બ્રહ્મસૂત્રે વેદાંતનું નામ ગ્રહણ કરી વેદની ખાલી પડેલી જગા લીધી અને વેદનાં માન અને પ્રતિષ્ઠા વેદાંતને મળવાં લાગ્યાં, તે વખતે દેશના સુધારકોએ વેદના બદલે વેદાંતનો આધાર લેવા માંડ્યો. એટલું જ નહિ, પરંતુ દરેકે પોતાનાં સિદ્ધાંત તથા પ્રણાલીનું મૂળ વેદ છે, એ વાતનું પ્રતિપાદન કરવા કમર કસેલી, અને દરેકે વેદાંતની સૂત્રમાળાને ગમેતેમ મારીમચડી, પોતાના મતને અનુકૂળ બનાવવા માંડેલી. તેથી વેદાંતનાં જુદાં જુદાં ભાષ્ય પ્રસિદ્ધ થવાં માંડ્યાં, વેદાંતના નામે જુદા જુદા મત ચાલવા લાગ્યા. શંકરે વેદાંત લઈને જ અદ્વૈતવાદની સ્થાપના કરી, રામાનુજે વેદાંતનો આધાર લઈને જ વિશિષ્ટાદ્વૈતવાદ સૂચવ્યો, અને મધ્વાચાર્ય વગેરે બીજા આચાર્યોએ પણ વેદાંતને નામે જ પોતપોતાના સંપ્રદાય ચલાવ્યા. છેવટે શંકર તો સાક્ષાત્ સરસ્વતીનો અવતાર ગણાયા, અને પાંડિત્યની પ્રચૂરતાને લીધે રામાનુજ એક અસાધારણ માણસ તરીકે ગણાયા, પરંતુ શું શંકર કે શું રામાનુજે જો શાસ્ત્રની અપેક્ષા ન કરી હોત, શાસ્ત્રનો આધાર ન લીધો હોત, તો તે એક શબ્દ સરખો કહેવાનું સાહસ કરી શકત નહિ. ભરતખંડ બહુ વિચિત્ર ભૂમિ છે. હિંદુની પ્રકૃતિ બહુ રહસ્યમય (ન સમજાય તેવી) છે. કારણ કે કહો તો ખરા કે આ આર્યભૂમિમાં શાસ્ત્રના આધારનો ઝંડો ખાંધે ન લીધો હોત, વેદ-વેદાંતનું નામ સરખું ન લીધું હોત, તો કોઈ પણ સુધારક કાંઈ કરી શકત ખરો ? કહો તો ખરા કે અશોક અને શિલાદિત્યના જેવા ચક્રવર્તી રાજાઓના મહેલની માળાઓથી પરિપુષ્ટ અને તેમના મુકુટની છાયા નીચે વૃદ્ધિ પામેલો બૌદ્ધ ધર્મ ભરતખંડમાંથી કેમ ઉપડી ગયો ? કહો તો ખરા કે બ્રાહ્મસમાજના સ્થાપક રાજા રામમોહનરાય યુરોપિયન વિદ્યાઓ શિખ્યા હોવા છતાં તેમણે પણ શાસ્ત્રોનો આધાર કેમ લીધો ? રામમોહનરાયના અનુવર્તી બ્રાહ્મવર્ગનો વિચાર પોતાના સિદ્ધાંતનો આધાર સહજ જ્ઞાન અથવા સ્વેચ્છાવાદ પર રાખવાનો હોત તોપણ એ પોતે સારી રીતે સમજતા હતા કે માત્ર

સહજ જ્ઞાન ઉપર જ આધાર રાખવો સલામતી ભરેલો નથી. તે સારી રીતે જાણતા હતા કે માત્ર સહજ જ્ઞાન અથવા તો આત્મ-પ્રત્યયની (એટલે કે મનની ખાતરી કરી આપવી તેની) જ મદદ લેવાથી આ દેશમાં ધર્મ સંબંધી કાંઈ પણ કાર્ય થઈ શકશે નહિ. તેને ખરી ખાતરી હતી કે કેવળ યુક્તિવાદનો આશ્રય લીધાથી આર્યાવર્તનો બગડેલો ધર્મ યા બગડેલો સમાજ સુધારી શકાશે નહિ. આ કારણથી શાસ્ત્રના આધારનું નિશાન ખાંધે લઈ, ઉપનિષદ્ વગેરેના પ્રચારરૂપે શાસ્ત્રનો આધાર લઈ તેના પર બંગાળમાં બ્રહ્મવાદ સ્થાપવાનો પોતે પ્રયત્ન કર્યો. આવા આવા સબબથી (હેતુ અથવા કારણથી) એટલું તો નક્કી થાય છે કે શાસ્ત્રાપેક્ષિતા એ હિંદુ સુધારકનું એક જરૂરનું લક્ષણ છે.

હવે સંન્યાસની વાત લઈશું : 'સંન્યાસ' શબ્દનો ધાતુ પ્રમાણે અર્થ ગમે તે હોય, તો પણ આપણે તો સંન્યાસ એટલે સત્યમાં તન્નિષ્ઠ થઈ જવું, એવું જ સમજીશું. 'બ્રહ્મ સત્ય, જગત મિથ્યા' એ જો એક સત્ય હોય, તો એ સત્ય પ્રમાણે સંન્યાસીને જેમ જગતનો સઘળો સંબંધ ત્યાગ કરવો ઘટે છે, તેમ બ્રહ્મરૂપી સત્યમાં તદ્ગત - એકાકાર થઈ જવું પણ ઘટે છે. એક માણસે બીજાને પોતાના ભાઈ તરીકે ગણવો જોઈએ, એ વાત જો સાચી હોય તો પછી સંન્યાસીએ તો મનુષ્ય માત્ર તરફ જ ભ્રાતૃભાવ રાખવો જોઈએ. શું માણસ કે શું પશુ, કે શું પક્ષી, ચેતન અને અચેતન, સ્થાવર અને જંગમ, આખી પૃથ્વી, સેંકડો ભૂમંડળોથી વીંટળાયેલું આ સમસ્ત બ્રહ્માંડ તે એક અનંત અને અવિચ્છિન્ન શક્તિના યોગથી ઘડાઈ રહેલું છે, ચાલે છે, અને જીવતું રહે છે. જો એને પણ એક સત્ય તરીકે માનીએ તો સંન્યાસી પછી એ સત્યમાં તન્નિષ્ઠ થઈ, બ્રહ્માંડમાં રહેલી હંમેશની વસ્તુને એક અને અવિચ્છન્ન દૃષ્ટિથી જોઈ શકે છે. આવી રીતનું સત્ય જે હોય તેમાં સંન્યાસી તલ્લીન થઈ રહે છે.

સત્યમાં તલ્લીન થઈ જવું તેનું નામ જ્યારે સંન્યાસ કહેવાય ત્યારે સંન્યાસ વિનાનું જીવન સત્યનું સાક્ષી-સ્થળ થઈ શકે નહિ, એટલે કે સત્યને જોઈ શકે નહિ, એ કહેવાની જરૂર જ નથી; અને જીવન જો સત્યનું સાક્ષી-સ્થળ થાય નહિ તો પછી તે જીવન દ્વારા સત્યની સ્થાપના પણ થાય નહિ. કોઈ પૂછશે કે સુધારાની કથાનો ખરો

અર્થ શું છે, તે વિશે કોઈએ કદી કાંઈ વિચાર કર્યો છે ? ધર્મનો સુધારો, સંસારનો સુધારો, રાજનીતિયુક્ત સુધારો, વગેરે જાતજાતના સુધારાને સંબંધે મનુષ્ય જાતિએ સેંકડો વરસો થયાં જે કોલાહલ કરી મૂક્યો છે, તેનું મૂળ કારણ શું, એમ કોઈ પ્રશ્ન કરશે, તે વિશે પણ કોઈએ કાંઈ ચિંતવન કર્યું છે ? સત્ય એ જ આ વિશ્વ-બ્રહ્માંડનો સેતુ - સત્ય એ જ મનુષ્ય-સમાજનું બંધન - સત્ય એ જ મનુષ્ય-જીવનના વિકાસ અને ઉન્નતિનો એકમાત્ર આધાર છે, એટલું આ નાના સરખા નિબંધમાં ખાસ કરીને કહેવામાં ન આવે તોપણ વાંચનાર જાણી શકશે કે જ્યારે એ બંધન શિથિલ થાય છે, ત્યારે સંસારનું બંધન પણ તૂટી જાય છે. એ આધાર જ્યારે ડોલવા માંડે છે, ત્યારે જીવન પણ બગડવા માંડે છે. એવી રીતના તૂટ અને બગાડથી અથવા તો શિથિલ, બંધન વગરના સમાજ અને બગડેલા જીવનની થતી એકબીજા પરની અસરને લીધે ધીમે ધીમે મોટી આફત આવી પડવાની શરૂઆત થાય છે. માણસની સંસારમાંથી શાંતિ અંતર્ધાન થાય છે, સારા-માઠાની દરકાર ન કરતાં માણસ ઈષ્ટને બદલે અનિષ્ટનો આશ્રય લે છે, અને પછી ઘર, કુટુંબ, સમાજ, આખું જીવન તોફાની પવનને લીધે ડોલતા વહાણની માફક વિનાશ તરફ ઘસડાઈ જાય છે. આ વખતે એ ઘોર આફતમાંથી માણસનું રક્ષણ કોણ કરી શકે ? ક્યો ઉપાય કરી માણસ પોતે એ વિનાશમાંથી સમાજને અને પોતાના જીવનને બચાવી શકે ? એ ઉપાય એક માત્ર સત્યની પુનઃ સ્થાપના અથવા સુધારો છે, કારણ કે સુધારો અને સત્યની પુનઃ સ્થાપના એ બે એક જ છે. એટલા માટે સુધારક એવા બગડેલા સમાજની છાતી પર અથવા એવા વિકૃત અને બગડેલા જીવનની મધ્યમાં સત્યનો સુવર્ણદંડ હાથમાં લઈ પ્રગટ થાય છે, અને પોતાના જીવનને સર્વાંશે સત્યના સાક્ષી રૂપે સ્થાપી, સત્યની પુનઃ સ્થાપના કરી, એ વિકૃત અને વિપન્ન સમાજને સુધારવાના સંકલ્પથી અગ્રેસરપણું લે છે.

આપણા દેશમાં કહીં કહીં એવા બે-ચાર જણ જોવામાં આવે છે કે જેઓ સત્-શિક્ષાને પ્રસાદે જરા આગળ પડેલા હોય, અથવા તો પોતાના જીવનના લક્ષ્ય સંબંધે પ્રયાસ કરતા હોય, અને તેથી બીજાં દસ-પંદર કાર્યોમાં સમાજનું હિત એ પણ એક કાર્ય ગણી, પોતે પણ કાંઈ કર્યું છે એવી ગણત્રી કરતા હોય. પરંતુ માત્ર આટલાથી

જ તેઓ સુધારકનું પદ મેળવવાને લાયક કહેવાય નહિ. કદી એક-બે એવા પણ નરો જોવામાં આવે છે કે જેઓએ પોતાની પ્રતિભા અથવા મનસ્વિતા સંબંધે જન્મથી જ કોઈ અસાધારણ રીત પ્રાપ્ત કરી હોય છે, જેઓ પોતાનું કર્તવ્ય કરતી વખતે એક વીરના જેવી શક્તિ અને સામર્થ્યથી અગ્રેસર થાય છે, જેઓ પોતાના દેશની દુર્ગતિ અથવા સંસારમાં ચાલતી કોઈ એક કુરીતિને દૂર કરવા પોતાનું સામર્થ્ય, પોતાનું ધન સુધ્ધાં અર્પણ કરે છે, અને તેથી અગ્રેસરપણું પ્રાપ્ત કરે છે. પરંતુ તેથી પણ તેઓ હિંદુ સુધારક કહેવાય નહિ. તીક્ષ્ણ બુદ્ધિ, ઉજ્જવળ પ્રતિભા, માનસિક શક્તિનું બળ, પોતાની જાતિ પર મમતા, અને તે મમતાની ખાતર સ્વાર્થનું વિસર્જન કરવા તત્પરતા, વગેરે કેટલાક સદ્‌ગુણો હિંદુ સુધારકમાં હોવાની આવશ્યકતા છે, પરંતુ ઘણી આવશ્યકતા નથી. ભારત ભૂમિ જે વાતની સાક્ષી પૂરે છે, ભારતનું વાયુમંડળ ચારે તરફ જે કથાનો પ્રચાર કરે છે, અને ભારતના આભૂષણ રૂપી ગંગા-જમનાની યુગ-યુગવાહિની તરંગમાળા પ્રતિધ્વનિ રૂપે જે વાર્તા કહે છે તે તો એ છે કે, વિના સંન્યાસે, વિના વૈરાગ્યે, આર્યાવર્ત્તમાં સુધારકની પદવી મળી શકતી નથી. એટલા જ માટે ભારતનો શંકર સંન્યાસી હતો, રામાનુજ સંન્યાસી હતો, અને નદિયાનો શ્રીગૌરાંગ[૧] પણ સંન્યાસી થઈ તે જ ભારતનો સુધારક થયેલો. માટે એટલું પણ નક્કી થાય છે કે શાસ્ત્રાપેક્ષિતા માફક સંન્યાસ એ પણ હિંદુ સુધારકનું એક જરૂરનું લક્ષણ છે.

## દયાનંદ સુધારક ખરા કે નહિ ?

આ પ્રશ્નનો વિચાર કરતાં પહેલાં એ જોવું જોઈએ કે દયાનંદ હિંદુઓને બરાબર જાણી શક્યા હતા કે નહિ ? સ્થૂળને બદલે સૂક્ષ્મ તરફ જવું, લક્ષ્યને અનુસરવું, એ જે હિંદુઓની પ્રકૃતિ છે, તે પ્રકૃતિનો મર્મ એમને હાથ લાગ્યો હતો કે નહિ ? એના

૧. બંગાળના પ્રસિદ્ધ વૈષ્ણવ સંત (જન્મ : ઈ.સ. ૧૪૮૪). તેમને ચૈતન્ય મહાપ્રભુ, ગૌરાંગ દેવ તથા ગૌરાંગ પ્રભુ પણ કહે છે. પ્રાચીન કાળમાં બંગાળનું આ નદિયા (નવદ્વીપ) શહેર વિદ્યાનું પ્રસિદ્ધ કેન્દ્ર ગણાતું. - સં.

જવાબમાં એટલું જ કહીશું કે દયાનંદનાં વિચાર, વ્યાખ્યા, ભાષણ, શાસ્ત્રાલોચન, એકે અવાજે દર્શાવે છે કે હિંદુ પ્રકૃતિથી પોતે જેવા સુપરિચિત હતા, તેવા જ હિંદુ જીવન અને હિંદુ સમાજના યથાર્થ મર્મથી પણ જાણીતા હતા. આ ઉપરાંત આપણી અધોગતિ પામેલી જાતિનો ઉદ્ધાર કરવાના વિચારથી જે જે રસ્તા તેમણે પકડેલા તે સઘળા રસ્તા હિંદુ પ્રકૃતિને અનુકૂળ આવશે, એમ સમજીને પકડેલા, તે પણ આપણાથી સમજી શકાય છે. આ ઉપરથી સાબિત થાય છે કે હિંદુ કોણ, એ તત્ત્વ પૂરેપૂરી રીતે દયાનંદ સમજતા હતા. માટે હવે એ જ જોવાનું રહ્યું કે સુધારકને અંગે અત્યાર પહેલાં જે લક્ષણ આપણે જોયાં, તે તે લક્ષણ એ મહાપુરુષમાં હતાં કે નહિ ?

**પહેલું લક્ષણ પોતાની જાતિને ઓળખવું તે.** દયાનંદ જેવા પોતાની જાતિને ઓળખતાં માણસ બહુ જ થોડાં હોય છે. હિંદુ જાતિ અને હિંદુ પ્રકૃતિ સાથે બહુ ગાઢ સંબંધથી પોતે જોડાયેલા હતા. હિંદુ સમાજના ઊંચામાં ઊંચાથી તે નીચામાં નીચા સ્તર સુધી બધે જ તેમની ગતિ પહોંચી ગઈ હતી; કારણ કે જેમ મેવાડ અને મારવાડના મહારાજાઓ તેમને આમંત્રણ આપતા હતા, તેમ ગરીબમાં ગરીબ માણસને ઘરે જઈ તેઓ ધર્માલાપ કરતા હતા. પોતે સંન્યાસી હતા છતાં આજકાલના સંન્યાસીઓની માફક તેમની દૃષ્ટિ સાંકડી તથા એક જ પ્રદેશ તરફ જોઈ રહેનારી ન હતી. છેવટ છેવટ, હિંદુ જીવનના સઘળા ભાગ ઉપર તેમણે પોતાની દૃષ્ટિ વિસ્તારી હતી. કોઈ શહેરમાં અથવા જે જગ્યાએ ઘણાં માણસોનો વાસ હોય ત્યાં તેઓ રહેતાં નહિ (દયાનંદ ઘણુંખરું એકાંતવાસ જ પસંદ કરતા). લોકોની જોડે બહુ સંબંધમાં આવવું એમને ગમતું ન હતું,[૧] તોપણ લોકચરિત્રનું જ્ઞાન મેળવવા સંબંધે તેમને કોઈ રીતનો એ બાબતને લીધે પ્રતિબંધ થતો નહિ. કારણ કે જે જગ્યાએ પોતે જઈ રહેતા, તે જગ્યા લોકોની મેદનીથી પરિપૂર્ણ થઈ જતી. તેઓ જો નગરની બહાર આવી મુકામ નાંખતા, તો લોકો નગર છોડી ત્યાં જઈ ઊતરતા. તેઓ જો એકાંત, નિર્જન સ્થળમાં ઊતરતા, તો તે એકાંત સ્થળમાં કોલાહલ થઈ ઊઠતો. તેઓ જો ગંગાકિનારે ચાલતાં

૧. પોતાની અવધૂતાવસ્થામાં (કલકત્તા-ગમન પહેલાં સુધી) સ્વામી દયાનંદ વસતિની બહાર બાગ-બગીચા વગેરેમાં જ રોકાવાનું પસંદ કરતા હતા. - ડૉ. ભારતીય

જતા, તો ગંગાનો કિનારો પણ લોકોનાં ટોળાંથી ભરાઈ જતો. કોણ જાણે એમના ચરિત્રમાં કઈ જાતની આકર્ષણ-શક્તિ હતી કે જેથી એમના આવવાની વાત સાંભળતાં જ શું શત્રુ કે શું મિત્ર, શું પંડિત કે શું મૂર્ખ - સૌ કોઈ તેમને જોવા તથા સાંભળવા દોડતાં.[૧] એટલું તો નિઃસંદેહ કહી શકાય કે જે દિવસથી દયાનંદ સરસ્વતીએ ભરતખંડમાં સુધારક તરીકે દેખા દીધી, તે દિવસથી તે છેક અંતના દિવસ સુધી, એક દિવસ પણ એવો નહિ ગયો હોય કે જ્યારે ઓછામાં ઓછા સો લોકો એમની આસપાસ ભરાઈ બેઠા ન હોય, અને એવી મંડળીની શંકાનું સમાધાન કરવામાં રોજના પાંચથી છ કલાક જતા નહિ હોય. માટે પોતાની એટલે કે હિંદુ જાતિની રીતિ - પ્રકૃતિ ઉત્તમ રૂપે જાણવાનો તેમને સહસ્રગણો સુયોગ હતો, એ પણ સારી રીતે સમજવામાં આવશે.

જેમ ગૃહસ્થને તેમ વૈરાગીને પણ દયાનંદ સારી રીતે ઓળખતા હતા. પોતે જાતે વિરક્ત (સંન્યાસી) હતા તેથી દંડી, પરમહંસ, વૈરાગી, બ્રહ્મચારી, અવધૂત, ઉદાસી - સૌને સારી રીતે જાણતા હતા; અને તેમની રીતિ-નીતિ, સાધન-સંપત્તિ સંબંધે પણ તેમને સંપૂર્ણ જ્ઞાન હતું. તે સિવાય વળી જ્યારે ઘર છોડી યોગ સિદ્ધ કરવાનું તપ કરવા માટે એક એક કરી અગિયાર વરસ કાઢી નાંખ્યાં, જ્યારે સિદ્ધ પુરુષોની શોધમાં નર્મદાના તટથી તે હમેશ બરફથી ઢંકાયેલા અલકનંદાના તટ સુધી તેમણે મુસાફરી કરી, ત્યારે કેટલા પ્રકારના સાધુઓનો એમને સમાગમ થયો હશે તથા સાધુ-સંન્યાસીઓની રહેણી-કરણીનું કેટલું પ્રચુર જ્ઞાન એમને થયું હશે, તે અત્રે વિસ્તારથી દર્શાવવાની જરૂર નથી. હિંદુસ્તાનમાં ચાલતા જુદા જુદા સંપ્રદાયોનું જ્ઞાન પણ તેમનામાં અસાધારણ હતું. આપણા દેશના પ્રાચીન તથા અર્વાચીન સઘળા સંપ્રદાયોથી પોતે પરિચિત હતા. શક્તિ, શૈવ, બ્રાહ્મ, ખ્રિસ્તી, આસ્તિક, નાસ્તિક વગેરે સઘળા સંપ્રદાયોના સિદ્ધાંતોનું તેમણે બારીકાઈથી અવલોકન કર્યું હતું, અને રામાનુજ, વલ્લભ, દાદુપંથ અને નાનકપંથ પાળનારાઓ સમક્ષ ઊભા રહી વૈદિક

---

૧. બરેલીમાં અંગદરામ સાથે સ્વામીજીને શાસ્ત્રાર્થ થયેલો. તે વખતે એટલી મેદની મળેલી કે દુકાનદારોએ ત્યાં દુકાનો ખોલેલી. આ વાત બરેલીના કોઈ શિક્ષિત મનુષ્યે ગ્રંથકારને કહેલી. - લેખક


thearyasamaj.org

ધર્મની જય-ધ્વજ પોતે ઉરાડેલી હતી.[1] ભરતખંડના શાસ્ત્રીઓની સ્થિતિની પણ તેમને સારી રીતે ખબર હતી. ઘણી જગ્યાઓના શાસ્ત્રીઓ પાસે તો પોતે અભ્યાસ કરેલો. એ સિવાય પોતે પણ શાસ્ત્રમાં એક્કો હતા. પોતાના સમયનો કોઈ પણ બંગાળી, પંજાબી, મહારાષ્ટ્રનો કે મધ્ય દેશનો એવો પ્રખ્યાત શાસ્ત્રી કે પંડિત નહિ હોય કે જેને તેમણે શાસ્ત્ર-સંગ્રામમાં પોતાની સામે ઊભા રહેવાનું કોઈ ને કોઈ વખત આમંત્રણ નહિ આપ્યું હોય. એવું કહે છે કે શાસ્ત્રાર્થની રણભૂમિમાં ઊભા રહી જે જે જુદી રીતે પંડિતો સાથે લાંબા વખત સુધી વાદ-પ્રતિવાદ પોતે કરતા, તેવા પ્રકારની શક્તિ માત્ર શંકરાચાર્ય સિવાય હિંદુસ્તાનના કોઈ બીજા આચાર્યમાં જોવામાં આવી નથી. માટે એ પણ સાબિત થાય છે કે, પોતાના દેશના શાસ્ત્રી તથા પંડિતોની અવસ્થા તથા પ્રકૃતિ સંબંધે તેમનું જ્ઞાન બહુ અસાધારણ પ્રકારનું હતું. ટૂંકમાં, આ રીતે જેણે વિશાળ હિંદુ જાતિના સઘળા વિભાગનું અવલોકન કરેલું, જેને બ્રાહ્મણ, શૂદ્ર, પંડિત, મૂર્ખ, ગરીબ, તવંગર અને ગૃહસ્થ તથા વેરાગી વગેરે સઘળી જાતના હિંદુઓની અવસ્થાની પૂરેપૂરી માહિતી હતી, તે ઉપરાંત સંસ્કૃત સાહિત્ય જે હિંદુ જાતિનું પોતાનું સાહિત્ય ગણાય છે, તે સાહિત્યનો પહેલેથી છેલ્લે સુધી જેણે અસાધારણ અધિકારથી અભ્યાસ કરી, હિંદુ પ્રકૃતિના ઇતિહાસ તથા તેના ક્રમવિકાસનો અક્ષરે અક્ષર પાઠ કરેલો, તે પોતાની જાતિને જાણનાર બીજા મનુષ્યમાં અગ્રેસર થવાનો પૂરેપૂરો લાયક ગણાય, તેમાં સંદેહ શો ? આ ઉપરથી જણાશે કે દયાનંદનું સ્વ-જાતિ-જ્ઞાન જેટલું ગંભીર તેટલું જ વિશાળ પણ હતું.

**બીજું લક્ષણ સ્વ-જાતિ-પ્રિયતા.** સ્વ-જાતિ-જ્ઞાન પ્રમાણે દયાનંદમાં સ્વ-જાતિ-પ્રિયતા પણ ઘણી હતી. દયાનંદ માત્ર સ્વ-જાતિ-પ્રિય હતા એટલું કહેવાથી તેમના એ લક્ષણનો પૂરેપૂરો વિચાર નહિ આવી શકે. જેને સ્વ-જાતિ-પ્રાણ કહે છે, તે દયાનંદ હતા. પોતે હિંદુ-પ્રાણ હતા છતાં વ્યવહારમાં 'હિંદુ' શબ્દ વાપરવાની બહુ વિરુદ્ધ હતા. પોતે 'હિંદુ' શબ્દ કદી બોલવામાં યા લખવામાં વાપરતા નહિ અને કોઈ વાપરે

---

૧. સ્વામી દયાનંદને આર્યાવર્તના વિભિન્ન મત-સંપ્રદાયોના સિદ્ધાંતો, આસ્થાઓ અને તેમાં પ્રચલિત કર્મકાંડોનું વિસ્તૃત જ્ઞાન હતું, એ સત્યાર્થપ્રકાશના અગિયારમા સમુલ્લાસના અધ્યયનથી સ્પષ્ટ થાય છે. - ડૉ. ભારતીય

તો તે કબૂલ રાખતા નહિ. કારણ કે 'હિંદુ' એ શબ્દ આપણને ગ્લાનિ ઉપજાવનારો તથા આપણી મર્યાદાનો નાશ કરનારો છે. આપણા દેશના મુસલમાન વિજેતાઓએ પોતાના મનમાં આપણે માટે જે અતિ ઘણો ધિક્કાર અને વિદ્વેષ હતો, તે દર્શાવવા માટે એ શબ્દ વડે આપણને સંબોધેલા.[૧] તેથી પોતે વિચાર, વ્યાખ્યાન અથવા તો પુસ્તક, કોઈ પણ જગાએ 'આર્ય' શબ્દ સિવાય બીજો વાપર્યો જ નથી. હિંદુના કલંકની વાત સાંભળી દયાનંદ કાંપી ઊઠતા, હિંદુઓની દુર્ગતિ - દુર્દશાથી પોતે મરવા પડતા. એ સંબંધમાં અજમેરમાં પ્રસિદ્ધ થતાં 'રાજસ્થાન સમાચાર'ના અધિપતિએ કહ્યું છે કે, **"અમે દયાનંદ જેવા હિંદુને ચાહનાર બીજા માણસ જોયા નથી. હિંદુ જાતિની આફત યા તેના પર આવતા કલંકના સમાચાર સાંભળી તેમના મનને એટલો કલેશ થઈ આવતો અને એ આફત યા કલંક કોઈ રીતે દૂર કરી શકાશે કે નહિ તે સંબંધમાં એટલી બધી ચિંતામાં પડી જતા કે જાણે પોતે જાતે જ કાંઈ મોટી આફતમાં આવી પડ્યા હોય એવું લાગતું."**

દયાનંદની સ્વ-જાતિ-પ્રીતિનું લક્ષણ માત્ર એક બે બાબતને અંગે જ દેખાઈ આવતું હતું, એમ ન હતું. વખત આવ્યે, શિક્ષા કે સભ્યતા, શિલ્પ કે સાહિત્ય, ખેતીવાડી કે વેપાર - હિંદુને લગતું જે જે હોય, તે સઘળાનું રક્ષણ કરવા, તે સર્વની ઉન્નતિ કરવા માટે તેમની અકૃત્રિમ પ્રીતિનો પ્રવાહ વહ્યા કરતો. રોગથી પીડાતી અને મૃત્યુની નજદીક આવેલી જાતિને એક વિચક્ષણ ચિકિત્સક રૂપે હિંદુસ્તાનમાં દેખાવ દઈ, દયાનંદે તેનો ઉત્સર્ગ પોતાની ચિકિત્સા શક્તિ વડે કર્યો છે, એ વાત તો સિદ્ધ છે. પરંતુ કોઈ એમ સવાલ પૂછશે કે આ ચિકિત્સા-કાર્યમાં કોઈ પરદેશી પાસેથી પણ તેઓ

---

૧. જોકે મુસલમાનોના અધિકાર પહેલાના બીજા પરદેશી ગ્રંથકારોના ગ્રંથમાં હિંદુસ્તાનવાસીઓને 'હિંદુ' કહેલા છે, તોપણ એમાં તો કશો શક નથી કે મુસલમાની અમલ થયા પછી, ફારસી ભાષાનો હિંદુ શબ્દ, ગુલામ અને એવા જ નોકરોનો ભાવ બતાવવાને ઉપયોગી થયો છે. - લેખક

સ્વામી દયાનંદે પૂનામાં એક પ્રવચન દરમિયાન અકસ્માત્ 'હિંદુ' શબ્દનું ઉચ્ચારણ કરેલું. પરંતુ તરત જ તેમણે પોતાની આ ભૂલ માનીને આગળ કહેલું કે, "આ હિંદુ શબ્દનું ઉચ્ચારણ મેં ભૂલથી કર્યું... આ નામ આપણને મુસલમાનોએ આપ્યું છે. મૂર્ખતાથી આપણે એ શબ્દનો સ્વીકાર કર્યો હતો. 'આર્ય' અર્થાત્ શ્રેષ્ઠ એ આપણું નામ છે." (દ્ર. 'ઉપદેશ-મંજરી', ચોથું પ્રવચન) - સં.

ઔષધ વગેરે લાવેલા કે કેમ ? હિંદુ જાતિના ઉપધર્મોનો કિલ્લો સર કરવા બહાદૂર લડવૈયાની માફક લડવાની તેમણે સર્વ સામગ્રી તૈયાર કરેલી, પરંતુ તે તૈયારી માટે તેમણે કોઈ પરદેશી પાસેથી અસ્ત્ર-શસ્ત્ર લીધેલાં કે કેમ ? આનો જવાબ બંગાળના એક વિચારશીલ અને પ્રાચીન લેખકે યથાર્થ રીતે આપ્યો છે કે - **"આશ્ચર્યની વાત છે કે તેમણે મૂર્તિપૂજાની વિરુદ્ધ આખી ઉમરભર લડાઈ કરી, ભરતખંડની ચારે દિશામાંથી એકે દિશામાં આર્યધર્મની ધજા ન ફરકતી હોય, એવું રાખ્યું નથી; છતાં પોતાનાં અસ્ત્ર-શસ્ત્ર તથા બીજાં સાધનો તેમણે પુરાતન ભારતના દુર્ભેદ્ય કિલ્લામાંથી લીધેલાં. એ તેજસ્વી બ્રાહ્મણ કોઈ પણ વિષયમાં જરા જેટલો પણ કોઈ પરદેશીનો દેવાદાર થયો નથી. વિદ્યા-બુદ્ધિ, પ્રચાર-પદ્ધતિ, ચરિત્ર-સંગઠન કોઈ પણ બાબતમાં ભારતના નીડર આર્યસંતાન સિવાય બહારનું કોઈ જ લક્ષણ તેમનામાં જોવામાં આવતું નથી."**[૧] આ તેમની સ્વ-જાતિ-પ્રીતિનું શું અતિ ઉજ્જવળ લક્ષણ ન કહેવાય ?

**ત્રીજું લક્ષણ છે - સ્વ-જાતિનું રક્ષણ કરવું.** એ દયાનંદના સુધારાની પ્રણાલીનો મોટામાં મોટો આધાર હતો, અને તેટલા જ માટે કોઈ પણ બાબત મૂળ સુધ્ધાં કાઢી નાંખી તેનું પરિવર્તન કરી, ફરીથી તેને નવી કરવા પોતે ચાહતા નહિ. પોતે ખાત્રીથી જાણતા હતા કે હિંદુશાસ્ત્રના વિશાળ ભંડારમાં ઢગલે ઢગલા કચરો ભેગો થયો છે, છતાં તેટલા માટે સર્વ શાસ્ત્રને ઉઠાવી દેવા તેમની ઇચ્છા ન હતી. પોતે બહુ સારી રીતે સમજતા હતા કે ઘણી કુરીતિઓ તથા કુચાલથી હિંદુઓનો આશ્રમ-ધર્મ બગડી ગયો છે, છતાં તેટલા માટે તેમણે વર્ણાશ્રમનો ધર્મ એકદમ ઉખેડી નાંખવા માંગેલો નહિ. પોતે સદા એમ જ કહેતા કે જેટલો કચરો હોય તેટલો ફેંકી દો, જેટલી નામોશી હોય તેટલી સાફ કરી નાંખો. તેટલું થશે, તો હિંદુ પોતાનાં શાસ્ત્ર અને સમાજનું રક્ષણ અને ઉન્નતિ કરવા માટે કમર બાંધી તૈયાર થઈ ઊભો રહી શકશે. દયાનંદ બ્રહ્મોપાસનાની તરફેણમાં હતા, છતાં નવું બ્રહ્મ-મંદિર સ્થાપવા તેમની મરજી ન હતી. એ બાબત વિશે કોઈએ તેમને પૂછેલું. તેના જવાબમાં પોતે કહેલું કે, **"હિંદુસ્તાનમાં ઠેકઠેકાણે જે શિવ-મંદિર અને જે દેવ-મંદિર છે, તે બધાંમાંથી મૂર્તિઓ કાઢી લો, અને એ મૂર્તિરહિત**

૧. તત્ત્વબોધિની પત્રિકા, વૈશાખ શાકે ૧૮૭૮. - લેખક

**મંદિરમાં બ્રહ્મોપાસનાની વ્યવસ્થા કરો.''** દેશમાં જેનાથી વૈદિક ધર્મ પ્રચારકની સંખ્યામાં વધારો થાય, તે કરવા માટે દયાનંદની હમેશ પ્રબળ આકાંક્ષા રહેતી, છતાં પણ તેમાં એકદમ નવાં માણસો આણી તેમના વડે એવી મજબૂતી મેળવવા તેમની ઈચ્છા ન હતી. પોતે કહેતા કે, **''પ્રચાર-કાર્ય માટે હિંદુસ્તાનમાં લોકો ઓછા મળે એમ છે શું ? જે બધા અશિક્ષિત અને માત્ર પેટની પૂજા કરનારા સંન્યાસીઓ અહીં તહીં રખડી પોતાનું પૂરું કરે છે, તેમને પકડી લાવો, યોગ્ય શિક્ષણ આપો અને પછી તેમને પ્રચારકનું કાર્ય સોંપો.''** વધારે તો શું કહેવું, શરૂઆતમાં આર્યસમાજ સ્થાપવા પણ દયાનંદ ઈચ્છાવાન ન હતા.

આ વિષય ઉપર આટલો વિચાર કર્યા પછી અમને એમ લાગે છે કે જો બ્રાહ્મસમાજના કારભારીઓએ વેદને માન્યો હોત, વેદનું પ્રાધાન્ય કબૂલ રાખી પછી આગળ વધવાનું રાખ્યું હોત, તો તે વખતે દયાનંદ એક સ્વતંત્ર સમાજ (આર્યસમાજ) સ્થાપત જ નહિ. એ બાબત વિશે તેમની જોડે વિચાર કરવા માટે તેઓ કદી નારાજ હતા જ નહિ. ઈ.સ. ૧૮૭૪ના ડિસેમ્બરમાં મુંબઈથી અમદાવાદ જવાનુ જ્યારે એમને આમંત્રણ આવેલું, ત્યારે ત્યાં જઈ ત્યાંના પ્રાર્થનાસમાજના ચાલકોની માગણીને માન આપી, એ સમાજની વેદી પરથી પોતે કેટલાંક વ્યાખ્યાન આપેલાં. તેમાં પણ તેઓ ઉપલી વાતનો ઈશારો કરતાં ભૂલી ગયા ન હતા. રા.બ. ભોળાનાથ સારાભાઈ તથા રા.સા. મહીપતરામ રૂપરામ તે વખતે અમદાવાદ પ્રાર્થનાસમાજના ચાલક હતા. તેમની જોડે દયાનંદે વાત કરેલી કે, તમે પ્રાર્થનાસમાજને 'આર્યસમાજ' એવું નામ આપો.[૧] ભોળાનાથે એ બાબત પર બહુ ગંભીરતાથી વિચાર કર્યો અને પછી કહ્યું કે, ''પ્રાર્થનાસમાજ વેદનું આપ્તત્વ સ્વીકારવા રાજી નથી, તેમ વેદનું પ્રાધાન્ય પણ માનવા ખુશી નથી.''[૨] તેથી અમદાવાદના પ્રાર્થનાસમાજે દયાનંદની એ ભલામણ કબૂલ રાખી નહિ. થોડા સમય પછી દયાનંદ ત્યાંથી રાજકોટ ગયા અને ત્યાંના

---

૧. બંગાળમાં જેનું નામ બ્રહ્મસમાજ છે, તેનું જ મુંબઈ પ્રદેશમાં પ્રાર્થનાસમાજ નામ છે. ફરક માત્ર એટલો જ છે કે પ્રાર્થનાસમાજના સભ્યો બ્રહ્મસમાજીઓ જેટલા પરિવર્તનપ્રિય નથી. - લેખક

૨. The Life of Bholanath Sarabhai, by: Krishnarao Bholanath, p. 7. - લેખક

પ્રાર્થનાસમાજ પાસે ઉપલી ભલામણ રજૂ કરી. ત્યાંના ચાલકોએ ઘણો વિચાર કરી, એ ભલામણ સંગત તથા બધી રીતે શુભકારક છે, એમ જણાવ્યું. તે ઉપરથી વખત ન ગુમવતાં દયાનંદે પ્રાર્થનાસમાજને ઉપાદાન ગણી રાજકોટના રમણીય ક્ષેત્રમાં આર્યસમાજનો પાયો નાંખ્યો.[૧]

**ચોથું લક્ષણ - સત્યનિષ્ઠા.** એ ગુણમાં દયાનંદ એક્કો હતા. ઈ.સ. ૧૮૬૯ના નવેમ્બરમાં જ્યારે દયાનંદ કાશીના આનંદ બાગમાં રહેતા હતા, જ્યારે એમનાં ભાષણ સાંભળી કાશીમાં મોટી ઉથલપાથલ થઈ રહી હતી, જ્યારે તેમને હાર ખવડાવવા માટે કાશીમાં ચારે તરફ તૈયારી ચાલી રહી હતી અને તેને માટે કાશીના પંડિતોની સભા વારંવાર મળતી હતી, ત્યારે કાશીના કેટલાક નામીચા પંડિતોએ આવી એમને ખાનગી રીતે કહ્યુ કે, "સ્વામીજી ! તમે જે કહો છો તે બધું ખરું છે, છતાં અમારા સૌની વિનંતી છે કે મૂર્તિપૂજા વિશેનો તમારો આગ્રહ તમે છોડી દો; અને જો તમે તેમ કરશો, તો અમે તમને શંકરાચાર્યનો અવતાર ગણી પૂજીશું." એ સાંભળી દયાનંદ તરત બોલી ઊઠ્યા કે, **"હું અત્રે અવતાર ગણાવા આવ્યો નથી. હું તો માત્ર સત્યની પ્રાર્થના કરનારો છું. ભરતખંડમાં સત્યનો પ્રચાર થાય, એ જ મારી અભિલાષા છે."** ઈ.સ. ૧૮૭૭ની શરૂઆતમાં જ્યારે દિલ્હી દરબારમાંથી દયાનંદે લાહોર તરફ પ્રયાણ કર્યું અને ઉપરાઉપરી વ્યાખ્યાન અને ભાષણો દ્વારા પંજાબના લોકોને વૈદિક ધર્મ ઉપર આસ્થા બેસાડવા પ્રયત્ન ચાલુ કર્યો, ત્યારે ત્યાંના એક પ્રતિષ્ઠિત પુરુષે તેમના સહચારીઓ પાસે આવીને કહેલું કે, "તમે સૌ મૂર્તિપૂજા સંબંધી આગ્રહ છોડી દેવા સ્વામીજીને વિનવો. એ વાત જો પોતે છોડી દેશે તો જમ્મુના રાજા ઘણા ખુશ થશે, અને તેમના કાર્યમાં ઘણી મદદ કરશે."[૨] કહેવાની જરૂર નથી કે જ્યારે એ વાત

---

૧. ઘણાઓ - તેમાં કેટલાક આર્યસમાજીઓનું પણ એવું માનવું છે કે આર્યસમાજની પહેલવહેલી સ્થાપના મુંબઈમાં થયેલી, પરંતુ એ ખોટું છે. પહેલો આર્યસમાજ રાજકોટમાં સ્થપાયો હતો. - લેખક
વિશ્વનો પ્રથમ આર્યસમાજ રાજકોટમાં જાન્યુઆરી ૧૮૭૫માં સ્થાપિત કરવામાં આવ્યો હતો. એ એક રાજનૈતિક ઘટનાને લઈ ઊભી થયેલ સમસ્યાને કારણે પાંચેક મહિનામાં જ બંધ થઈ ગયો. - સં.

૨. તે સમયે જમ્મુ-કાશ્મીરના રાજા રણવીરસિંહ હતા. - ડૉ. ભારતીય

દયાનંદને કાને પડી ત્યારે તેમણે તરત જ જવાબ આપ્યો કે, **"મારે જમ્મુના રાજાને ખુશ કરવા કે વેદ-પ્રતિપાદિત બ્રહ્મને ખુશ કરવા ? એવી વાત તમે હવે પછી મારી પાસે બોલશો જ નહિ."** આ જગ્યાએ એટલું શું ન કહેવાય કે જો દયાનંદે મૂર્તિપૂજા વિરુદ્ધનો પોતાનો આગ્રહ કોઈ પણ રીતે છોડી દીધો હોત, તો એકલા જમ્મુના મહારાજા તો શું પણ હિંદુસ્તાનના બીજા રાજા-મહારાજા પણ એમના અનુવર્તી થયા હોત. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ - ચારે તરફના હિંદુઓએ એકે હાથે શ્રદ્ધા અને ભક્તિની મોટી પુષ્પાંજલિ રેડી, તેમને એક મોટા અવતાર રૂપે સ્વીકાર્યા હોત, અને શંકરાચાર્ય સમાન અથવા તેમનાથી ઉચ્ચ આસન પર તેમને બેસાડ્યા હોત. પરંતુ મૂર્તિપૂજા સંબંધે પોતાનો આગ્રહ તેઓ છોડી શક્યા નહિ; કારણ કે મૂર્તિપૂજા સત્યથી ઉલટી હતી, અને દયાનંદનું સત્ય ચલિત થઈ શકે તેવું હતું નહિ.

**પાંચમું - સત્યનો વિજય જ થશે એવો દયાનંદને દઢ વિશ્વાસ હતો.** એ વિશે વધારે ન કહેતાં એક જ વાત અત્રે જણાવીશું. દયાનંદ જે વખતે ઘોર પીડાથી પીડાતા જોધપુરથી આબુ પર્વત પર આવ્યા ત્યારે પીડા દિવસે દિવસે વધતી જતી જણાઈ, અને તેમના અનુચરો નિરાશ થઈ ગયા અને તેમને એવું લાગ્યું કે આર્ય જાતિની આશા-જ્યોતિનો એકદમ અકાળે લોપ થઈ જશે. આર્યાવર્તનો ઉજ્જવળ સૂર્ય સંધ્યા વખતના આકાશ પર ઊતરતાં પહેલાં અસ્તાચળ તરફ જવા માંડ્યો છે, એવું લાગતાં તેમના સહચર વગેરે સર્વે લોકો શોક ભરેલા હૃદયે દિવસ પર દિવસ કાઢવા લાગ્યા. તે વખતે મુંબઈથી આવેલા એક કેળવાયેલા અને ઉત્સાહી માણસે સ્વામીજીની પાછળ આવી દિલગીરીથી તેમને પૂછ્યું કે, "મહારાજ ! આપ તો જાઓ છો, પણ પછી આર્યાવર્તની શી દશા થશે, તે તો કહો !" દયાનંદે કહ્યું, **"નિરાશ ન થશો. વૈદિક ધર્મનો અગ્નિ જે બળવા માંડ્યો છે, તે હવે કોઈ પણ રીતે શમવાનો નથી."** આ ઉપરથી ખાત્રી થાય છે કે એમને સ્પષ્ટ રૂપે ભાસી ચૂક્યું હતું કે ભવિષ્યના સુદૂર ગર્ભમાં વૈદિક ધર્મનો જય અવશ્ય પડી રહેલો છે, એટલે કે જય થવાનો જ છે. આ સબબને લીધે, આવી સખત પીડામાં પણ સ્વામીજી આવો ચોખ્ખો જવાબ આપી શકેલા.

**છઠ્ઠું - આત્મ-વિલોપ**. આત્મ-વિલોપમાં તો દયાનંદ એક્કો જ હતા. એમના જેવું એ લક્ષણ તો ભરતખંડના બીજા કોઈ પણ આચાર્યમાં જોવામાં આવ્યું નથી. વાંચનાર, આ વાતનો વિચાર કરો કે જે દેશમાં માણસો વાતવાતમાં પરમેશ્વર થઈને બેસે, કામ-ક્રોધને તાબે રહેનાર ક્રીત-કિંકર હોવા છતાં **'શુદ્ધમપાપવિદ્ધમ્'** પરમેશ્વરની બરોબર પોતાને ગણાવી શકે, જે દેશમાં કર્કશ કંઠવાળા કાગડા કોયલની જગાએ, અને જે ભૂમિમાં શિયાળ વગર આપત્તિએ સિંહનું સ્થાન લઈ શકે, તે દેશમાં શું માત્ર તેવી ઈચ્છા કરી હોત તો દયાનંદ સરસ્વતી એક મહાન ઈશ્વરાવતાર તરીકે પૂજાત નહિ ? તેમના જેવો નિષ્કલંક બ્રહ્મચારી, તેમના જેવો ત્યાગી, અને તેમના જેવો અસાધારણ તર્કબુદ્ધિવાળો પુરુષ, માત્ર આંગળી હલાવવાથી જ શું આટલા બધા અવતારોમાંથી એક તરીકે પોતાને ગણાવી શકત નહિ ? જે દેશમાં એક-બે લૂગડાં, થોડી જટા અને બે-ચાર સંસ્કૃત શ્લોકોનો અભ્યાસ, એટલાં સાધન વડે નવો પંથ સ્થાપવો શક્ય છે, તે દેશમાં દયાનંદ સરસ્વતી જેવા દિગ્વિજયી પુરુષે શું જરા ચેષ્ટા પણ કરી હોત તો તે એક નવો પંથ ન પ્રવર્ત્તાવી શકત ? પરંતુ અંશાવતાર તો શું, પૂર્ણાવતાર તો શું, સંપ્રદાય-પ્રવર્ત્તક તો શું, પણ આર્યસમાજના અધિનાયક તરીકે પણ ઓળખાવવા તેઓ રાજી ન હતા. મુંબઈમાં જ્યારે આર્યસમાજ સ્થાપિત થયો ત્યારે ત્યાંના કેટલાક સંભાવિત સભાસદોએ સમાજના અધિનાયકનું પદ ગ્રહણ કરવા દયાનંદને વિનંતી કરી, તેનો જવાબ પોતે આપ્યો કે, **"એ પદને હું લાયક નથી."** ત્યારે તે લોકોએ પાછી વિનંતી કરી કે, "તમે સમાજના સભાપતિ થાઓ." તે પણ તેમણે કબૂલ કર્યું નહિ, અને કહ્યું કે, **"જો તમે બહુ જ આગ્રહ કરશો તો માત્ર હું સમાજનો એક સાધારણ સભાસદ થઈશ."**[૧] એ પ્રમાણે બીજા સાધારણ માણસની માફક દયાનંદ પણ આર્યસમાજના એક સાધારણ સભાસદ થયા. આર્યસમાજના નાયક તો શું, પણ દયાનંદે ધાર્યું હોત તો પોતે એ સમાજના પ્રાણાત્મા થઈ શકત, પોતે ધાર્યું હોત તો

---

૧. સ્વામી દયાનંદ મુંબઈ આર્યસમાજના સભાસદ બન્યા હતા. ૧૮૭૬માં પ્રકાશિત 'શ્રી આર્યસમાજના નિયમો' નામના પુસ્તકમાં મુંબઈ આર્યસમાજના સદસ્યોની સૂચિ આપવામાં આવી છે, જેમાં સ્વામીજીનું નામ સદસ્ય ક્રમાંક ૩૧ પર અંકિત છે. - ડૉ. ભારતીય

આર્યસમાજ પર એકે હાથે રાજ કરી શકત, પણ પોતે તેમ કર્યું ? ના.[1]

આ સિવાય એક બીજી વાતનો સંભાળથી વિચાર કરવાનો છે. આર્યસમાજ સ્થાપી, વેદભાષ્ય વગેરેનો પ્રચાર કરી, અને ભરતખંડના સુધારા માટે પોતાના શરીર તથા મનની દરેક શક્તિનો ઉપયોગ કરી દયાનંદ કોઈ નવો મત પ્રવર્ત્તાવી ગયા છે કે શું, એ જોવાનું છે. તેમણે કોઈ નવો સંપ્રદાય સ્થાપ્યો છે કે શું, તે ધ્યાનમાં લેવાનું છે. આનો જવાબ એ છે કે, ના. ખરી રીતે જોતાં દયાનંદ કોઈ નવા સંપ્રદાયના સ્થાપનાર નથી, તેમ જ વિચાર કે ભાષણ કે વેદભાષ્ય કે બીજા કોઈ ગ્રંથ યા કોઈ સિદ્ધાંતનાં ખંડનમંડનમાં, કોઈ પણ જગાએ એવા સ્થાપક તરીકે પોતાને ઓળખાવ્યા નથી. એટલું જ નહિ, પણ પોતાની મોટાઈના જુસ્સામાં ઘસડાઈ જઈ તે સંબંધે એક શબ્દ સરખો ઉચ્ચાર્યો નથી. ઋગ્વેદાદિભાષ્યભૂમિકામાં એક જગાએ (આરંભના છઠ્ઠા શ્લોકમાં) પોતે લખ્યું છે કે, **"આ ભાષ્યમાં મારા પોતાના મગજમાંથી કાઢી એક પણ વાત હું લખીશ નહિ. બ્રહ્માથી તે વ્યાસદેવ સુધીના મહર્ષિઓએ જે પ્રણાલી પકડી વેદાર્થ નિર્ધાર કર્યો છે, તે પ્રણાલીને અનુસરીને જ હું આ ભાષ્ય પણ લખીશ."** ટૂંકમાં, દયાનંદના આખા જીવનનાં સઘળાં કાર્યોમાં પોતે વૈદિક સિદ્ધાંતોનું અનુવર્ત્તન કરેલું અથવા તો વૈદિક ઋષિઓ વગેરેને પગલે પોતે ચાલેલા, એ વાત સિદ્ધ થાય છે. અને ઉપર લખેલાં છએ લક્ષણ દયાનંદમાં હતાં, તેથી દયાનંદ એક સુધારક હતા, એ વાત પણ નક્કી થાય છે.

## દયાનંદ હિંદુ-સુધારક ખરા કે નહિ ?

દયાનંદ સુધારક હતા, એ આપણે જોયું. હવે તેઓ હિંદુ-સુધારક ખરા કે નહિ તે જોવાનું છે. હિંદુ-સુધારકનાં બે લક્ષણ છે : એક શાસ્ત્રાપેક્ષિતા અને બીજું સંન્યાસ. માટે હવે દયાનંદના ચરિત્રમાં એ બે લક્ષણ હતાં કે નહિ તે જોઈએ.

---

૧. મુંબઈ આર્યસમાજના સભાસદ અને ટ્રસ્ટી રા. સુંદરદાસ ધરમસીએ આ લેખકને કહેલું કે, "જેટલાં વર્ષ દયાનંદ જીવ્યા તેટલાં વર્ષ તેઓ નિયમિત રીતે મુંબઈ આર્યસમાજના સભાસદ તરીકેનું પોતાનું લવાજમ મોકલ્યા કરતા હતા." મેં સાંભળ્યું છે કે લાહોરના આર્યસમાજની વિનંતીને પણ એ જ પ્રમાણે નકારી પોતે માત્ર સભાસદ થયેલા. - લેખક

સાધારણ રીતે અત્યાર પહેલાં આપણે જોઈ ગયા છીએ કે હિંદુઓની પાસે શાસ્ત્રાપેક્ષિતા અથવા તો વેદાપેક્ષિતા એ બે એક જ વાત છે. અને તે ઉપરથી સવાલ ઊભો થાય છે કે દયાનંદ શું ખરેખર શાસ્ત્રાપેક્ષિત હતા ? તેમણે શું શાસ્ત્રાપેક્ષિતાનો ઝંડો ખાંધે લઈ હિંદુ સમાજ અને ધર્મનો સુધારો તેના વડે જ કર્યો છે ? આનો જવાબ અમે એ આપીશું કે વ્યાસ વગેરે મહર્ષિઓના પછી દયાનંદ જેવો શાસ્ત્રાપેક્ષિત બીજો કોઈ આચાર્ય હિંદુસ્તાનમાં થયો નથી. આપણે ઉપર જોઈ ગયા છીએ કે દયાનંદના આખા જીવનમાં સઘળાં કર્મો વૈદિક સિદ્ધાંતને અનુસરીને થતાં હતાં, પરંતુ અહીંયા તો એટલું વધારે કહીશું કે એમના જીવનનાં સઘળાં કાર્યો વૈદિક સિદ્ધાંતોના અનુશાસન રૂપ જ હતાં. જેમાંથી વેદ તદ્દન જતો રહ્યો હતો, એવી વેદશૂન્ય ભૂમિમાં વેદનું અનુશાસન ફરી સ્થાપવા માટે જ તેમણે દેખાવ દીધો હતો. જેનાથી વેદ ભૂલી જવાયેલો હતો એવી આર્ય જાતિને ફરી વેદનું શિક્ષણ આપવા જ તેમણે જન્મ લીધો હતો. પોતાનાં ભાષ્ય, ભાષણ, વ્યાખ્યા, વિચાર, વાદ, પ્રતિવાદ - બધું જ વૈદિક અનુશાસનથી નિયમિત રાખતા, અને સુધારા સંબંધે તેમની આખી પ્રણાલી જ વૈદિક અનુશાસનથી પરિચલિત થતી હતી. તેથી શું ખંડન કે શું મંડન, શું હુમલો કે શું બચાવ, દરેકમાં દયાનંદ વેદનો જ ઉપયોગ કરતા હતા. વેદાનુકૂળ જે હોય તેને પોતે ગ્રાહ્ય ગણતા, અને વેદ-પ્રતિકૂળ જે હોય તેને અગ્રાહ્ય ગણતા. સ્વાભાવિક બુદ્ધિથી પણ વિરુદ્ધ વાત પોતે મૂર્તિપૂજાને ગણતા અને તેથી પોતે તેની સામું શસ્ત્ર ઉગામ્યું હતું એમ નથી, પરંતુ ખરેખરી વાત તો એ છે કે મૂર્તિપૂજા વેદમાં કહેલી ન હોવાથી પોતે તેના પર હુમલો કર્યો હતો. આ કારણથી જ્યાં મૂર્તિપૂજા વિશે વાદ થતો ત્યાં ત્યાં પોતે એ પૂજાના સમર્થકોને સવાલ પૂછતા કે, ચારે વેદમાંથી કોઈ પણ ઠેકાણે મૂર્તિપૂજાનો કાંઈ પણ પ્રસંગ જોવામાં આવે છે કે નહિ ? કાશીના પંડિતોની મોટી સભામાં તા. ૧૬મી નવેમ્બર ૧૮૬૯ને દિવસે દયાનંદનું કહેવું એ જ હતું કે, **"વેદના કોઈ પણ સૂક્ત કે મંત્રમાં મૂર્તિપૂજાનું પ્રતિપાદન કર્યું હોય તો બતાવો."** ટૂંકમાં, મૂર્તિપૂજાને વેદવિરુદ્ધ ગણીને જ તેને ઉખેડી નાંખવા માટે દયાનંદ તૈયાર થયેલા. નિયોગની રીતને વેદનો ટેકો હોવાથી, ઘણી મુશ્કેલીઓ છતાં પણ પોતે તેનો બચાવ કરેલો. જન્માંતરવાદને

વેદમાંથી આધાર મળતો હોવાથી પોતે તેનો પ્રચાર કરેલો. વળી સમુદ્રયાત્રાની પ્રથાનું વેદમાં પ્રતિપાદન થયેલું હોવાથી પોતે તેને રીતસર ગણાવવા માટે અગ્રેસર થયેલા. આવાં શાસ્ત્રાપેક્ષિતા અથવા વેદાપેક્ષિતાનાં ઉમદાં ઉદાહરણ બીજે ક્યાં મળશે ? આને વેદાપેક્ષિતા શું પણ વેદસર્વસ્વતા કહેવી જોઈએ.

અજમેર શહેરમાં જ્યારે ઈ.સ. ૧૮૮૩માં દયાનંદ મરણપથારીએ પડેલા, ત્યારે તેમની આસપાસ જુદી જુદી જગાએથી આવેલા તેમના સેવક તથા મિત્રો શોકાતુર થઈ બેઠેલા હતા. દયાનંદને તે વખતે છેવટનો શ્વાસ ઉપડ્યો હતો, અને આ દુનિયામાં એક પગ અને પેલીમાં બીજો, એવી તેમની હાલત હતી. તે વખતે તેમના મંડળમાંથી કેટલાક જણે આવી રૂંધાતે કંઠે કહ્યું કે, ''આપના શબને માટીમાં દાટવાના વિચારથી કેટલાક સંન્યાસીઓ આવી બેઠા છે.''[૧] તે સાંભળી દયાનંદે ધીમે ધીમે જવાબ આપ્યો કે, **''તેમ નહિ થાય. મૃતદેહને દાટવો બરાબર નથી, એમ કરવું વેદવિહિત નથી; કારણ કે વેદમાં કહ્યું છે - 'વાયુરનિલમમૃતમથેદં ભસ્માન્તમ્ શરીરમ્'.[૨] માટે તમે મારા શરીરને અગ્નિદાહ કરજો.''** મરણાન્તના અસહ્ય દુઃખ વખતે જે વેદનો મહિમા આવી રીતે ગાય, મૃત્યુના મુખમાં કોળિયો થવાનો વખત આવે તો તે વખતે પણ શાસ્ત્રવિધિ વિશે જેને વિચાર આવે, અને મૃત્યુ પછી પણ પોતાને માટે શાસ્ત્રનું શાસન ચાલુ રહે એવી તજવીજ રાખે, તેવા શાસ્ત્રાપેક્ષી અથવા વેદ પર વિશ્વાસ રાખનાર કેટલા આચાર્યો ભરતખંડમાં હજુ સુધી જન્મ્યા છે ? (વેદ પ્રમાણે પોતાની અંત્યેષ્ટિ ક્રિયા કરવી એ વિશે પહેલેથી જ દયાનંદે પરોપકારિણી સભાના સ્વીકારપત્રમાં ચોખ્ખી રીતે જણાવ્યું હતું. પોતાના મૃત્યુ પહેલાં આશરે દોઢ વરસ પર દયાનંદે પોતાના હાથે જ એ સ્વીકારપત્ર લખી કાઢ્યું હતું.) દયાનંદ ! વેદ પરના તમારા વિશ્વાસને ધન્ય છે ! મથુરામાં જ્ઞાનવૃદ્ધ વિરજાનંદની પાસેથી વૈદિક ધર્મની જે વિજયપતાકા લીધેલી, તે અજાયબ જેવું છે કે એક દિવસ પણ તમે તમારે ખભેથી નીચે

---

૧. સંન્યાસીઓ કાંતો જલદાહ કરે છે અથવા તો ભૂમિદાહ કરે છે. સંન્યાસીના વર્ગમાં દયાનંદ બહુ ઊંચો દરજ્જો ભોગવતા હતા. તેથી તેમના શબને મોટા ઠાઠમાઠથી પધરાવવાની અપેક્ષાથી સંન્યાસીઓ આવેલા. - લેખક

૨. યજુર્વેદ : ૪૦.૧૫ - સં.

ઉતારી નથી. એટલું જ નહિ, પણ મરણ-શય્યા પર સૂતાં સૂતાં તમારા રોગથી જર્જરિત થઈ ગયેલી ખાંધ અને ધ્રૂજતે હાથે એ ધ્વજા પકડી રાખી, ભરતખંડને વેદ એ જ તેનો પ્રાણ છે, તેનું અપૂર્વ દૃષ્ટાંત આપી ગયા. માટે તમારી વેદાપેક્ષિતા અલૌકિક જ ગણાય.

હવે સંન્યાસની વાત : દયાનંદ પોતે સંન્યાસી હતા. સંન્યાસના માર્ગમાં દૃઢ રહ્યા હતા. માટે હવે તેઓ જ્યારે આ દુનિયામાં નથી, ત્યારે પછી તે વિશે વધારે વિચાર કરવાથી શો ફાયદો છે ? છતાં સંન્યાસ-ધર્મ પાળવામાં, સત્યમાં તન્નિષ્ઠ થઈ જવા માટેની સાધન-પ્રાપ્તિમાં જે દુઃખ ખમવાની શક્તિ, જે નિઃસ્પૃહતા અને જે નિરભિમાનતા તેમણે બતાવેલી તે વાત જ્યારે યાદ આવે છે, ત્યારે મનમાં એટલું લાગી આવે છે કે તે સંબંધે એક બે વાત કહેવી જોઈએ.

દુઃખ સહન કરવાની દયાનંદની શક્તિ ખરેખર વિસ્મય પમાડે તેવી હતી. ગમે તેટલી ટાઢ હોય કે ગમે તેટલી ગરમી હોય, તોપણ તેનો પોતે કદી વિચાર સરખો કરતા નહિ. જે ટાઢથી માણસ ધ્રૂજી - કંપી ઊઠે, તે ટાઢમાં રાત્રે ગંગાના ખુલ્લા કિનારા પર ઘાસ પાથરી પોતે પડી રહેતા. જે ગરમીથી લોકો બળતે શરીરે ત્રાહ્ય ત્રાહ્ય પોકારતા હોય, તે ગરમીમાં પોતે જંગલમાં જમીન પર અથવા તો પથ્થર પર માથું નાંખી નિરાંતે સૂઈ રહેતા. પોતાની પ્રથમાવસ્થામાં આવી રીતની કેટલી ક્લિષ્ટ જિંદગી પોતે ગુજારી હશે, તે કહી શકાતું નથી. ટૂંકમાં, અવિપ્લુત બ્રહ્મચર્યે દયાનંદના શરીરને એટલું બળવાન અને એટલું દુઃખ સહન કરી શકે એવું કર્યું હતું કે ટાઢ, તાપ, તોફાન, વરસાદ, ભૂખ, તરસ, રસ્તામાં દુઃખ કે મુસાફરીની આપત્તિ - એમાંનું કાંઈ જ તેમના મન પર અસર કરી શકતું ન હતું. પોતાના શરીરને હેરાનગતિ થાય કે સમાજને ઉપદ્રવ થાય, ગમે તેમ હોય, તોપણ પોતે સંન્યાસીની નીતિથી વિરુદ્ધ કદી ચાલતા નહિ.

સંન્યાસી દયાનંદને જેવી માનની દરકાર ન હતી તેવી જ ધનની પણ પરવા ન હતી. એ સંબંધે થોડી વાત તેમના આત્મ-વિલોપને સંબંધે ઉપર જણાવી છે, તેથી

અહીં વધારે ન કહેતાં એટલું જ કહેવાની ઇચ્છા કરીએ છીએ કે દયાનંદ જેવા સંન્યાસી લાખો સંન્યાસીઓમાંથી મળવા દુર્લભ છે. સંન્યાસી વર્ગના શિરોભૂષણ રૂપે ગણાવા પોતે સંપૂર્ણ રીતે યોગ્ય હોવા છતાં આશ્ચર્યની વાત તો એ છે કે પોતે ગુરુ તરીકેનું પદ કોઈ દહાડો કબૂલ કરતા ન હતા. જો કોઈ માણસ તેમના જ્ઞાનપૂર્ણ ઉપદેશથી વિગલિત-ચિત્ત થઈ યા તો તેમની અલૌકિક શક્તિનું જોર જોઈ મોહ પામી જઈ તેમને પોતાના 'ગુરુ' અને પોતાને તેમનો 'શિષ્ય' એ રીતે ઓળખાવતો, તો પોતે તીવ્ર સ્વરે તેની સામે થઈ કહેતા કે, **"હું કોઈનો ગુરુ નથી. માણસનો ગુરુ પરમેશ્વર સિવાય બીજો કોઈ હોઈ શકે જ નહિ."** તેમના શિષ્ય થવાની ઇચ્છા રાખનારા કેટલા મનુષ્યોને તેમણે આવો જવાબ આપ્યો હશે, તે કહી શકાતું નથી. આપણા દેશની રીત પ્રમાણે સાધુ-સંન્યાસીને હંમેશાં આપણે ગુરુને સ્થાને ગણીએ છીએ અને તેથી બધી જગાએ તેઓ નમન કરવા યોગ્ય ગણાય છે. છતાં એ રીત સંન્યાસીને સંબંધે તો પ્રતિકૂળ છે એમ તેઓ ધારતા અને તે બરાબર છે; કારણ એ કે વખતે અભિમાન-મદિરાના સ્પર્શને લીધે એમાંથી તેના સંન્યાસ-વ્રતને ડાઘ લાગવાનો વખત આવી લાગે.

અપક્ષપાતપણે વિચાર કરવાથી કાયદાને અનુસરી ચલાય છે અને અપક્ષપાતપણે ઇન્સાફ કરવાથી જ દરેક બાબતનો યથાર્થ નિર્ણય થઈ શકે છે, એ વાત ખરી હોય તો, એ અપક્ષપાતના નામે જ હે ભારતવાસી ! તને એક પ્રશ્ન પૂછું છું. તે એ કે દયાનંદના યશનાં દુંદુભિ આખા ભારતમાં વાગી ઉઠ્યાં, તેમની અલૌકિક પ્રતિભાનું દર્શન કરી સૌ મોહ પામી ગયા અને તેમના અસાધારણ પાંડિત્યને બળે આખા આર્યાવર્તે પોતાનું મસ્તક તેમની પાસે નમાવ્યું, એ બરાબર નથી ? જો એ વાત બરાબર હોય, તો પછી પોતે જરા પણ પ્રયત્ન કર્યો હોત તો વધુ તો ન થાત પરંતુ શું હિંદુસ્તાનના રાજા-મહારાજાનો મોટો ભાગ તેમના મંત્રના શિષ્ય થઈ ઊભા ન રહેત ? અને એ જ સૂત્ર વડે હજારો રૂપિયા પેદા કરી, પંદર-વીસ મઠ અથવા તો મંદિર સ્થાપી બીજા સંન્યાસીઓની માફક સોને મઢેલા પલંગ પર નરમ પથારીઓ પર શયન કરી, સંસારનું સકળ પ્રકારનું સુખ ભોગવી ન શકત ? પણ તેમણે શું કર્યું ? તે જોવા સુધારક તરીકે તેમની પ્રથમ અવસ્થા તરફ જ આપણે જોશું - કે જે વખતે

માત્ર ગંગાતટ ભૂમિનો આશ્રય લઈને સ્વામીજી વિચરતા હતા અને એક કૌપીન (લંગોટ) સિવાય બીજું સાધન પાસે ન હતું. બીજું કૌપીન રાખવા કોઈ કહેતું તો જવાબ આપતા કે, **"વળી એક વધારે કપડું રાખી તેને સાચવું ક્યાં ?"** આ દિગંબર અવસ્થા પછી દયાનંદનું કાર્યક્ષેત્ર ધીમે ધીમે વધતું ગયું અને જુદા જુદા સંપ્રદાયના લોકોને મળવું-મૂકવું થયું. વેદભાષ્ય-પ્રચાર, વૈદિક યંત્રાલયની સ્થાપના, આર્યસમાજની પ્રતિષ્ઠા વગેરે કામોમાં જ્યારે પોતાને ગૂંથાવું પડ્યું ત્યારે કૌપીન છોડી કપડાં પહેરવાં પડ્યાં, અને થોડું ઘણું નાણું પણ ભેગું કરવું પડ્યું, છતાં પોતે પોતાના સુખ સારુ કે પોતાના શરીરને આરામ આપવા રાતી પાઈ પણ ખરચેલી ? જોધપુરથી પાછા ફરતાં જ્યારે મહારાજા જશવંતસિંહે વિદાયગીરી તરીકે જે જે આપવા માંડ્યું, તેને વિશે પોતે ક્ષણ માત્ર પણ વિલંબ ન કરતાં કહ્યું કે, **"એ બધું પરોપકારિણી સભાના ભંડારમાં મોકલાવી દો."** આ ઉપરથી એ પ્રશ્ન ઊભો થાય છે કે સત્યની સેવા અને સત્યનો પ્રચાર - સંપૂર્ણ રીતે સંન્યાસીનો ધર્મ પાળવો, એ સિવાય દયાનંદ સરસ્વતીએ પોતાની જિંદગીમાં બીજું કશું પણ કર્યું છે ? જવાબ - ના. માટે એટલું જ કહેવાનું છે કે જે રીતે દયાનંદે સંન્યાસી નામ સાર્થક કર્યું છે, તેવું જ તેને ઉજ્જવળ બનાવ્યું છે. આ ઉપરથી પણ સાબિત થાય છે કે દયાનંદ સુધારક અને હિંદુ-સુધારક બંને જ હતા.

# દયાનંદ આદર્શ સુધારક કહેવાય કે નહિ ?

હવે દયાનંદ હિંદુ જાતિના આદર્શ સુધારક કહેવાય કે નહિ તે જોઈએ. આદર્શ સુધારક એટલે શું તે આપણે પ્રથમ સમજીએ.

હિંદુસ્તાનના ઈતિહાસમાં અત્યાર સુધી જે સઘળા આચાર્ય કે મહાપુરુષ સુધારકને નામે ઓળખાઈ ગયા છે તેમાં સૌથી ઊંચો દરજ્જો કેટલાંક કારણોને લીધે શંકર સ્વામી (આદિ શંકરાચાર્ય) ભોગવે છે. પરંતુ તેથી શું તે આદર્શ સુધારક કહી શકાય ? જે એક અંશમાત્રમાં સુધારક છે, શું તેને આદર્શ સુધારક માની શકાય ? એ વાત કબૂલ કરવી

જોઈએ કે જ્યારે બૌદ્ધ મતના પ્રતાપથી ભરતખંડની ચારે દિશા કંપી ઊઠી હતી, વેદ અને વેદોક્ત ધર્મ બૌદ્ધ રૂપી રાહુના કવલ (કોળિયા)માં ધીમે ધીમે ગ્રસિત થતો હતો, તે વખતે શંકરાચાર્યે પ્રગટ થઈ પોતાની અસાધારણ પ્રતિભા અને તર્ક શક્તિને જોરે કેટલેક દરજ્જે વૈદિક ધર્મની ફરી સ્થાપના કરી; પરંતુ આટલા ઉપરથી તેને આદર્શ સુધારક કહી શકાય નહિ. અમે જાણવા માગીએ છીએ કે જેના વડે રોગી થયેલો સમાજ સુધરે, જેના વડે હિંદુનો શારીરિક, માનસિક, સામાજિક અને આધ્યાત્મિક ઉત્કર્ષ થાય, જેના વડે આ વિચ્છિન્ન અને ભાંગી તૂટી ગયેલી હિંદુ જાતિ ફરી પાછી એકત્ર થાય, તેને માટે શંકરાચાર્યે કોઈ ઉપાય લીધેલા ખરા ? જેનાથી વર્ણાશ્રમની વ્યવસ્થાનું સારી રીતે રક્ષણ થાય, જેનાથી હિંદુઓનું શિલ્પ શાસ્ત્ર ઉન્નતિ પામે, તેમનો વેપાર વધે, હિંદુઓનાં સુખ-સંપત્તિમાં દિન પર દિન વધારો થતો જાય - ટૂંકમાં, જેનાથી હિંદુઓ સઘળી રીતે દૃઢ થઈ આખી દુનિયાની સમક્ષ છાતી કાઢીને ઊભા રહી શકે તે બાબતસર શંકરાચાર્ય એક શબ્દ પણ ઉચ્ચારી ગયા છે ? માત્ર **'નલિની-દલગત જલવત્તરલં, તદ્વજ્જીવનમતિશય ચપલમ્.'** - એ કહેવાથી કાંઈ કોઈ જાતિનો ઉદ્ધાર થયો છે ? માત્ર 'અદ્વૈતવાદ...અદ્વૈતવાદ' એવી બૂમો પાડવાથી કોઈ મરી ગયેલી જાતિમાં પાછો જીવ આવતો નથી. જે ચિકિત્સા વડે રોગીનાં સમસ્ત અંગ સ્વસ્થ અને સબળ થઈ આવે નહિ તે ચિકિત્સા ચિકિત્સા કહેવાય જ નહિ. તે પ્રમાણે જે સુધારા વડે જે જાતિને સુધારવાની હોય તેના સમાજના સર્વ અવયવ ઉન્નત અને પરિપુષ્ટ થાય નહિ, તે સુધારાને સુધારો એ નામ અપાય જ નહિ.

દયાનંદ આદર્શ સુધારક હતા, કેમ કે તે થોડા નહિ પરંતુ સર્વાંગે જ સુધારક હતા. વાંચનાર ! તારે આ વાત હંમેશાં ધ્યાનમાં રાખવી કે દયાનંદ સરસ્વતી માત્ર હિંદુસ્તાનના ધર્મ સુધારક હતા એવું પણ નથી, તેમ તેઓ માત્ર આપણાં જ શાસ્ત્રોના શોધક હતા એવું પણ નથી. દયાનંદે ભરતખંડના કોઈ પ્રદેશ વિશેષ માટે જ કમર કસેલી એમ નથી. હિંદુઓની જુદી જુદી શાખાઓના કલ્યાણ માટે જ તેમણે આગમન કરેલું એવું નથી. અથવા તો માત્ર હિંદુ-જીવનના કોઈ અંગ વિશેષને સંબંધે જ તેમણે આલોચના કરી હોય એવું પણ નથી. તેમણે તો આખા આર્યાવર્તને પોતાના હૃદયમાં

ધારણ કર્યું હતું. આખી આર્ય જાતિનું હિત પોતે ચિંતવ્યું હતું, અને આખા આર્ય જીવન ઉપર પહેલેથી છેલ્લે સુધી પોતાની દૃષ્ટિ નાંખી હતી. દયાનંદના સુધારાની રીત જો શાંત મને જોવામાં આવે તો તરત જણાશે કે કેવા મોટા મનથી એ સંન્યાસી પુરુષે ભારતનો સુધારો કરવા પોતાની જિંદગી ગાળી છે. ઘણા યુગ સુધી ભેગો થયેલો કચરાનો ઢગલો કેવી રીતે ખસેડાય, આપણો નિર્જીવ સમાજ કેવી રીતે સજીવ થાય, ભરતખંડમાં ચાલતા સંપ્રદાયનાં જુદાપણાં અને દ્વેષ કેવી રીતે નીકળી જાય, અને જુદા જુદા મત તથા શાસ્ત્રોના તાબા નીચે આવી ગયેલો આ દેશ કેવી રીતે એકતા પામે, વગેરે બાબતો પર દયાનંદે બહુ ઊંડો વિચાર કરેલો અને તેથી જ ક્યા સાધનથી હિંદુઓની શિલ્પ-વિદ્યાનું રક્ષણ થાય, વેપાર વધે, ક્યે રસ્તે દેશનો પૈસો દેશમાં રહે, ક્યા ઉપાયથી દેશનાં ગાય વગેરે જાનવરોનું રક્ષણ થાય અને ખેતીવાડીની હાલત સુધરે, એ વિશે તેઓ હંમેશાં ચિંતવન કરતા અને પગલાં ભરતા. દયાનંદને જેમ અચળ વિશ્વાસ હતો કે વેદનું શાસન જો હિંદુઓ માનશે નહિ તો તેમનું હિંદુત્વ રહેવાનું નથી, વર્ણાશ્રમનો ધર્મ પળાશે નહિ તો હિંદુ પ્રકૃતિનું સ્ફુરણ થશે નહિ, તેમ તેને એ પણ ખાત્રી હતી કે જો હિંદુસ્તાનમાં ગાયનું રક્ષણ થશે નહિ તો હિંદુ કોઈ રીતે પણ હિંદુ તરીકે રહી શકશે નહિ. આટલા માટે જ તેમણે ગોરક્ષા સંબંધે હિલચાલ શરૂ કરેલી.[૧] હિંદુઓના શિલ્પનું રક્ષણ કરવા પણ તેમને ઘણો આગ્રહ હતો, અને તે બાબતમાં પૈસાદાર લોકોને ઉત્સાહ આપવા પોતે પાછી પાની કરતા નહિ. પોતે જ્યારે જોયું કે હિંદુસ્તાનના શિલ્પીઓ ઘોર દુર્દશામાં આવી પડ્યા છે, ભરતખંડના શિલ્પીઓની સામગ્રી દિવસે દિવસે ઓછી થતી જાય છે, અને ઊલટું પરદેશના શિલ્પીઓનાં કામ હિંદુસ્તાનમાં આવે છે, હિંદુઓનાં ઘર પરદેશી સામાનથી શણગારાય છે, ત્યારે એ સંન્યાસી પુરુષ માત્ર હિંદુઓ પર આક્ષેપ કરી બેસી રહે એવું બને નહિ. ખરી રીતે તો એ હાલત જોઈ પોતે શોકથી હણાયેલા

૧. સ્વામી દયાનંદે માત્ર આ હિલચાલ શરૂ કરી હતી એમ જ નથી, પરંતુ તેનો પાયો પાક્કો થાય એવા વિચારથી 'ગોકૃષ્યાદિ-રક્ષિણી' નામની એક સભા પણ સ્થાપી હતી. આ સંબંધે 'ગોકરુણાનિધિ' નામનું એમનું પુસ્તક વાંચવા જેવું છે. - લેખક

માણસની પેઠે મરવા જેવા થઈ જતા.[1]

દયાનંદે હિંદુઓના માત્ર સ્થૂળ તત્ત્વની આલોચના કરી હોય એવું નથી, સૂક્ષ્મ તત્ત્વની પણ આલોચના કરી છે. કેવા ભાવથી હિંદુએ પ્રજા ઉત્પન્ન કરવી, ગર્ભમાંના સંતાનનું શી રીતે રક્ષણ કરવું, જન્મ્યા પછી શિશુના શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક કલ્યાણ માટે ક્યા ક્યા ઉપાય લેવા - ટૂંકમાં, જન્મથી તે મરણ પર્યંત હિંદુએ કેવી રીતે વર્તવું, કેવી રીતે બાળપણ, કિશોરાવસ્થા, જુવાની ગાળવાં અને કેવી રીતે જીવન ગાળવાથી જિંદગીની મુખ્ય નેમ જળવાય, સત્ત્વનો સમ્યક્ સ્ફૂર્તિ-લાભ મેળવી અજ્ઞાનના અંધકારની પેલી તરફ રહેલા જ્યોતિર્મય લોક તરફ જવાય, વગેરે વિષયોની પણ તેમણે વિસ્તારથી આલોચના કરી છે. જેમ એક હિંદુને એક હિંદુ તરીકે ઊંચે દરજ્જે પહોંચાડવાનો પોતે પ્રયાસ કરેલો, તેમ જ હિંદુ જાતિ તથા સમાજ તરીકે પણ હિંદુઓની ઉન્નતિ થાય તે માટે પોતે પગલાં ભરેલાં. ટૂંકમાં, ખેતી, વેપાર, સાહિત્ય, સંપત્તિ, દેહ, મન અને આત્મા વગેરે બાબતોમાં સર્વાંગે હિંદુઓની ઉન્નતિ તથા ઉદ્ધાર નિમિત્તે તેમણે પોતાની સર્વ શક્તિઓ અને સર્વ સાધનો વાપરી, પોતાના જીવનથી એક સુધારકની નેમ - તેનો આદર્શ શું હોઈ શકે તે બતાવી આપ્યું છે. ભરતખંડના કોઈ બીજા આચાર્યે, સુધારકે અથવા હિતૈષીએ દયાનંદની માફક સૂક્ષ્મ ભાવે, સમગ્ર ભાવે, સર્વાંગી ભાવે આપણી ઉન્નતિ માટે આટલો પ્રયત્ન કરેલો દેખાય છે ? ના, નહિ. અને તેથી જ હિંદુઓના આદર્શ સુધારક તરીકે દયાનંદને સ્વીકારવામાં કોઈ જાતનો અંતરાય આવતો નથી.

વર્તમાનકાળની વાત કરો યા ન કરો, સર્વને એ વાત કબૂલ હોય યા ન હોય, તો પણ  આગળ જતાં એવો સમય આવશે કે જ્યારે પૃથ્વી પરની સુધરેલી પ્રજાઓ પણ

---

૧. કલકત્તાની સ્મૉલ કોઝ કોર્ટના માજી જજ બાબુ કિશોરી મોહન ચટ્ટોપાધ્યાયે સ્વામીજીના સંબંધમાં આ લેખકને કહેલું કે, "અલ્હાબાદમાં એક પ્રતિષ્ઠિત ગૃહસ્થને ત્યાં સભા આયોજિત થઈ હતી, જેમાં મને પણ નિમંત્રણ મળેલું. સભા દયાનંદના ઉપલક્ષ્યમાં હતી. સભામાં સ્વામીજીએ ભારતીય શિલ્પની અધોગતિ સંબંધે ઘણી વાત કરી અને અંતે આક્ષેપ કરતી વખતે સ્વામીજીનું મોઢું એવું થઈ ગયેલું કે જાણે સ્વદેશી શિલ્પની આવી ખરાબ હાલતને લીધે તેમના મનમાં ઘણો ક્લેશ અને માર્મિક પીડા થતાં ન હોય !" - લેખક

આ મહાપુરુષને મનુષ્યને સાચો રસ્તો બતાવનાર તરીકે કબૂલ રાખશે. વળી એવો સમય પણ નિશ્ચય આવશે જ કે જ્યારે આ ઔદીચ્ય બ્રાહ્મણનાં ઉપદેશો તથા શિક્ષણ પ્રમાણે ચાલવાથી જ માનવજીવનની સાર્થકતા પ્રાપ્ત થશે એવું સૌ કબૂલ રાખશે.

## ઉપસંહાર

પરંતુ એમ થતાં ઘણાં વરસ વહી જશે, અને એ ભવિષ્યની વાત છે, તેમ જ આખી મનુષ્ય જાતિને લગતી છે. અને તેથી તે બાબતની વધારે ચર્ચા કરવાથી આપણને કાંઈ લાભ નથી. પરંતુ આપણે હાલમાં ઊઠી, જાગ્રત થઈ, ઊભા રહી, મનુષ્યની માફક આ મનુષ્ય લોકમાં વર્તવાનું છે. જુઓ, આજે પણ જગતના ઇતિહાસમાં હિંદુઓનું નામ લોપ થઈ ગયું નથી. લાખો વરસોના ઝંઝાવાત પછી પણ હિંદુઓએ પોતાનું હિંદુત્વ ગુમાવ્યું નથી. પઠાણના રાજ્યમાં હિંદુઓ પર જુલમ થતો, મોગલોના અધિકારમાં રહી હિંદુઓએ સેંકડો વરસો કાઢી નાખ્યાં, અને આજે હિંદુઓ અંગ્રેજના સામ્રાજ્યમાં જીવન ગાળે છે, છતાં હિંદુ હિંદુ જ છે.[૧] અંગ્રેજો જે જાતિમાં પ્રવેશ કરે છે, તે જાતિને ઊલટપાલટ કરી દે છે, તેમ જ તેમ કરવા પ્રયત્ન કરે છે. દાખલા તરીકે, અંગ્રેજો હોંગકોંગમાં જઈ ત્યાંના રહેવાસીઓ જોડે એટલા બધા મળી ભેળાઈ ગયા કે તેમણે એક નવી જાતિ ઉત્પન્ન કરી છે કે જેઓ ન હોંગકોંગવાસી કહેવાય છે કે ન તો અંગ્રેજ કહેવાય છે. એ જ રીતે નવા જીતાએલા બ્રહ્મદેશમાં જઈ ત્યાંના લોકો જોડે અંગ્રેજ એટલા બધા મળી ગયા કે તેમાંથી જે નવી જાત ઉત્પન્ન થઈ તેને ન બ્રહ્મવાસી કહેવાય કે ન અંગ્રેજ કહેવાય. પરંતુ આવી રીતનું મિશ્રણ ભરતખંડમાં હજુ પગપેસારો કરી શક્યું નથી. આપણા દેશમાં અંગ્રેજી રાજનો પાયો બહુ દૃઢ થઈ ગયો છે, પઠાણ અને મોગલોના રાજ કરતાં પણ તે વધારે મજબૂત થયો છે, અને પોતાને રુચતું શિક્ષણ આપવા તથા પોતાના સુધારા વગેરેની છાપ પાડવા નિશાળ અને કૉલેજોનાં દ્વાર તેમણે ખુલ્લાં મૂક્યાં છે. છતાં તેઓ હિંદુને અહિંદુ કરી શક્યા નથી. આજે પણ જુઓ

૧. આ પુસ્તક લખાયું ત્યારે દેશ બ્રિટિશ શાસનનો ગુલામ હતો. - સં.

કે હિંદુઓ વેદ-વિધિને માને છે, આજે પણ હિંદુઓ મનુ વગેરે મહાત્માઓના કહ્યા મુજબ વર્તે છે, આજે પણ ગંગાના બંને તટ પર સવારથી સાંજ સુધી હજારો હિંદુઓ સમજીને કે વગર સમજે, શ્રદ્ધા કે અશ્રદ્ધાથી એ જ અસલની સર્વાર્થ સાધનારી ગૌરવપૂર્ણ ગાયત્રીની આરાધના કરી પોતાને કૃતાર્થ થયેલા માને છે. છતાં કોણ કહે છે કે હિંદુઓનો વિનાશ સંભવિત છે ? કોણ કહે છે કે હિંદુ જાતિ સમૂળ ઊખડી જશે ?

રોગી હિંદુઓ ! તમે નિરાશ ન થાઓ. રસ્તો ભૂલેલા હિંદુઓ ! તમે વિશેષ અશ્રુપાત કરશો મા. વિકૃત હિંદુઓ ! હવે તમે વધારે આક્ષેપ કે શોક ન કરશો. કારણ જુઓ - હવે રાત્રીનો છેડો આવે છે. જુઓ ! અંધારાપૂર્ણ આકાશના પૂર્વ ભાગમાં આર્ષજ્ઞાનના અજવાળાની રેખા સંચારિત થતી જોવામાં આવે છે. જુઓ ! એ અજવાળાના સંચારથી હવે ભરતખંડમાં અહીં-તહીંની વસ્તુઓ નજરે પડવા માંડી છે, અને વળી એ પણ જુઓ કે એ અજવાળાની જોડે જોડે કાઠિયાવાડનો વતની એક બ્રાહ્મણ હાથમાં ધ્વજા લઈ આવતો નજરે પડે છે. માટે, હવે તમે ઊઠી ઊભા થાઓ, તે પુરાતન (અનાદિ - નિત્ય) પરબ્રહ્મનું નામ લો, અને એ જ અજવાળાની મદદથી રસ્તો શોધી કાઢી તમારા પોતાના વાસ તરફ ગમન કરો.

thearyasamaj.org



• • •

# સ્વમંતવ્યામંતવ્યપ્રકાશઃ

## મહર્ષિ દયાનંદ રચિત સત્યાર્થપ્રકાશનું અંતિમ પ્રકરણ

જેને સદાથી સર્વ લોકો માનતા આવ્યા છે, આજે પણ માને છે, અને આગળ પણ માનશે, તેનું નામ છે : 'સર્વતંત્ર સિદ્ધાંત' અર્થાત્ 'સામ્રાજ્ય ધર્મ'. એટલા માટે તેને 'નિત્ય ધર્મ' કહે છે, કે જેના વિરોધી કોઈ પણ ન હોઈ શકે. જો કોઈ અવિદ્યાયુક્ત મનુષ્ય અથવા કોઈ મત-સંપ્રદાયવાળાથી ભ્રમિત થયેલો મનુષ્ય જે અન્યથા (વિપરીત) જાણે છે કે માને છે, તેનો કોઈ પણ બુદ્ધિમાન મનુષ્ય સ્વીકાર કરતો નથી. પરંતુ જેને 'આપ્ત' અર્થાત્ સત્યમાની, સત્યવાદી, સત્યકારી, પરોપકારી, પક્ષપાતરહિત વિદ્વાનો માને છે, તે જ સર્વને માટે મંતવ્ય છે; અને જેને આવા આપ્ત લોકો નથી માનતા તે અમંતવ્ય હોવાથી પ્રમાણયોગ્ય હોતું નથી. હવે જે વેદાદિ સત્ય શાસ્ત્રો અને બ્રહ્માથી લઈ જૈમિનિ મુનિ સુધીનાઓએ માનેલા ઈશ્વર વગેરે પદાર્થો છે, જેને હું પણ માનું છું, તે સર્વ સજ્જન મહાશયોની સમક્ષ પ્રકાશિત કરું છું.

હું મારું મંતવ્ય તેને જ જાણું છું કે જે ત્રણેય કાળમાં સર્વને એક સરખું માનવા યોગ્ય છે. મારો કોઈ નવીન કલ્પના કે મતમતાંતર ચલાવવાનો લેશ માત્ર પણ અભિપ્રાય નથી. પરંતુ જે સત્ય છે તેને માનવું-મનાવવું અને જે અસત્ય છે તેને છોડવું-છોડાવવું એ જ મને અભીષ્ટ છે, એ જ મારો હેતુ છે. જો હું પક્ષપાત કરત તો આર્યાવર્તના પ્રચલિત મત-સંપ્રદાયોમાંથી કોઈ એક મતનો આગ્રહી હોત. પરંતુ આર્યાવર્તમાં કે અન્ય દેશોમાં જે-જે અધર્મયુક્ત ચાલચલણ છે તેનો સ્વીકાર, અને જે-જે ધર્મયુક્ત વાતો છે તેનો ત્યાગ કરતો નથી અને કરવા ચાહતો પણ નથી; કારણ કે એમ કરવું એ મનુષ્ય-ધર્મનું ઉલંઘ્ઘન છે.

'મનુષ્ય' તેને જ કહેવો કે જે મનનશીલ થઈને અન્યોનાં સુખ-દુઃખ અને હાનિ-લાભને સ્વ-આત્મવત્ સમજે; અન્યાયકારી ભલે બળવાન હોય પરંતુ તેનાથી જે ડરે નહિ અને ધર્માત્મા ભલે નિર્બળ હોય તો પણ જે તેનાથી ડરતો રહે. એટલું જ નહિ, બલ્કે પોતાના સર્વ સામર્થ્યથી ધર્માત્માઓની ભલે તેઓ અનાથ, નિર્બળ અને ગુણરહિત કેમ

ન હોય છતાં પણ તેઓનું રક્ષણ, ઉન્નતિ અને પ્રિય આચરણ કરવું; અને અધર્મી ચાહે ચક્રવર્તી, સનાથ, મહાબળવાન અને ગુણવાન પણ કેમ ન હોય, છતાં પણ તેમનો વિનાશ, અવનતિ અને અપ્રિય આચરણ સદા કર્યા કરે. એટલે કે જ્યાં સુધી બની શકે ત્યાં સુધી અન્યાયકારીઓના બળની હાનિ અને ન્યાયકારીઓના બળની ઉન્નતિ સર્વથા કર્યા કરે. આ કામમાં ભલે તેને ગમે તેટલું દારુણ દુઃખ પ્રાપ્ત થાય, ભલે પ્રાણ પણ ચાલ્યો જાય, પરંતુ આ મનુષ્યરૂપ ધર્મથી ક્યારેય પૃથક્ ન થવું.

આ વિશે શ્રીમાન્ મહારાજા ભર્તૃહરિજી વગેરેએ જે શ્લોકો કહ્યા છે તેને લખવા ઉપયુક્ત સમજીને લખું છું :

**निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्त लक्ष्मीः समाविशतु गच्छत वा यथेष्टम् ।**
**अद्यैव वा मरणमस्तु युगान्तरे वा न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥ १ ॥**

- ભર્તૃહરિ

**न जातु कामान्न भयान्न लोभाद् धर्मं त्यजेज्जीवितस्यापि हेतोः ।**
**धर्मो नित्यः सुखदुःखे त्वनित्ये जीवो नित्यो हेतुरस्य त्वनित्यः ॥ २ ॥**

- મહાભારત

**एक एव दुहृद्धर्मो निधनेऽप्यनुयाति यः ।**
**शरीरेण समं नाशं सर्वमन्यद्धि गच्छति ॥ ३ ॥**

- મનુસ્મૃતિ

**सत्यमेव जयते नानृतं सत्येन पन्था विततो देवयानः ।**
**येनाऽऽक्रमन्त्यृषयो ह्याप्तकामा यत्र तत्सत्यस्य परमं निधानम् ॥ ४ ॥**

-મુંડકોપનિષદ્

**नहि सत्यात्परो धर्मो नानृतात्पातकं परम् ।**
**नहि सत्यात्परं ज्ञानं तस्मात् सत्यं समाचरेत् ॥ ५ ॥**

-ઉપનિષદાદિ

આ જ મહાશયોના શ્લોકોના અભિપ્રાય અનુકૂળ સર્વેએ નિશ્ચય રાખવો યોગ્ય છે.

હવે હું જે-જે પદાર્થોને જેવા-જેવા માનું છું, તેનું-તેનું વર્ણન સંક્ષેપથી અહીં કરું છું, કે જેનું વિશેષ વ્યાખ્યાન આ (સત્યાર્થપ્રકાશ) ગ્રંથમાં તે-તે પ્રકરણમાં કરી દીધું છે. તેમાંથી -

૧. **ઈશ્વર :** પ્રથમ 'ઈશ્વર' કે જેનાં બ્રહ્મ, પરમાત્મા વગેરે નામ છે; જે સચ્ચિદાનંદ વગેરે લક્ષણયુક્ત છે; જેનાં ગુણ-કર્મ-સ્વભાવ પવિત્ર છે; જે સર્વજ્ઞ, નિરાકાર, સર્વવ્યાપક, અજન્મા, અનંત, સર્વશક્તિમાન, દયાળુ, ન્યાયકારી, સર્વ સૃષ્ટિનો કર્તા-ધર્તા-હર્તા અને સર્વ જીવોને કર્મ અનુસાર સત્ય ન્યાયથી ફળ આપનાર વગેરે લક્ષણયુક્ત છે, તેને જ 'પરમેશ્વર' માનું છું.

૨. **વેદ :** ચારે 'વેદ' (વિદ્યા-ધર્મ-યુક્ત ઈશ્વરપ્રણીત સંહિતા - મંત્ર ભાગ)ને નિર્ભ્રાંત સ્વતઃપ્રમાણ માનું છું. એ સ્વયં પ્રમાણરૂપ છે કે જેનાં પ્રમાણ હોવામાં કોઈ બીજા ગ્રંથની અપેક્ષા નથી. જેમ સૂર્ય કે પ્રદીપ પોતાના સ્વરૂપના સ્વતઃ પ્રકાશક હોય છે, તેમ જ ચારે વેદ છે. અને ચારે વેદોના બ્રાહ્મણ, છ અંગ, છ ઉપાંગ, ચાર ઉપવેદ, અને વેદોની ૧૧૨૭ શાખાઓ, કે જે વેદોના વ્યાખ્યાનરૂપ બ્રહ્મા વગેરે મહર્ષિઓના બનાવેલા ગ્રંથો છે, તેને પરતઃપ્રમાણ માનું છું, અર્થાત્ વેદ-અનુકૂળ હોવાથી પ્રમાણ અને એમાં જે વેદવિરુદ્ધ વચન છે, તેને અપ્રમાણ કરું છું.

૩. **ધર્મ-અધર્મ :** જે પક્ષપાત-રહિત, ન્યાય-આચરણ, સત્ય-ભાષણ વગેરે યુક્ત ઈશ્વર-આજ્ઞા - વેદોથી અવિરુદ્ધ છે, તેને 'ધર્મ' માનું છું; અને જે પક્ષપાત-રહિત, અન્યાય-આચરણ, મિથ્યા-ભાષણ વગેરે યુક્ત ઈશ્વર-આજ્ઞા-ભંગ - વેદ-વિરુદ્ધ છે, તેને 'અધર્મ' માનું છું.

૪. **જીવ :** જે ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ અને જ્ઞાન આદિ ગુણ યુક્ત અલ્પજ્ઞ નિત્ય છે, તેને 'જીવ' માનું છું.

૫. **જીવ અને ઈશ્વર :** જીવ અને ઈશ્વર સ્વરૂપ અને વૈધર્મ્યથી ભિન્ન છે, અને

વ્યાપ્ય-વ્યાપક અને સાધર્મ્યથી અભિન્ન છે. અર્થાત્ જેવી રીતે આકાશથી મૂર્તિમાન દ્રવ્ય કદી ભિન્ન ન હતું, ન છે, અને ન થશે; અને ન કદી એક હતા, ન છે, અને ન થશે; એ જ પ્રકારે પરમેશ્વર અને જીવને વ્યાપ્ય-વ્યાપક, ઉપાસ્ય-ઉપાસક અને પિતા-પુત્ર આદિ સંબંધયુક્ત માનું છું.

૬. **અનાદિ નિત્ય પદાર્થ :** ત્રણ પદાર્થો 'અનાદિ' છે - ઈશ્વર, જીવ અને પ્રકૃતિ અર્થાત્ જગતનું (ઉપાદાન) કારણ. એમને 'નિત્ય' પણ કહે છે. જે પદાર્થ નિત્ય હોય છે, તેનાં ગુણ-કર્મ-સ્વભાવ પણ નિત્ય હોય છે.

૭. **પ્રવાહથી અનાદિ :** જે દ્રવ્ય, ગુણ અને કર્મ સંયોગથી ઉત્પન્ન થાય છે, તે વિયોગ બાદ નથી રહેતાં. પરંતુ જેનાથી પ્રથમ સંયોગ થાય છે, તે સામર્થ્ય તેનામાં અનાદિ છે. અને તેનાથી ફરી સંયોગ તથા વિયોગ પણ થશે. એ ત્રણેને 'પ્રવાહથી અનાદિ' માનું છું.[૧]

૮. **સૃષ્ટિ :** જે પૃથક્ દ્રવ્યોનું જ્ઞાન-યુક્તિપૂર્વક મેળ થઈને અનેક રૂપ બનવું છે, તેને 'સૃષ્ટિ' કહે છે.

૯. **સૃષ્ટિનું પ્રયોજન :** સૃષ્ટિનું પ્રયોજન એ જ છે કે જેમાં ઈશ્વરના સૃષ્ટિ નિમિત્ત ગુણ-કર્મ-સ્વભાવનું સાફલ્ય થવું. જેમ કોઈએ કોઈને પૂછ્યું કે નેત્ર શા માટે છે ? તેણે કહ્યું કે, જોવા માટે. તેવી જ રીતે સૃષ્ટિ કરવાના ઈશ્વરના સામર્થ્યની સફળતા સૃષ્ટિ કરવામાં છે, અને જીવોનાં કર્મોનો યથાવત્ ભોગ કરાવવો આદિ પણ સૃષ્ટિનું પ્રયોજન છે.

૧૦. **સૃષ્ટિ સકર્તૃક :** સૃષ્ટિ સકર્તૃક છે. તેનો કર્તા પૂર્વોક્ત ઈશ્વર છે; કારણ કે સૃષ્ટિની રચના જોવાથી અને જડ પદાર્થોમાં આપોઆપ યથાયોગ્ય બીજ આદિ સ્વરૂપ બનવાનું સામર્થ્ય ન હોવાથી સૃષ્ટિનો કર્તા અવશ્ય છે.

---

૧. અહીં જે ત્રણેને 'પ્રવાહથી અનાદિ' કહ્યા છે, તે ત્રણમાં દ્રવ્ય, ગુણ અને કર્મની ગણના કરવામાં આવી છે. જે-જે દ્રવ્ય, ગુણ અને કર્મ ઉત્પન્ન થતાં રહે છે, તે નષ્ટ પણ થતાં રહે છે; કારણ કે તેના ઉત્પન્ન અને નષ્ટ થવાના પ્રવાહનો કોઈ આરંભ નથી. એટલા માટે એ ત્રણે (દ્રવ્ય, ગુણ અને કર્મ)ને 'પ્રવાહથી અનાદિ' કહેવામાં આવ્યા છે. - સ્વામી શ્રી વિવેકાનંદ પરિવ્રાજક

૧૧. **બંધ :** બંધ સનિમિત્તક અર્થાત્ અવિદ્યાના નિમિત્તથી છે. જે-જે પાપકર્મ, ઈશ્વરથી ભિન્નની ઉપાસના, અજ્ઞાન આદિ સર્વ દુઃખ ફળ આપનારાં છે, એ એટલા માટે 'બંધ' છે, કે જેની ઈચ્છા ન હોવા છતાંય ભોગવવાં પડે છે.

૧૨. **મુક્તિ :** સર્વ દુઃખોથી છૂટીને બંધ-રહિત સર્વવ્યાપક ઈશ્વર અને તેની સૃષ્ટિમાં સ્વેચ્છાપૂર્વક વિચરવું એ 'મુક્તિ' છે. નિયત સમય પર્યંત મુક્તિનો આનંદ ભોગવીને જીવ સંસારમાં પુનઃ આવે છે.

૧૩. **મુક્તિનાં સાધન :** ઈશ્વર-ઉપાસના અર્થાત્ યોગાભ્યાસ, ધર્માનુષ્ઠાન, બ્રહ્મચર્યથી વિદ્યાપ્રાપ્તિ, આપ્ત વિદ્વાનોનો સંગ, સત્ય વિદ્યા, સુવિચાર અને પુરુષાર્થ આદિ મુક્તિનાં સાધન છે.

૧૪. **અર્થ-અનર્થ :** જે ધર્મથી જ પ્રાપ્ત કરવામાં આવે છે, તેને 'અર્થ' કહે છે; અને જે અધર્મથી સિદ્ધ થાય છે, તેને 'અનર્થ' કહે છે.

૧૫. **કામ :** જેની પ્રાપ્તિ ધર્મ અને અર્થથી કરવામાં આવે છે, તેને 'કામ' કહે છે.

૧૬. **વર્ણાશ્રમ :** વર્ણાશ્રમ ગુણ-કર્મોની યોગ્યતાથી માનું છું.

૧૭. **રાજા :** જે શુભ ગુણ-કર્મ-સ્વભાવથી પ્રકાશમાન, પક્ષપાત-રહિત, ન્યાયધર્મનું સેવન કરનાર, પ્રજાઓમાં પિતૃવત્ વર્તે અને તેમને પુત્રવત્ માની તેમની ઉન્નતિ અને સુખ વધારવામાં સદા યત્ન કર્યા કરે, તેને 'રાજા' કહે છે.

૧૮. **પ્રજા :** જે પવિત્ર ગુણ-કર્મ-સ્વભાવ ધારણ કરી, પક્ષપાત રહિત ન્યાયધર્મના સેવનથી, રાજા અને પ્રજાની ઉન્નતિ ચાહી, રાજવિદ્રોહ રહિત, રાજા સાથે પુત્રવત્ વર્તે, તેને 'પ્રજા' કહે છે

૧૯. **ન્યાયકારી :** જે સદા વિચાર કરી અસત્ય છોડી સત્યને ગ્રહણ કરે, અન્યાયકારીઓને હઠાવે અને ન્યાયકારીઓને વધારે, સ્વ-આત્મા સમાન સર્વનું સુખ ઈચ્છે, તે 'ન્યાયકારી' છે. તેને હું પણ ઠીક માનું છું.

૨૦. **દેવ-અસુર-રાક્ષસ-પિશાચ :** વિદ્વાનોને 'દેવ', અવિદ્વાનોને 'અસુર', પાપીઓને 'રાક્ષસ' અને અનાચારીઓને 'પિશાચ' માનું છું.

૨૧. **દેવપૂજા-અદેવપૂજા :** તે જ વિદ્વાનો, માતા-પિતા, આચાર્ય, અતિથિ, ન્યાયકારી રાજા અને ધર્માત્મા જન, પતિવ્રતા સ્ત્રી અને સ્ત્રીવ્રત પતિનો સત્કાર કરવો એ 'દેવપૂજા' કહેવાય છે, અને એમની મૂર્તિઓને પૂજ્ય માનું છું. જ્યારે એનાથી વિપરીતને 'અદેવપૂજા', અને ઇતર પાષાણ વગેરે જડ મૂર્તિઓને સર્વથા અપૂજ્ય સમજું છું.

૨૨. **શિક્ષા :** જેનાથી વિદ્યા, સભ્યતા, ધાર્મિકતા, જિતેન્દ્રિયતા આદિની વૃદ્ધિ થાય અને અવિદ્યા આદિ દોષ છૂટે તેને 'શિક્ષા' કહે છે.

૨૩. **પુરાણ :** જે બ્રહ્મા આદિના બનાવેલા ઐતરેય આદિ બ્રાહ્મણ ગ્રંથો છે, તે જ ગ્રંથોને 'પુરાણ', 'ઇતિહાસ', 'કલ્પ', 'ગાથા' અને 'નારાશંસી' નામથી માનું છું; અન્ય ભાગવત આદિને નહિ.

૨૪. **તીર્થ :** જેનાથી દુઃખસાગરને પાર ઉતરાય કે જે સત્યભાષણ, વિદ્યા, સત્સંગ, યમાદિ યોગાભ્યાસ, પુરુષાર્થ, વિદ્યાદાન આદિ શુભ કર્મ છે, તેને 'તીર્થ' સમજું છું; ઇતર જળ-સ્થળ આદિને નહિ.

૨૫. **પુરુષાર્થ પ્રારબ્ધથી શ્રેષ્ઠ :** પુરુષાર્થ પ્રારબ્ધથી એટલા માટે શ્રેષ્ઠ છે કે પુરુષાર્થથી સંચિત પ્રારબ્ધ બને છે. જેના સુધરવાથી સર્વ સુધરે અને જેના બગડવાથી સર્વ બગડે છે. આથી પ્રારબ્ધ કરતાં પુરુષાર્થ શ્રેષ્ઠ છે.

૨૬. **શ્રેષ્ઠ-ખરાબ મનુષ્ય :** મનુષ્યનું સર્વ સાથે યથાયોગ્ય સ્વાત્મવત્ સુખ-દુઃખ અને હાનિ-લાભમાં વર્તવું શ્રેષ્ઠ અને અન્યથા વર્તવું બૂરું સમજું છું.

૨૭. **સંસ્કાર :** જેનાથી શરીર, મન અને આત્મા ઉત્તમ બને તેને 'સંસ્કાર' કહે છે. તે નિષેક આદિ સોળ પ્રકારના છે. તેને હું કર્તવ્ય સમજું છું. અને દહન પછી મૃતક માટે કંઈ પણ ન કરવું જોઈએ.

૨૮. **યજ્ઞ :** જેમાં વિદ્વાનોનો સત્કાર કરવામાં આવતો હોય, જેમાં યથાયોગ્ય શિલ્પ અર્થાત્ રસાયણ કે જે પદાર્થ વિદ્યા છે, તેનો ઉપયોગ થતો હોય તે અને જે વિદ્યા આદિ શુભ ગુણોનું દાન તથા અગ્નિહોત્ર આદિ કે જેનાથી વાયુ, વૃષ્ટિ,

hearyasamaj.org

જળ, ઔષધિને પવિત્ર કરી સર્વ જીવોને સુખ પહોંચાડવું છે, તેને 'યજ્ઞ' કહે છે. હું યજ્ઞને ઉત્તમ સમજું છું.

૨૯. **આર્ય-દસ્યુ :** શ્રેષ્ઠ મનુષ્યોને 'આર્ય' અને દુષ્ટ મનુષ્યોને 'દસ્યુ' કહેવામાં આવે છે. હું પણ તેમ જ માનું છું.

૩૦. **આર્યાવર્ત :** આ ભૂમિનું નામ 'આર્યાવર્ત' દેશ એટલા માટે છે કે તેમાં આદિ સૃષ્ટિથી આર્ય લોકો નિવાસ કરે છે. પરંતુ તેની અવધિ ઉત્તરમાં હિમાલય, દક્ષિણમાં વિંધ્યાચળ, પશ્ચિમમાં અટક અને પૂર્વમાં બ્રહ્મપુત્રા નદી છે. એ ચારેયના મધ્યમાં જેટલો દેશ છે, તેને 'આર્યાવર્ત' કહે છે; અને એમાં જે લોકો સદાથી રહે છે તેમને પણ 'આર્ય' કહે છે.

૩૧. **આચાર્ય :** જે સાંગોપાંગ વેદ-વિદ્યાઓના અધ્યાપક છે, જે સત્યાચારનું ગ્રહણ અને મિથ્યાચારનો ત્યાગ કરાવે છે, તે 'આચાર્ય' કહેવાય છે.

૩૨. **શિષ્ય :** જે સત્ય શિક્ષા અને વિદ્યા ગ્રહણ કરવા યોગ્ય, ધર્માત્મા, વિદ્યા-ગ્રહણની ઈચ્છાયુક્ત અને આચાર્યનું પ્રિય કરનારો હોય, તેને 'શિષ્ય' કહે છે.

૩૩. **ગુરુ :** માતા, પિતા અને જે સત્યનું ગ્રહણ કરાવે અને અસત્યને છોડાવે તે પણ 'ગુરુ' કહેવાય છે.

૩૪. **પુરોહિત :** જે યજમાનના હિતકારી સત્યોપદેષ્ટા હોય તેને 'પુરોહિત' કહે છે.

૩૫. **ઉપાધ્યાય :** જે વેદોનો એક દેશ અથવા અંગોને ભણાવતો હોય તેને 'ઉપાધ્યાય' કહે છે.

૩૬. **શિષ્ટાચાર :** જે ધર્માચરણપૂર્વક બ્રહ્મચર્યથી વિદ્યા ગ્રહણ કરી પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી સત્યાસત્યનો નિર્ણય કરી, સત્યનું ગ્રહણ અને અસત્યનો પરિત્યાગ કરવો છે, એ જ 'શિષ્ટાચાર' કહેવાય છે, અને જે વ્યક્તિ એ કરે છે તે 'શિષ્ટ' કહેવાય છે.

૩૭. **પ્રમાણ :** પ્રત્યક્ષ આદિ આઠ પ્રમાણને પણ માનું છું.

૩૮. **આપ્ત :** જે યથાર્થ વક્તા, ધર્માત્મા, સર્વના સુખાર્થે પ્રયત્ન કરે છે, તેને જ

thearyasamaj.org

'આપ્ત' કહું છું.

૩૯. **પરીક્ષા :** પરીક્ષા પાંચ પ્રકારની છે : (૧) ઈશ્વર - તેનાં ગુણ, કર્મ અને સ્વભાવ અને વેદવિદ્યા (૨) પ્રત્યક્ષ આદિ આઠ પ્રમાણ (૩) સૃષ્ટિક્રમ (૪) આપ્તોનો વ્યવહાર અને (૫) પોતાના આત્માની પવિત્રતા - વિદ્યા. આ પાંચ પરીક્ષાઓથી સત્ય-અસત્યનો નિર્ણય કરી સત્યનું ગ્રહણ અને અસત્યનો પરિત્યાગ કરવો જોઈએ.

૪૦. **પરોપકાર :** જેથી સર્વ મનુષ્યોના દુરાચાર - દુઃખ છૂટી, શ્રેષ્ઠાચાર અને સુખ વધે તે કરવાને 'પરોપકાર' કહું છું.

૪૧. **સ્વતંત્ર-પરતંત્ર :** જીવ પોતાનાં કાર્યોમાં સ્વતંત્ર અને કર્મફળ ભોગવવામાં ઈશ્વરની વ્યવસ્થાથી પરતંત્ર છે. એ જ રીતે ઈશ્વર પણ પોતાનાં સત્યાચાર વગેરે કામ કરવામાં સ્વતંત્ર છે.

૪૨. **સ્વર્ગ :** સુખવિશેષ ભોગ અને તેની સામગ્રીની પ્રાપ્તિનું નામ 'સ્વર્ગ' છે.

૪૩. **નરક :** જે દુઃખવિશેષ ભોગ અને તેની સામગ્રીને પ્રાપ્ત થવું છે તેને 'નરક' કહે છે.

૪૪. **જન્મ :** જે શરીર ધારણ કરી પ્રગટ થવું છે તેને 'જન્મ' કહે છે; તે પૂર્વ, પર અને મધ્ય ભેદથી ત્રણે પ્રકારના માનું છું.

૪૫. **જન્મ-મૃત્યુ :** શરીરના સંયોગનું નામ 'જન્મ' અને વિયોગ માત્રને 'મૃત્યુ' કહે છે.

૪૬. **વિવાહ :** જે નિયમપૂર્વક પ્રસિદ્ધિથી પોતાની ઇચ્છાથી પાણિગ્રહણ કરવું તે 'વિવાહ' કહેવાય છે.

૪૭. **નિયોગ :** વિવાહ પછી પતિના મૃત્યુ પામવા વગેરે વિયોગમાં અથવા નપુંસકત્વ વગેરે સ્થિર રોગોમાં સ્ત્રી કે પુરુષ દ્વારા આપત્કાળમાં સ્વ-વર્ણ કે પોતાનાથી ઉત્તમ વર્ણસ્થ સ્ત્રી કે પુરુષ સાથે સંતાનોત્પત્તિ કરવી એ 'નિયોગ' કહેવાય છે.

૪૮. **સ્તુતિ :** ગુણોનું કીર્તન, શ્રવણ અને જ્ઞાન થવું એ 'સ્તુતિ' કહેવાય છે. સ્તુતિનું ફળ પ્રીતિ વગેરેનું ઉત્પન્ન થવું છે.

૪૯. **પ્રાર્થના** : પોતાના સામર્થ્ય ઉપરાંત ઈશ્વરના સંબંધથી જે વિજ્ઞાન વગેરે પ્રાપ્ત થાય છે, તેને માટે ઈશ્વર પાસે યાચના કરવી એ 'પ્રાર્થના' કહેવાય છે. તેનું

ફળ નિરભિમાન આદિ છે.

૫૦. **ઉપાસના** : જેવાં ઈશ્વરનાં ગુણ-કર્મ-સ્વભાવ પવિત્ર છે તેવાં પોતાનાં કરવાં, ઈશ્વરને સર્વવ્યાપક અને પોતાને વ્યાપ્ત જાણી, ઈશ્વર સમીપ હું અને મારા સમીપ ઈશ્વર છે એવો નિશ્ચય યોગાભ્યાસથી સાક્ષાત્ કરવો એ 'ઉપાસના' કહેવાય છે. તેનું ફળ જ્ઞાનની ઉન્નતિ વગેરે છે.

૫૧. **સગુણ-નિર્ગુણ સ્તુતિ-પ્રાર્થના-ઉપાસના :** જે-જે ગુણ પરમેશ્વરમાં છે તેનાથી યુક્ત અને જે-જે ગુણ પરમેશ્વરમાં નથી તેનાથી પૃથક્ માની પ્રશંસા કરવી 'સગુણ-નિર્ગુણ-સ્તુતિ' કહેવાય છે. શુભ ગુણોના ગ્રહણની ઈચ્છા અને દોષ છોડાવવા માટે પરમાત્માની સહાય ચાહવી 'સગુણ-નિર્ગુણ-પ્રાર્થના' કહેવાય છે. અને પરમાત્માને સર્વ ગુણો સહિત અને સર્વ દોષોથી રહિત માની પોતાના આત્માને તે પરમાત્માને અને તેની આજ્ઞાને અર્પણ કરી દેવો 'સગુણ-નિર્ગુણ-ઉપાસના' કહેવાય છે.

અહીં મેં મારા સિદ્ધાંતો ટૂંકમાં દર્શાવી દીધા છે. તેની વિશેષ વ્યાખ્યા આ જ 'સત્યાર્થપ્રકાશ'નાં પ્રકરણ-પ્રકરણમાં છે, તથા 'ઋગ્વેદાદિભાષ્યભૂમિકા' વગેરે ગ્રંથોમાં પણ દર્શાવી છે. અર્થાત્ જે-જે વાતો સર્વની સામે માનનીય છે તેને હું માનું છું. અર્થાત્ જેમ સત્ય બોલવું સર્વની સામે સારું અને મિથ્યા બોલવું ખરાબ છે, એવા સિદ્ધાંતોનો સ્વીકાર કરું છું. અને આ જે મત-મતાંતરના પરસ્પર ઝઘડા છે, તેને હું પસંદ કરતો નથી; કારણ કે આ જ મત-પંથવાળાઓએ પોતપોતાના મતોનો પ્રચાર કરી, મનુષ્યોને ફસાવી, એકબીજાના શત્રુ બનાવી દીધા છે. આ વાત દૂર કરી, સર્વ સત્યનો પ્રચાર કરી, સર્વને એક મતના કરી, દ્વેષ છોડાવી, પરસ્પરમાં દઢ પ્રીતિયુક્ત કરાવી, સર્વથી સર્વને સુખ-લાભ પહોંચાડવા માટે મારો પ્રયત્ન અને અભિપ્રાય છે. સર્વશક્તિમાન પરમાત્માની કૃપા, સહાય અને આપ્તજનોની સહાનુભૂતિથી આ સિદ્ધાંત સર્વત્ર ભૂગોળમાં શીઘ્ર પ્રવૃત્ત થઈ જાય, કે જેથી સર્વ લોકો સહજ રીતે ધર્મ-અર્થ-કામ-મોક્ષની સિદ્ધિ કરી સદા ઉન્નત અને આનંદિત થતા રહે - એ જ મારું મુખ્ય પ્રયોજન છે.

• • •

thearyasamaj.org

# ● મહર્ષિ દયાનંદ ●

કોઈ પ્રભુ-ભક્ત તો છે, પરંતુ વિદ્વાન નથી.
કોઈ વિદ્વાન તો છે, પરંતુ યોગી નથી.
કોઈ યોગી તો છે, પરંતુ સુધારક નથી.
કોઈ સુધારક તો છે, પરંતુ બહાદુર નથી.
કોઈ બહાદુર તો છે, પરંતુ બ્રહ્મચારી નથી.
કોઈ બ્રહ્મચારી તો છે, પરંતુ વક્તા નથી.
કોઈ વક્તા તો છે, પરંતુ લેખક નથી.
કોઈ લેખક તો છે, પરંતુ સદાચારી નથી.
કોઈ સદાચારી તો છે, પરંતુ પરોપકારી નથી.
કોઈ પરોપકારી તો છે, પરંતુ કર્મઠ નથી.
કોઈ કર્મઠ તો છે, પરંતુ ત્યાગી નથી.
કોઈ ત્યાગી તો છે, પરંતુ દેશભક્ત નથી.
કોઈ દેશભક્ત તો છે, પરંતુ વેદભક્ત નથી.
કોઈ વેદભક્ત તો છે, પરંતુ ઉદાર નથી.
કોઈ ઉદાર તો છે, પરંતુ શુદ્ધાહારી નથી.
કોઈ શુદ્ધાહારી તો છે, પરંતુ યોદ્ધો નથી.
કોઈ યોદ્ધો તો છે, પરંતુ સરળ નથી.
કોઈ સરળ તો છે, પરંતુ સુંદર નથી.
કોઈ સુંદર તો છે, પરંતુ બળવાન નથી.
કોઈ બળવાન તો છે, પરંતુ દયાળુ નથી.
કોઈ દયાળુ તો છે, પરંતુ સંયમી નથી.

પરંતુ જો આપ ઉક્ત તમામ ગુણો કોઈ એક જ સ્થાને – કોઈ એક જ વ્યક્તિમાં જોવા ઇચ્છતા હો, તો આપ મહર્ષિ દયાનંદને જુઓ – નિષ્પક્ષ ભાવે જુઓ.

**– ઇતિહાસાચાર્ય શ્રી નિરંજનદેવ કેસરી**

(સંદર્ભ ગ્રંથ : 'મહર્ષિ દયાનંદ - કાલ ઔર કૃતિત્વ', લે. પ્રા. ડૉ. કુશલદેવ શાસ્ત્રી, પાન ૪૨૩)

• • •

thearyasamaj.org

# મેં સ્વામી દયાનંદનાં દર્શન ભરૂચમાં કર્યાં હતાં

- કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી



૧૮૬૮-૧૯૫૭. સાક્ષરવર્ય દીવાન બહાદુર શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીનો જન્મ ભરૂચમાં થયો હતો, પરંતુ તેમણે ભાવનગરમાં અભ્યાસ કર્યો હતો. તેમની એક સફળ વકીલ અને ન્યાયાધીશ તરીકેની સેવાઓથી પ્રભાવિત થઈ બ્રિટિશ સરકારે તેમને 'દીવાન બહાદુર'ની પદવી આપી હતી. તેઓ લગભગ ચાળીસ જેટલી સંસ્થાઓ, ટ્રસ્ટો તથા યુનિવર્સિટીઓ સાથે સંબંધ ધરાવતા હતા. શિક્ષણ પ્રત્યે પ્રેમ હોવાથી તેમણે પોતાની સંપત્તિનો બે તૃતીયાંશ ભાગ દાનમાં આપી પોતાની જન્મભૂમિ ભરૂચમાં 'શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી પોલિટેકનિક'ની સ્થાપના કરી હતી. તેમણે ડિસેમ્બર ૧૮૭૪માં ભરૂચમાં પોતાની નાની ઉંમરે સ્વામી દયાનંદ સરસ્વતીનાં દર્શન કર્યાં હતાં. તેઓ આર્યસમાજનાં સાર્વજનિક કાર્યોની હંમેશાં મુક્ત કંઠે પ્રશંસા કરતા હતા. આર્યસમાજની કાલબાદેવી (મુંબઈ) શાખાનું ઉદ્‌ઘાટન ૪ સપ્ટેંબર ૧૯૩૨ના રોજ તેમના જ વરદ હસ્તે થયું હતું. પોતાના અધ્યક્ષીય ભાષણમાં તેમણે સ્વામી દયાનંદ વિષયક સંસ્મરણોનું વર્ણન કરતાં કહ્યું હતું -

"સ્વામી દયાનંદજી જ્યારે ભરૂચ પધાર્યા હતા ત્યારે હું વિદ્યાર્થી હતો. પરંતુ મને યાદ છે કે સ્વામીજીની નિયમિતતા અદ્‌ભુત હતી. તેમણે ભરૂચના રસ્તાઓ અને મંદિરોમાં વ્યાખ્યાનો આપવાનો નિશ્ચય કર્યો હતો. આથી શહેરમાં ભારે વિરોધ જાગ્યો હતો. પરંતુ સ્વામીજી પોતાના કાર્યમાં દૃઢ રહ્યા અને તેમનાં વક્તવ્યો પણ સફળ રહ્યાં. બાદમાં (૧૮૯૨માં) ભરૂચમાં આર્યસમાજની સ્થાપના થઈ હતી."

(સંદર્ભ ગ્રંથઃ 'આર્યસમાજ કાકડવાડી સ્મૃતિગ્રંથ', સ્થાપના શતાબ્દી : ૧૮૭૫-૧૯૭૫, પાન : ६४)

પ્રકાશક : આર્યસમાજ - ભરૂચ